આહ્વાન

વર્ષ ૧ અંક ૧

ગુજરાતી સાહિત્ય અકાદમી

દશાબ્દી મહોત્સવ

વિશેષાંક

૧૫-૧૬-૧૭ ઓગસ્ટ ૧૯૮૬.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

With Best Compliments

50-56 CRICKLEWOOD BROADWAY
LONDON NW2 3EX
Tel: 01-450 2345
01-209 0977/9
01-458 5968

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ગુજરાતી સાહિત્ય અકાદમી GUJARATI LITERARY ACADEMY

FINANCIALLY

ASSISTED

BY

આર્થિક સહકાર

માટે

હાર્દિક આભાર

Greater London Arts Association
25/31 Tavistock Place London WC1H 9SF
01-388 2211

સભ્યોને વિનામૂલ્યે

અન્યથા

કિમત £ ૩.૦૦

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી સાહિત્ય અકાદમીને શુભકામનાઓ

NEW LIFE

NEW LIFE is the one and only English language weekly newspaper exclusively for all the Asian communities in the UK.
We don't only want to write about our Asian community - We want you to speak through us.
And of course NEW LIFE offers a wide range of reading every week: News of the UK and the Indian subcontinent; community affairs; readers' letters and views; women's issues; a short story with a bite in it; a dialogue with the white community; and, of course, a platform to air our grievances and raise our voices for justice to be done to our communities.
Subscribe to NEW LIFE and you can help build a strong and united Asian community.

આજીવન યોજના

ગુજરાત સમાચાર માટે £૧૫૦, ન્યુ લાઇફ માટે £૧૨૦ અથવા બંનેના સાથે £૨૫૦ ભરી આજીવન સભ્ય બનવાની સોનેરી તક. દર વર્ષે લવાજમ ભરવાની કડાકુટમાંથી મુક્તિ અને આર્થિક રીતે આકર્ષક યોજના. ત્રણ વર્ષ બાદ ચાહો તો મૂળ રકમ આપ પાછી મેળવી આજીવન સભ્યપદ બંધ કરાવી શકો છો. બ્રિટનના બે અનોખા પ્રકાશનોનું આજીવન સભ્યપદ નોંધાવી સંસ્કારોને જગતા રાખો.
શિષ્ટ વાંચન વિના સંસ્કાર સિંચન અધૂરાં રહે છે.
દરેક જાગૃત અને સંસ્કારપ્રેમી કુટુંબના ઘરમાં "ગુજરાત સમાચાર" તથા "New Life" દર સમાહે આવવા જ જોઇએ.
સત્વરે લવાજમ ભરી આપનાં સામાહિકો મેળવવાની ચોકસાઇ કરો. રોજના ચાર પેન્સ વધુ લાગે છે?

ન્યુ લાઇફ

અમારું અંગ્રેજી પ્રકાશન સામાહિક 'ન્યુ લાઇફ' આપણી નવી પેઢીનું માનીતું પત્ર છે. નરૂણ એશિયનોની આશા અને આકાંક્ષાનો તેમાં પડઘો પડે છે અને માર્ગદર્શન પણ મળે છે. આપણી એકતાને પ્રબળ બનાવવા ન્યુ લાઇફ વાંચો જ વાંચો. ગુજરાત સમાચારનું એ ભાષાંતર નથી.
'ન્યુ લાઇફ' એ એક અલગ અને અદકુ સામાહિક છે.

ગુજરાત સમાચાર

બ્રિટનનું ટેબલોઇડ સાઇઝનું એક માત્ર ગુજરાતી સામાહિક વર્તમાન પત્ર એટલે ગુજરાત સમાચાર,
ભારત, બ્રિટન તથા વિશ્વભરના ભરપુર સમાચારો અને મંતવ્યો ગુજરાતી પ્રજાને તેમાં વાંચવા મળે છે. એ એક જ એવું પત્ર છે જેમાં તમારી વેદનાને વાચા મળે છે અને તમારા વિજયનો ડંકો વાગે છે. એ તમારો કોમી અવાજ છે.

For all the latest happenings in Britain's Gujarati community
Subscribe now to

NEW LIFE

8/16 Coronet Street, London N1 6HD
subscription rates

United Kingdom	£14 per annum
Europe	£25 per annum
Other countries incl. India	£30 per annum

Please sign your cheque in favour of 'New Life' and send it with your name and address on the coupon below.

Name .....
Address .....
.....**Post Code** .....

For all the news and views of Britain's Asian community
Subscribe now to

ગુજરાત સમાચાર
GUJARAT SAMACHAR

8/16 Coronet Street, London N1 6HD
subscription rates

United Kingdom	£15 per annum
Europe	£27 per annum
Other countries incl. India	£35 per annum

Please sign your cheque in favour of 'New Life' and send it with your name and address on the coupon below.

Name .....
Address .....
.....**Post Code** .....

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

Charity in Education
No: 294307

આહ્વાન

દશાબ્દી અંક

'Aahvaan'

Decennial Edition

Price: £3.00

©

સંપાદક-પ્રકાશક :
વિપુલ કલ્યાણી
મહામંત્રી
ગુજરાતી સાહિત્ય અકાદમી
સરનામું :
2 Beechcroft Gardens
WEMBLEY
Middx.
HA9 8EP
(U.K.)
Tel. 01-908 6673

મુદ્રક :
સોમિયા પ્રેસ
116 Bruin Street
LEICESTER
LE4 5AY
Tel: 0533-663097

ગુજરાતી સાહિત્ય અકાદમી

"યોગ : કર્મસુ કૌશલમ્"

ગુજરાતીઓના સદ્‌ગુણોના પ્રતીક

અકાદમીનું આભાર દર્શન

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના આ દશાબ્દીના મહોત્સવ ટાંકણે 'આહ્વાન' નો આ પહેલો અંક પ્રકાશિત કરતા અમે આનંદ, ગૌરવ અને સંતોષ અનુભવીએ છીએ. આરંભના દશ વર્ષનું દસ્તાવેજી મૂલ્ય આ અંકને પાને પાને ઝરતું દેખાશે. અહીંના સમાજજીવનનું આગવું, ભાતીગળ અને તેજોમય પાસું એમાંથી ઊપસે છે. ભાષા–સાહિત્યને લાગે વળગે છે ત્યાં સુધી આ વિશેષાંકનું તળ તેમજ બૃહદ્ ગુજરાતમાં ભારે મોટું ઐતિહાસિક મૂલ્ય બની રહેવાનું.

વર્ષોથી કાયમી સરનામા વગરની એક સંસ્થા પોતાની અનેકવિધ કળા અને સંસ્કાર, પ્રવૃત્તિઓનું સાતત્ય અને ધોરણો જાળવી શકે તે સ્વયં એક ઐતિહાસિક ઘટના ગણાય. ગુજરાતી ભાષા–સાહિત્ય–સંસ્કાર–સંસ્કૃતિ–અસ્મિતાનો ઝંડો ગૌરવભેર ફરકાવતો રાખવા માટે જ્યાં જ્યાં ગુજરાતી વસે ત્યાં અકાદમીનું નામ માનમરતબાથી લેવાય છે.

બ્રિટનના ગુજરાતીઓના સદ્‌ગુણોનું પ્રતીક એટલે 'ગુજરાતી સાહિત્ય અકાદમી.' અકાદમીનું ફલક વિસ્તરતું જાય છે. ફક્ત પોતીકી તાકાત પર અને મર્યાદામાં રહીને વેંતમાંથી બનેલી અકાદમીએ પોતાનું કાઠું કાઢીને અનેરી પ્રતિભા–પ્રતિમા ઊપસાવી છે. પરિણામે અહીં–તહીં અપેક્ષા ઊભી કરી છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

'નૂર' ભાઇએ પોતાના સંદેશામાં કહ્યું છે તેમ ભાષાના દીવાની વાટને ઊંચી રાખવા અને સાહિત્યના દરવાજા ખુલ્લા રાખવાના કામમાં અવિરતપણે અકાદમીએ લાગી જવું જોઇશે. આવું કરીને જ સિંહ-પગ બનાવી શકીશું. આ અપેક્ષાને ચરિતાર્થ કરતાં કરતાં લોક ગુજરાતનું એવું આંદોલન જગાવવું પડશે કે જેથી તળ ગુજરાતમાં બૃહદ ગુજરાતના ગુજરાતી આલમ માટે ય સક્રિય પણે કામના મંડાણ થાય. આ સાટે પાકિસ્તાન, દક્ષિણ આફ્રિકા, ઉત્તર અમેરિકાના સાથ-સહકારમાં અહીં પણ ધાહોમ કરીને ઝંપલાવવું જ રહ્યું.

આ દશાબ્દી મહોત્સવના સોપાનરૂપે અહીંના ગુજરાતી સાહિત્યના કાવ્ય અને વાર્તા સ્વરૂપોને અનુલક્ષીને સંચયો પ્રસિધ્ધ કરવાનું અકાદમીએ નક્કી કર્યું છે. આ બંને સંચયો આગામી મહિનાઓમાં પ્રકાશિત કરવામાં આવશે આ આનંદજનક કામગીરી કાવ્ય રસિક અને વાર્તા રસિક વર્ગને રુચશે એની અમને શ્રદ્ધા છે.

દરમિયાન, આ દશ વર્ષમાં અકાદમીને આરંભથી ફૂંફ આપનાર સૌને આ તકે અમે સ્મરી લઇ, એમનું અભિવાદન કરીએ છીએ. 'ગુજરાતી સાહિત્ય મંડળ'ના સમયથી 'ગુજરાત સમાચાર' સામયિકનો ફાળો ફૂંફકારી રહયો હતો એની નોંધ લઇએ છીએ. અકાદમીના હિસાબ કિતાબ નખશીખ ચોખ્ખા રહે એવા અમારા આગ્રહને અનુરૂપ 'હિસાબનીસ તરીકે માનદ સેવા આપવા માટે શ્રી મહેન્દ્ર નાગડાને યાદ કરીએ છીએ. બંધારણ ચેરિટી સહિતની અન્ય કાનૂની સલાહ માટે શ્રી ગુલાબ મિસ્ત્રીની માનદ સેવાની નોંધ લઇએ છીએ. અકાદમી ચિહ્ન ઉપરાંત પાઠય પુસ્તકોના મુખ પૃષ્ઠની સજાવટ કરી આપનાર યુરોપના જાણીતા ગુજરાતી કલાકાર શ્રી પ્રફુલ્લ દવેનો સહૃદય આભાર માનીએ છીએ. અમારી અનેકવિધ પ્રવૃત્તિને ફૂંફ આપનાર ડો. રઘુવીર ચૌધરી તથા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના અમે ખાસ ઋણી છીએ. પાઠય પુસ્તકો તૈયાર કરવા માટે શ્રી પોપટલાલ જરીવાળાની આગેવાની હેઠળ ભાષા શિક્ષણ પેટા સમિતિ તથા ડો. જગદીશ દવેના ઐતિહાસિક કામની ગૌરવભેર કદર કરીએ છીએ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આ દશાબ્દી વિશેષાંકના પ્રકાશનમાં તથા મહોત્સવની તૈયારીમાં યોગદાન આપનાર સમગ્ર સ્વયંસેવકો, અન્ય સહાયકો અને શુભેચ્છકોનો તથા બધાં જાહેરબબર દાતાઓનો અમે સહૃદય આભાર માનીએ છીએ. મહોત્સવની ઊજવણી માટે 'ગ્રેટર લંડન આર્ટ્સ' તરફથી નોંધપાત્ર એવી આર્થિક સહાય પણ સાંપડી છે. આ અંકના મુદ્રણ-કાર્યની સુવિધા કરી આપવા માટે 'સોમિયા પ્રેસ'ના સંચાલકો — સુશ્રી વનુભાઇ જીવરાજ સોમૈયા, મંજુલાબહેન સોમૈયા તથા સુનીલ સોમૈયા - ના પણ આભારી છીએ. મહોત્સવની સફળતામાં ઝીંદાદિલ યોગદાન આપવા માટે સર્વશ્રી શરદ ભટ્ટ, ભાનુપ્રસાદ પંડ્યા, હીરાલાલ શાહ, કુસુમબહેન શાહ, કુંજ કલ્યાણી, રામભાઇ પટેલ, વિનોદ કપાસી, શિવકુમાર આયર તથા યોગેશ પટેલનું અમે ખાસ સ્મરણ કરીએ છીએ.

લાલી

હૃદય તો કાચની જાણે કે નકશીદાર પ્યાલી છે,
અને આ જિન્દગીએ ધ્રૂજતે હાથે જ ઝાલી છે,
ફ-ક-ત એ રક્તથી રાતું અને રાતું નથી હોતું –
સુરાહી આંખની એમાં ઢળી એથી જ લાલી છે.

વેણીભાઈ પુરોહિત

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સદાકાળ ગૂજરાત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત!
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી, ત્યાં ત્યાં ગુર્જરીની મહોલાત.

ઉત્તર, દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ
જ્યાં ગુર્જરના વાસ,
સૂર્યતણાં કિરણો દોડે ત્યાં
સૂર્યતણો જ પ્રકાશ.
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજ પ્રફુલ્લ પ્રભાત,
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત!

ગુર્જર વાણી, ગુર્જર લહાણી,
ગુર્જર શાણી રીત,
જંગલમાં પણ મંગલ કરતી
ગુર્જર ઉદ્યમ-પ્રીત.
જેને ઉર ગૂજરાત હુલાતી તેની સુરવન તુલ્ય મિરાત,
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત!

કૃષ્ણ, દયાનંદ, દાદાકેરી
પુણ્ય વિરલ રસ-ભોમ,
ખંડખંડ જઈ ઝૂઝે ગર્વે
કોણ જાત ને કોમ!
ગુર્જર ભરતી ઊછળે છાતી ત્યાં રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત!

આણકીધાં કરવાના કોડે,
અધૂરાં પૂરાં થાય,
સ્નેહ, શૌર્ય ને સત્યતણા ઉર,
વૈભવરાસ રચાય.
જય જય જન્મ સફળ ગુજરાતી, જય જય ધન્ય અટલ ગૂજરાત!
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગૂજરાત!

—ખબરદાર

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

દાયકાની કેડીએ

ગુજરાતી સાહિત્ય અકાદમીના અસ્તિત્વનો દાયકો તપાસવો એટલે બ્રિટનમાં ગુજરાતી સાહિત્યના વિકાસની કેડી તપાસવી. પરંતુ ઝીણી નજરે જોતાં આ સંસ્થાની ભૂમિકા ભારતની સાહિત્યિક સંસ્થાઓની ભૂમિકાથી અલગ તરી આવતી લાગે છે. સાહિત્યના ઉત્કર્ષ માટેના કાર્ય માત્રથી એ નભી શકે એમ નથી. સાહિત્ય સાથે સંકળાએલી અને સાહિત્યને પોષતી દરેક વસ્તુ ઉપર પણ એટલું જ ધ્યાન આપવાનું રહે છે. તેથી જ ભાષાયજ્ઞ જેવું ભગીરથ કાર્ય એણે હાથ ધરવું પડે છે, ગુજરાતી અસ્મિતાની નોબત વગાડવી પડે છે, ગુજરાતી સંસ્કૃતિ અને વારસાને આગળ ધર્યાં કરવા પડે છે, ચિત્રકલા, નાટ્યકલા, નૃત્યકલા, હસ્તકલા, સંગીત, છબિકલા, એમ કલાના દરેક પાસાંની ભાવજગ કરવી પડે છે. ધર્મ, દર્શનશાસ્ત્ર, રાજકારણ, શિક્ષણ અને વસાહતી કોમના સ્થાનિક સામાજિક પ્રશ્નો તરફ પીઠ ફેરવીને ચાલવાનું પણ એને પાલવે એમ નથી. શ્રી ક. મા. મુનશીના શબ્દો યાદ કરવા જેવા છે: અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેનાં બે અંગ છે: 'હું છું' અને 'હું, હું જ રહેવા માગું છું.' એમાંની બીજી વાત કે જેમાં ટકી રહેવાની મથામણનો સૂર છે તે ગુજરાતી સાહિત્ય અકાદમીની હૃદયવર્તી ભાવના છે. તેથી જ છેલ્લા દાયકા દરમ્યાન પોતાનું તેણે જે વ્યક્તિત્વ ઊપસાવ્યું છે તેમાં પોતાના નામમાં આવતા શબ્દ 'સાહિત્ય' નો તેણે અલગ ભાત પાડનારો નવો વ્યાપક અર્થ તારવી આપ્યો છે.

દાયકા પહેલાં, 'ગુજરાતી સાહિત્ય સંઘ' જેની સાથે સર્વશ્રી અમૃત કેટક, મનસુખલાલ શાહ, કુસુમબેન શાહ, ડાહ્યાભાઇ પટેલ વગેરે જાણીતાં નામો સંકળાએલાં હતાં, અને 'ગુજરાતી સાહિત્ય મંડળ', જેની સાથે ડાહ્યાભાઇ પટેલ, કુસુમબેન શાહ, યોગેશ પટેલ, નિરંજના દેસાઇ અને સદ્‌ગત પી. સી. દવે સંકળાએલાં હતાં, એમ બે સંસ્થાઓએ કોઇ પણ નિયત બંધારણ વિના સંગઠન માટે પાયાનું કામ કર્યું હતું. કવિ સંમેલનો પ્રતિ તેમનો વધુ ઝોક હતો. શ્રી 'દર્શક' અને 'શ્રી 'ઉશનસ્' જેવા સાહિત્યકારોનો લાભ ત્યારેય એ સંસ્થાને સાંપડેલો. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૭૭ના રોજ સાહિત્યપ્રેમી શ્રી સૂર્યકાન્ત દવેના નિવાસસ્થાને શ્રી યોગેશ પટેલ, શ્રી વિપુલ કલ્યાણી અને શ્રી પંકજ વોરાએ તૈયાર કરેલા લેખિત બંધારણ પ્રમાણે આ 'સાહિત્ય મંડળ' વિધિવત્ 'ગુજરાતી સાહિત્ય અકાદમી'માં ફેરવાયું. ત્યારથી તે આજ સુધી આ સંસ્થા ઉપરોકત ફલક પર વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા આપણા સૌની ગુજરાતીતાનો પાયો નાખી તેને

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

મજબૂત કરવાનું કર્મ કરી રહી છે. 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના ધ્યેય ઘણા ઉદાત્ત છે, જે હજુ આજે પણ ઘણા કળી શકતા નથી. જે અમૂર્ત છે એવી સિદ્ધિને ભૌતિક દંડ દેખાડી માપી બતાડવાની માગણી કરનારા કેટલાંક હજુ આજે પણ મળે છે. વિચાર શુદ્ધિ માટે યોગ્ય વાતાવરણ ઊભું કરવું જરૂરી છે. દરેક રોગનો ઇલાજ જેમ દાક્તરની ગોળી નથી એમ વિચાર, ભાવના અને ગુજરાતી અસ્મિતાને વિકસાવવા માટે કોઇ એક ઉપચારથી ચાલી શકે એમ નથી. ખેતીમાં જરૂરી એવી ધૈર્યસભર ભવિષ્યની યોજના અકાદમીની દીર્ઘ દૃષ્ટિમાં આવી જાય છે.

અકાદમીએ વિરાટ ફલક પર પાંખો પ્રસારી, અનેકાનેક વિષયોને સ્પર્શતી રચનાત્મક ચર્ચાઓ યોજી છે તો કવિ સંમેલનો, પ્રદર્શનો, પ્રવચનો, ઇત્યાદિ પ્રવૃત્તિથી ભાષા – સાહિત્ય – સંસ્કૃતિ – અસ્મિતાનો વાવટો ફરફરતો રાખ્યો છે. સર્વશ્રી ચં. ચી. મહેતા, સુરેશ દલાલ, નિરંજન ભગત, હરીન્દ્ર દવે, રઘુવીર ચૌધરી, 'દર્શક', ઉત્પલ ભાયાણી, ઇશ્વર પેટલીકર, કુમારપાળ દેસાઇ, હરકીસન મહેતા, ધીરૂભાઇ ઠાકર, મોહમ્મદ માંકડ, તારક મહેતા, યશવંત ત્રિવેદી, ઈલા આરબ મહેતા, જયેન્દ્ર ત્રિવેદી, મહેન્દ્ર મેઘાણી, મહમ્મદ ભેગ વગેરે ગુજરાતી સાહિત્યકારો; રોહિત મહેતા જેવા દર્શનશાસ્ત્રો; હર્બર્ટ કુહનર અને પીટર પૉલ વિપલિંગર જેવા વિશ્વ કવિઓ; ફ્રેડરિક થૅન્સન તથા ઍન્થની રુડોલ્ફ જેવા સ્થાનિક અંગ્રેજી કવિઓ; ફરિદા માજીદ અને અન્ય હિન્દી, ઉર્દૂ અને પંજાબી ભાષી કવિઓ; વિકૃલદાસ બાપોદરા, અવિનાશ વ્યાસ, પુરષોત્તમ ઉપાધ્યાય અને પિનાકીન શાહ જેવા સંગીતકારો; આસિત દેસાઈ, હંસા દવે અને કૌમુદિની મુનશી જેવાં લબ્ધ પ્રતિષ્ઠિત ગાયકો; સ્વામી સત્યમિત્રાનદ ગિરિજી અને સ્વામી કૃષ્ણાનંદ સરસ્વતી જેવા ધર્મ પ્રચારકો; નાના સાહેબ ગોરે જેવા સાહિત્યકાર - ભારતીય એલચી અને ડૉ. રોડ્સ બૉયસન જેવા જુનિયર મિનિસ્ટર, રાજકીય નેતાઓ; રેડિયોનાં વસુબેન ભટ્ટ; ગુજરાતી તખ્તાના શ્રી કાંતિ મડિયા અને શ્રી સુરેશ રાજડા વગેરે અનેક વિખ્યાત વ્યક્તિઓએ અકાદમીમાં ગૌરવપૂર્વક ભાગ લઇ આ દેશમાં સંસ્કૃતિ – અસ્મિતા – કલાનો છોડ પોતાની પ્રતિભાથી સિંચ્યો છે. સ્થાનિક કલાકારોની નામાવલિ પણ જાય એવી નથી.

અકાદમીએ પરિષદો, પરિસંવાદો, ઓક્સ વર્ગના લોકોની સભાઓ, વર્ક-શોપ્સ, પર્યટનો, અધિવેશનો, વિવેચન – સંશોધન – પ્રવચનો, ચિત્રકલા – પ્રદર્શનો, હસ્તકલા પ્રદર્શનો, રંગોળી હરીફાઇઓ, બાળકો માટે વાંચન – લેખનની હરીફાઇઓ, વાર્તા હરીફાઇઓ, કાવ્ય હરિફાઇઓ વગેરે યોજ્યાં છે અને તેણે 'અસ્મિતા' સામયિક પ્રગટ કરવાનું પણ રાખ્યું છે; જનસંપર્ક તથા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સાંસ્કૃતિક સંદર્ભોને પોતાના વ્યાપમાં આવરી લીધાં છે. સાહિત્ય અને કલા અકાદમીના ધ્યેયના સિક્કાની એક બાજુ હોય તો ભાષા અને શિક્ષણ એની બીજી બાજુ છે: પરિષ અહીંનું જીવન છે. ભાષાની મહત્તા સ્થાપવા એણે ભાષાયજ્ઞ શરૂ કરી રચનાત્મક પગલાં લીધાં છે. સમયના વહેણ સામે તરીને એણે અભ્યાસક્રમ અને હવે પાઠ્ય પુસ્તકો તૈયાર કરી લીધાં છે. શિક્ષકો માટે માર્ગદર્શિકા પણ તૈયાર કરી છે, હવે તે પરીક્ષા યોજના તરફ દૃષ્ટિ કેન્દ્રિત કરશે. અકાદમીની મુખ્ય પરિષદને પણ ભાષાના મહત્વને કારણે 'ભાષા–સાહિત્ય પરિષદ' કહેવામાં આવે છે. ગત્ દાયકા દરમ્યાન આવી બે પરિષદો ભરાઇ છે. આ પરિષદો એટલે આ દેશમાં યોજાતા લિટરરી ફેસ્ટીવલની નજીકનો સાંસ્કૃતિક ઉત્સવ. સંગીત, ચર્ચા, વિવેચન, ભાષા–શિક્ષણના પ્રશ્નો, કવિ સંમેલનો, નાટક, પ્રદર્શનો વગેરે અનેક સ્તરે તે વિસ્તરે. ચિત્રકળા પ્રદર્શન હોય કે પુસ્તક મેળો – એવી પ્રવૃત્તિઓ દરમ્યાન પણ મેળા પર વજન વધારે!

અકાદમી એટલે ઉહાપોહ, અકાદમી એટલે આંદોલન, અકાદમી એટલે વિદ્યાપીઠ, અકાદમી એટલે ભાષા – સાહિત્ય – કલા – અસ્મિતા – સંસ્કૃતિ – જ્ઞાનનો અવિરત ઉત્સવ. આ અકાદમીનું સ્વરૂપ જ પેલા ગ્રીસના બાગ જેવું છે જેના પરથી અકાદમી શબ્દ ઉતરી આવ્યો છે: Impromptu. અકાદમીની સફળતા – સિદ્ધિનું રહસ્ય તે એનું આ સ્વરૂપ. એક બીજું કારણ પણ ખરું, તે એના મહામંત્રી. આ સંસ્થાને લગભગ ૧૯૭૮ના વર્ષથી ખુબ ખંતીલા મહામંત્રી શ્રી વિપુલ કલ્યાણીનો અનન્ય લાભ મળ્યો છે. અકાદમીની કેડી કંડારવામાં એમણે કેન્દ્રિય પાત્ર ભજવ્યું છે.

— યોગેશ પટેલ
પ્રમુખ
ગુજરાતી સાહિત્ય અકાદમી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

એક સથવારો સગપણનો
મારગ મજીયારો બે જણનો
આંખલડીના દીવા રે દીવા અજવાળાં અજવાળાં
વાંસલડીના ટહુકા રે ટહુકા પરવાળાં પરવાળાં
એક અણસારો ઓળખનો
એક ઝબકારો એક ક્ષણનો ...
... એક સથવારો ...

ખબર નથી પણ અમથું અમથું લાગે વ્હાલું વ્હાલું
મેઘ ધનુષની જાદુઈ રંગત, શું ઝીલું શું ઝાલું
એક ધબકારો રુદિયાનો
એક પલકારો પાંપણનો
... એક સથવારો ...

સપનાની સંગતથી કેવું આખું ગગન ગુલાબી
ગુલાલની ગલીઓમાં ચાલો શું જમણી શું ડાબી
એક ફણગો છે ફાગણનો
એક તણખો છે શ્રાવણનો ..
... એક સથવારો ...

કૃતિ : વેણીભાઈ પુરોહિત

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

કાંતિલાલ જીવરાજ શાહ
WEMBLEY PHOTO FINISHERS LTD
19 Abbey Manufacturing Estate
Mount Pleasant
WEMBLEY
Middlesex
HA0 1NR
Tel: 01-903 5794

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

સંવર્ધન, સંરક્ષણ, સુસર્જનની કેડીએ

સાહિત્ય, સંગીત, કલા અને ધર્મામૃતે માનવ જીવનને ઊર્જિત બનાવી પરમાનદમા તરબોળ બનાવ્યું છે. તેમાં ય સાહિત્યનું સર્જન અજરામર અક્ષર હોઈ, યુગાંતરો સુધી દિગન્તરોમાં તેની ઊર્જસ્વી પ્રતિભા, નિત્ય અભિનવ ઉલ્લાસોત્સાહ અર્પતી મનુષ્યના અંતઃસ્થલને તેજસ્વી બનાવે છે.

'ગુજરાતી સાહિત્ય અકાદમી' ઓગસ્ટ માસમાં તેની દશાબ્દીની ઊજવણી કરી રહી છે. આ સુંદર સમારોહના અંગરૂપે સ્મરણિકાનું પ્રકાશન પણ થઇ રહ્યું છે. તેથી મારા જેવા મા સરસ્વતીના પૂજારી, સાહિત્યનું જીવનભર પરિશીલન કરનાર કવિ અને અકાદમીના સ્થાપક પ્રમુખને અત્યંત આનંદ થાય તે સ્વાભાવિક છે.

આ દેશમાં પાંચ લાખ ગુજરાતીઓ વસે છે. અકાદમીનું ધ્યેય આ ગુજરાતી ભાઈ બહેનોની ભાષા-સેવા કરવાનું પણ છે. તેઓ પોતાની ભાષા ભૂલે નહિ એટલું જ નહિ પણ અંગ્રેજી ભાષાના ગ્રસિત કરતા પ્રબળ પ્રવાહમાં આપણી માતૃભાષા વિલીન ન થઈ જાય, તે જોવાનું છે. ઉપરાંત, મા ગુર્જરીનું આ દેશમાં કેવી રીતે સંવર્ધન–સંરક્ષણ અને સુસર્જન થાય એ પણ ઉદ્દેશ છે.

આ સંસ્થાએ અનેક કવિ સંમેલનો, સાહિત્ય સભાઓ, પ્રવચનો, પ્રકાશનોનું આયોજન કરી આપણા ગુજરાતી સાહિત્યકારો, કવિઓ, લેખકો અને વિચારકોને પ્રોત્સાહનના પીયૂષે સિંચી સદા સર્વદા પ્રેરણા આપી છે. નવોદિત સર્જકોને આશા અને ઉત્સાહ બક્ષ્યાં છે. આ રીતે આ દેશમાં ગિર્વાણ ગુર્જરીની અસ્મિતાને ઉજ્જવળ બનાવી છે. ઉપરાંત આપણાં બાળકોના હિતાર્થે ગુજરાતી શીખવા માટે અત્યંત જહેમત ઊઠાવી ભાષા–શિક્ષણ માટે અહીંના સંજોગોને અનુરૂપ એવાં પાંચ પાઠ્ય પુસ્તકોનું પ્રકાશન કરી અનન્ય સેવા બજાવી છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ભાષા દ્વારા કોમની સંસ્કૃતિ, ધાર્મિક પ્રવૃત્તિ, સંગીત અને કલા સજીવન રહે છે. જે કોમ પોતાની ભાષા પ્રત્યે ઉદાસીનતા સેવે છે તે તવારીખના પાના ઉપરથી ભૂંસાઈ જાય છે. અભિજાત પ્રજાઓ સતત જાગૃત રહી કર્મણ્યમાં અભિરત બની પોતાની ભાષા દ્વારા સ્વધર્મનું, સ્વસંસ્કૃતિનું ગૌરવ વધારે છે.

સત્યેશ્વર ગાંધી બાપુએ ગુજરાતી ભાષા દ્વારા અખિલ વિશ્વની સેવા કરી છે. આવી તેજસ્વી મધુર આપણી ભાષા છે.

અકાદમીના ચેતનવંતા મહામંત્રી વિપુલભાઇ અને સર્વ કાર્યકરોને આ સમારંભ પ્રસંગે મારા હાર્દિક અભિનંદન. આપણી માતૃભાષાની અસ્મિતા અને પ્રશસ્તિ બઢાવવાની ઇશ્વર આપણને સર્વને શક્તિ, વિત્ત અને ભક્તિ આપે તેવી પ્રાર્થના સાથે હું મારો આ મંગળપ્રદ સંદેશો શુભેચ્છા અભિપ્સા સાથે પાઠવું છું.

— કવિ ડાહ્યાભાઇ પટેલ
ભૂતપૂર્વ પ્રમુખ
'ગુજરાતી સાહિત્ય અકાદમી'

★

વામનનું પહેલું પગલું

માનવ વસવાટનો ઇતિહાસ એક રીતે એણે કરવા પડેલા સ્થળાંતરનો ઇતિહાસ છે. આમ માનવી જ્યારે જ્યારે બીજે સ્થળાંતર કરતો રહ્યો ત્યારે પણ તે પોતાના પડછાયાની જેમ પોતાનું ભાષા સાહિત્ય, પોતાની સંસ્કૃતિ અને પોતાનો ધર્મ સાથે લઈ ગયો. અને જ્યાં જ્યાં નવો વસવાટ એણે કર્યો ત્યાં ત્યાં એના પ્રસાર માટે પ્રયાસો કરતો એ દેખાયો.

પૂર્વ આફ્રિકામાંથી–ખાસ કરીને યુગાન્ડાના રમણીય પ્રદેશમાંથી ત્યાંના એશિયન સમાજનું ઉન્મૂલન થયું–અમિનના સપને–ત્યારે એ સમાજ બ્રિટનમાં

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આવી વસ્યો, અત્રે ઠરી ઠામ થયો અને તેની સાથે જ તેણે સૌ પ્રથમ ગલીએ ગલીએ મંદિરો ઊભાં કર્યાં જે નવા વસાહતીઓનાં ધાર્મિક ધામો ઉપરાંત સામાજિક સમસ્યાઓ માટેનાં માર્ગદર્શિકા ધામો બન્યાં.

પણ ધર્મની જેમજ શિક્ષણ પણ માનવ ઘડતરનું અંગ લેખે સ્વીકારાયું છે. ચારિત્ર્યનો આગ્રહ જેમ ધાર્મિક જીવનમાંથી જન્મે છે તેવી જ રીતે શિક્ષણ દ્વારા એ ઘડતર બળવત્તર બને છે. સ્વભાષા દ્વારા નિજની અસ્મિતા જળવાય છે. એટલે જ વિધવિધ સંસ્કૃતિના વણથંભ્યા પ્રવાહમાં પણ નાહીધોઇ હરહંમેશ સ્વચ્છ બનતી બ્રિટનની બહુવિધ સંસ્કૃતિના વહેણમાં દરેક વસાહતી કોમને સુંદર એવું પ્રોત્સાહન મળતું આવ્યું છે. પરિણામે મૂળ ભાષા અંગ્રેજીના માધ્યમ સાથે સાથે અહીં માતૃભાષાને પણ ઉત્તેજન મળવા લાગ્યું.

યુરોપની એકમાત્ર સન્માન્ય સાહિત્યિક સંસ્થા – ગુજરાતી સાહિત્ય અકાદમીએ – એના જન્મકાળથી ભાષા સાહિત્ય અને સંસ્કૃતિના વિકાસ માટે હામ ભીડી છે. એ માટેના એના ભગીરથ પ્રયાસોના એ સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ અને આજીવન સભ્ય લેખે હું સાક્ષી બની રહ્યો છું. બંત, ઉત્સાહ અને એકનિષ્ઠાથી આવી ભવ્ય કામગીરી ઉપાડી લેનાર એનો દશાબ્દી મહોત્સવ આજે ઊજવાય છે ત્યારે સ્વાભાવિક રીતે જ તે ઉન્નત મસ્તકે વીતેલાં વર્ષો તરફ દ્રષ્ટિપાત કરી શકે એવો ગૌરવાન્વિત એનો આ ટૂંકા ગાળાનો ઇતિહાસ છે.

'અક્ષરથી સેતુ' સુધીની એની મજલ એ તો વામનનું પહેલું પગલું છે. એ પગલીનો પંથ એની આવતી કાલની હરણફાળનો રંગીલો પથ બની રહો. એ આગવી પગલીએ પગલીએ આખરી મંઝિલે પહોંચવાની પ્રભો સૌને શક્તિ આપે એજ અભ્યર્થના. શુભમ્ ભુયાત્!

જય જય ગુજરાત.

બળવંત નાયક
ભૂતપૂર્વ પ્રમુખ
ગુજરાતી સાહિત્ય અકાદમી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

* સત્યેશ્વર સ્તુતિ *

(મુનિ શેખર છંદ)

– ૧ –

જયકાર હો જયકાર હો જયકાર હો જગદીશ્વરમ્
જયકાર હો જયકાર હો જયકાર દિવ્ય સુરેશ્વરમ્
મનમોહનમ્, શુભસોહનમ્ પ્રિય પૂતળીનંદન વત્સલમ્
જયકાર હો ચિત્તરંજનમ્ પ્રિય કસ્તુરીશ્વર વલ્લભમ્

– ૨ –

કુસુમાકરાંગ સુકોમલમ્ શુભગાંધીકુલ વિભૂષણમ્
અતિ રમ્ય રાજીવલોચનમ્ શિવપદ્મનાભ સુપોષણમ્
ચિરચારૂ ચંદ્રકલા સુધામૃત ચન્દ્રિકા સ્મિત વર્ષણમ્
જયકાર હો શત સૂર્યભર્ગ વરેણ્ય ક્ષમ્ય પ્રહર્ષણમ્

– ૩ –

પરમેશ મોહન પ્રાણ જીવન સુમનોહર સુંદરમ્
અમિતાભ ઊર્જિત સત્ય સ્નેહ સ્વરૂપ ભવ્ય મહેશ્વરમ્
કવિરાજ ધન્ય દિનેશ અમૃત કાવ્ય સર્જક અક્ષરમ્
જયકાર ગાંધી પરાત્પરમ્ જયકાર હો જગદીશ્વરમ્

With Best Compliments from

Businesses of Pharmacists : HI-FI : MENS : GIFTS

(1) COMPGRAVE LTD
(2) F. N. WEB LTD
(3) NEW CREST LTD
(4) LAKE STAR LTD

Directors and Members:

(1) Mr. Dahyabhai A. Patel
(2) Mr. Bharat D. Patel
(3) Mrs. Jane B. Patel
(4) Mr. Ajay D. Patel

89 Castleton Avenue, WEMBLEY
48 London Road, North Lowest, off SUFFOLK
ALSO: P. J. IMMIGRATION AND PASSPORT SERVICES
44 Ealing Road, WEMBLEY HA0 4TL
Middlesex. Tel: 01-903 1939

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

કાર્યવાહક સમિતિની નામાવલી :

૧૯૭૭

પ્રમુખ : શ્રી. ડાહ્યાભાઈ પટેલ

ઉપપ્રમુખ : શ્રી. ભાનુશંકર ઓધવજી વ્યાસ
શ્રી. ખળવંત નાયક
શ્રીમતી નિરંજના દેસાઇ

મહામંત્રી : શ્રી. પંકજ વોરા

સહમંત્રી : શ્રી. યોગેશ પટેલ

કોષાધ્યક્ષ : શ્રી. પી. સી. દવે
(શ્રી. દવેના અવસાનને કારણે નિમણૂક થઇ)
શ્રી. દોલતભાઇ ડી. દેસાઇ

સભાસદો : શ્રી. કાંતિ નાગડા
શ્રી. જશભાઇ એસ. પટેલ
શ્રી. શનાભાઈ એસ પટેલ
શ્રી. દોલતભાઇ ડી. દેસાઇ (પાછળથી કોષાધ્યક્ષ)
શ્રી. મનુભાઇ કોટક
કુ. ઇન્દુબહેન સોઢા
શ્રી. વિપુલ કલ્યાણી
શ્રી. રજની દાવડા
શ્રીમતી કીર્તિ મજીઠિયા
શ્રી. હરિપ્રસાદ જોશી
શ્રી. સોમાભાઈ પટેલ
શ્રી. 'મહેક' ટંકારવી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૧૯૭૭ – ૧૯૭૮:

પ્રમુખ : શ્રી. ડાહ્યાભાઈ પટેલ

ઉપપ્રમુખ : શ્રીમતી નિરંજના દેસાઇ

મંત્રી : શ્રી. વિપુલ કલ્યાણી

સહમંત્રી : શ્રી. જીતેન્દ્ર ધ્રુવ

કોષાધ્યક્ષ : શ્રી. દોલતભાઇ ડી. દેસાઇ
(રાજીનામુ આપતા પાછળથી)
શ્રી હીરાલાલ શાહ

સભાસદો : શ્રી. યોગેશ પટેલ
શ્રી. હીરાલાલ શાહ (પાછળથી કોષાધ્યક્ષ)
શ્રી. કાંતિ નાગડા
શ્રી. મનુભાઇ કોટક
શ્રી. નવીન પી. દવે
શ્રી. નટવરલાલ એન. મહેતા
શ્રીમતી કુસુમબહેન શાહ
શ્રી. પંકજ વોરા

૧૯૮૦ :

પ્રમુખ : શ્રી. બળવંત નાયક

ઉપપ્રમુખ : શ્રીમતી નિરંજના દેસાઇ

મંત્રી : શ્રી. વિપુલ કલ્યાણી

સહમંત્રી : શ્રી. યોગેશ પટેલ

કોષાધ્યક્ષ : શ્રી હીરાલાલ શાહ

સભાસદો : શ્રી. રતિલાલ જોબનપુત્રા
કુ. હર્ષા કાથરાણી
શ્રી. જીતેન્દ્ર ધ્રુવ
શ્રી. મનુભાઇ કોટક
શ્રી. કાંતિ નાગડા
શ્રી. સી. બી. પટેલ
શ્રી. વિનોદ કપાસી
શ્રી. પુરુષોતમ પટ્ટણી
શ્રી. શિવકુમાર આયર
શ્રી. નારણભાઇ એમ. પટેલ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૧૯૮૧ :	પ્રમુખ :	શ્રી. બળવંત નાયક
	ઉપપ્રમુખ :	શ્રી. યોગેશ પટેલ
	મંત્રી :	શ્રી. વિપુલ કલ્યાણી
	સહમંત્રી :	કુ. હર્ષા કાથરાણી
	કોષાધ્યક્ષ :	શ્રી હીરાલાલ શાહ
	સભાસદો :	શ્રી. રતિલાલ જોબનપુત્રા
		શ્રીમતી નિરંજના દેસાઇ
		શ્રી. જીતેન્દ્ર ધ્રુવ
		શ્રી. શિવકુમાર. આયર
		શ્રી. કાંતિ નાગડા
		શ્રી. વિનોદ કપાસી
		શ્રી. સી. બી. પટેલ

૧૯૮૨ :	પ્રમુખ :	શ્રી. ડાહ્યાભાઇ પટેલ
	ઉપપ્રમુખ :	શ્રી. યોગેશ પટેલ
	મંત્રી :	શ્રી. વિપુલ કલ્યાણી
	સહમંત્રી :	કુ. હર્ષા કાથરાણી
	કોષાધ્યક્ષ :	શ્રી હીરાલાલ શાહ
	સભાસદો :	શ્રીમતી નિરંજના દેસાઇ
		શ્રી. જયંતભાઇ ઠાકર, જયમંગલ'
		શ્રી. વિનોદ કપાસી
		શ્રી. જીતેન્દ્ર ધ્રુવ
		શ્રી. સાકરલાલ સેવક
		શ્રી. ચોપટલાલ જરીવાળા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૧૯૮૩ :

પ્રમુખ :	શ્રી. યોગેશ પટેલ
ઉપપ્રમુખ :	શ્રીમતી નિરંજના દેસાઇ
મંત્રી :	શ્રી. વિપુલ કલ્યાણી
સહમંત્રી :	કુ. હર્ષા કાથરાણી
કોષાધ્યક્ષ :	શ્રી હીરાલાલ શાહ
સભાસદો :	શ્રી. વિનોદ કપાસી
	શ્રી. પોપટલાલ જરીવાળા
	શ્રી. જીતેન્દ્ર ધ્રુવ
	શ્રી. ભાનુપ્રસાદ પંડ્યા
	શ્રી. નારણભાઇ એમ. પટેલ
	શ્રી. ઘનશ્યામભાઈ પટેલ



This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૧૯૮૪ – ૧૯૮૬ :

પ્રમુખ :	શ્રી. યોગેશ પટેલ
ઉપપ્રમુખ :	શ્રી. વિનોદ કપાસી
મહામંત્રી :	શ્રી. વિપુલ કલ્યાણી
સહમંત્રી :	(૧) શ્રીમતી કુ. હર્ષા બુદ્ધદેવ (૨) શ્રી. વ્યોમેશ જોશી
કોષાધ્યક્ષ :	શ્રી. હીરાલાલ શાહ
નાયબ કોષાધ્યક્ષ :	શ્રી. શરદ ભટ્ટ
સભાસદો :	શ્રી. જીતેન્દ્ર ધ્રુવ શ્રી. પોપટલાલ જરીવાળા શ્રી. ભાનુપ્રસાદ પંડ્યા શ્રીમતી મનોરમા વ્યાસ (રાજીનામું આપ્યા બાદ શ્રી. શિવકુમાર આયર શ્રી. દિનેશ દવે શ્રી. રામભાઇ એન. પટેલ કુ. પદ્મામ્બહેન ભટ્ટ શ્રી. ભાર્ગવ બુદ્ધદેવ (પ્રથમ વર્ષ માટે સહયોજિત સભ્ય)
કાયમી આમંત્રક :	ભૂતપૂર્વ પ્રમુખો : શ્રી. ડાહ્યાભાઈ પટેલ શ્રી. બળવંત નાયક

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અકાદમીનાં કાર્યવાહકો : આગલી હરોળમાં (ડાબેથી) મહામંત્રી વિપુલ કલ્યાણી, પોપટલાલ જરીવાળા, ભૂતપૂર્વ પ્રમુખ બળવંત નાયક, ઉપ-પ્રમુખ વિનોદ કપાસી, કોષાધ્યક્ષ હીરાલાલ શાહ.
પાછલી હરોળમાં (ડાબેથી): સહમંત્રી વ્યોમેશ જોશી, ભાનુપ્રસાદ પંડયા, શિવકુમાર આચર, દિનેશ દવે, રામભાઈ પટેલ, પદમા ભટ્ટ, નાયબ કોષાધ્યક્ષ શરદ ભટ્ટ.
અનુપસ્થિતિ: પ્રમુખ યોગેશ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખ ડાહ્યાભાઇ પટેલ, સહમંત્રી હર્ષા પુરુષદેવ તથા જીતેન્દ્ર ધ્રુવ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

❀ ❀ ❀ ❀ ❀ ❀ ❀

સ્થાપક

સભ્ય –

સપ્તક:

❀ ❀ ❀ ❀ ❀ ❀ ❀

શ્રીમતી કુસુમબહેન શાહ

શ્રી. યોગેશ પટેલ

શ્રી. ડાહ્યાભાઈ પટેલ

શ્રી. વિપુલ કલ્યાણી

શ્રી. પંકજ વોરા

શ્રી. કાંતિ નાગડા

શ્રીમતી નિરંજના દેસાઇ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ભાષા–સાહિત્યના વાહકો બનીને યોગદાન આપનાર પત્રો:

ગરવી ગુજરાત

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત
ભારતીય જ્ઞાન-સાહિત્ય-સંસ્કૃતિ સમાચારનું પશ્ચિમી જગતનું અગ્રણી સાપ્તાહિક

FIRST & FOREMOST GUJARATI WEEKLY IN EUROPE

ગુજરાત સમાચાર

GUJARAT SAMACHAR

Let noble thoughts come to us from every side आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः । દરેક દિશાઓથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

પશ્ચિમના એશીયન સમાજનો જીવંત પ્રત્યુત્તર

નવ બ્રિટન

અમે ગુજરાતી

ગુજરાત હિન્દુ એસોશીએશન, લેસ્ટર, દ્વારા પ્રકાશિત

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી સાહિત્ય અકાદમીના
આદ્ય કોષાધ્યક્ષ સ્વ. પી. સી. દવે

અકાદમીના માનદ સોલિસિટર
શ્રી ગુલામ મિસ્ત્રી

પાઠ્ય પુસ્તકોના સંપાદક
ડો. જગદીશ દવે

શ્રી. મહેન્દ્ર નાગડા
લગભગ આરંભથી અકાદમીને
માનદ હિસાબનીસની
સેવાઓ આપી રહ્યા છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વિશ્વમાનવી

કીકી કરું બે નભતારલીની
ને મીટમાં માપું દિગંતરાલને,
માયા વીંધીને જળવાદળીની
અખંડ દેખું પળમાં ત્રિકાલને.

સન્ધ્યા-ઉષાની સજી પાંખજોડલી
યાત્રી બનું ઊર્ધ્વમુખી અનંતનો;
સ્વર્ગંગમાં ઝૂકવું ચંદ્રહોડલી,
સંગી બનું વા ધૂમકેતુ-પંથનો.

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી,
વિશ્વાન્તરે પ્રાણપરાગ પાથરું;
પાંખો પ્રકાશે તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું.

વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

ઉમાશંકર જોશી

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

BLISS CHEMIST

50/56 Willesden Lane
LONDON
NW6 7SX
Tel: 01-624 8000

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સંદેશાઓ

GOVERNOR
GUJARAT

RAJ BHAVAN
GANDHINAGAR-382 020
GUJARAT

સંદેશ

બ્રિટનમાં સ્થપાયેલી અને ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કાર અને ચેતના પ્રસાર માટે સતત પ્રયત્નશીલ એવી યુરોપની એક માત્ર સંસ્થા '' ગુજરાતી સાહિત્ય અકાદમી '' તેના અસ્તિત્વનાં દસ વર્ષ પૂરાં કરી રહી છે તે જાણી ઘણો આનંદ થયો છે.

પરદેશોમાં વસતા ગુજરાતના રહેવાસીઓ તેમના મૂળ પ્રદેશની અને દેશની ભાષા અને સંસ્કૃતિ જાળવી રાખે તેટલુજ પુરતું નથી પરંતુ પછીની પેઢીઓમાં પણ આ સંસ્કાર વારસો ઉતરે તે પણ અતિ આવશ્યક છે.

ગુજરાતનો સાહિત્ય અને સંસ્કાર વારસો ઘણો સમૃધ્ધ છે. આ ભૂમિએ અનેક મહાપુરુષોને જન્મ આપ્યો છે અને આ પ્રદેશના મૂળ રહેવાસીઓ સાહસિકતા, ખુમારી અને વિનમ્રતાના તેમના વિશિષ્ટ ગુણો વડે વિશ્વના ખુણે ખુણે છવાઇ ગયા છે.

ગુજરાતની સાહિત્ય અકાદમી જે વિવિધ પ્રવૃત્તિઓ વડે ગુજરાત અને ભારતની સંસ્કાર જ્યોત પ્રજ્વલિત રાખી રહી છે તે માટે તેને ધન્યવાદ પાઠવું છું અને તેના દશાબ્દિ મહોત્સવ પ્રસંગે અંતઃકરણની શુભેચ્છા પાઠવું છું.

(રાજેન્દ્ર ત્રિવેદી) 5.7.86

અકાદમીના દશાબ્દી કાર્યક્રમને સફળતા ઈચ્છું છું. ગુજરાતી સમાજ આ દેશના સમાજ સમક્ષ જુદી જુદી જ્ઞાતિઓ કે જુદા જુદા પંથોમાં વહેંચાયેલા સમુદાય તરીકે નહીં પણ એક સાંસ્કૃતિક જાગૃતિવાળા એકમ તરીકે ગૌરવભેર રહેતો થાય તે માટેની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર ઉત્કર્ષ પામતી રહો !

— ઉમાશંકર જોશી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વાટ ઊંચી રાખજો અને દરવાજા ખુલ્લા

તમે તો કેવળ સંદેશો જ માંગ્યો છે; પણ હું થોડુંક દોઢ ડહાપણ ડહોળીને ભેગી થોડીક શિખામણ પણ મોકલું છું, ગમે તો ગળે ઉતારવાની; નહિતર ઝાંપા સુધી લઇ જવાની જરૂરત નથી. એ હાથમાં આવે એવી જ તેને ગળાટૂંપો દઈ ફાવે ત્યાં ફેંકી દેવાની.

સંદેશો તો એજ દેવાનો હોય કે હું તમારી સફળતા ઇચ્છું છું. એ તો ઇચ્છું છું જ; પણ તમે ત્યાં અંગ્રેજી ભાષાની વિશાળ ઉદ્યાત ધરતી ઉપર ગુજરાતી ભાષાનું જે આમ્ર વૃક્ષ રોપ્યું છે અને હવે એના ઉપર થોડોક થોડોક મોર પણ લાગવા માંડયો છે, એ જોઇને તમારા અને તમારા સાથીદારોના વાંસા બબ્બે હાથે થાબડવાનું મન થાય છે. કયારેક ત્યાં આવવાનું થયું તો એ પણ કરીશ જ.

રહી શિખામણની વાત. તો એ શબ્દ ઉદ્ધત લાગતો હોય તો એને શિકાયત પણ ગણી શકો છો. કહેવાનું કેવળ એટલું જ છે કે તળ–ગુજરાતમાં ગુજરાતી ભાષાના સમર્થકોએ અને ગુજરાતી સાહિત્યના સર્જકોએ જે મોટી ભૂલ કરી છે એવી ભૂલ તમે કરતા નહિ.

એમણે કરેલી ભૂલ એ છે કે તેમણે ગુજરાતી સાહિત્યનું મોં ચંદ્રની સૂરજમુખી બાજૂની જેમ સતત પોતાના ઉજળિયાત્ત વર્ગના ચંદ્રમુખો તરફ જ માંડેલું રાખ્યું છે.

ગુજરાતના ઉજળિયાત વર્ગ સિવાયના બાકીના અર્ધા કે એથીએ વધુ ગુજરાતી ભાષીઓ, ગુજરાતી સાહિત્ય પૂરતા, એ કારણે હજી લગી નર્યા અંધકારમાં જ પડેલા છે. એ બધા કેવી રીતે જીવે છે, શું કરે છે, શું વિચારે છે, શી એમની જીવન અનુભૂતિ છે અને શી એમની જીવન આકાંક્ષાઓ છે, એની તળ–ગુજરાતના ગુજરાતી સાહિત્યને હજી લગી ખબર પડી નથી.

ત્યાંનું ગુજરાતી સાહિત્ય એના કારણે સારા જેવું ઊણું રહી ગયું છે. એના કારણે જ ગુજરાતી ભાષા પોતે પણ હજી લગી એના નબળા મોર-પગ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ઉપર જ ઊભેલી છે. જે ભાષા અને જે સાહિત્ય પોતાના અર્ધા જેટલા લોકો તરફ ઊંચી આંખ કરીને પણ ન જુએ એને બીજી ભાષાઓ અને એમના સાહિત્ય તરફ નીચી આંખ રાખીને જ જોવાનું રહે છે.

તમે ધારો તો તળ–ગુજરાતની ત્રુટિને દૂર કરી શકો છો.

તમારે એ માટે, તમે ત્યાં પેટાવેલી ગુજરાતી ભાષાના દીવાની વાટને એટલી ઊંચી રાખવી પડશે કે જેથી તમામ ગુજરાતી ભાષીઓ સુધી તેનું તેજ પહોંચી શકે અને ત્યાં સરજાતા ગુજરાતી સાહિત્યના તમામ ઢરવાજા એટલા બધા ખુલ્લા રાખવા પડશે કે બધા ગુજરાતીઓના શ્વાસોશ્વાસ એમાં પ્રવેશી શકે.

તમે જો એવું કર્યું તો વખત જતાં ગુજરાતી ભાષાના મોર–પગ સિંહ–પગ બની શકે છે અને તેનું સાહિત્ય સભર અને તત્ત્વવંતુ પણ બની શકે છે.

—'નૂર'
તંત્રી: 'વતન' દૈનિક ગુજરાતી, કરાચી

Harindra Dave Editor-in-Chief
Janmabhoomi (Gujarati Evening Daily) Janmabhoomi Pravasi (Gujarati Morning Daily)
Ghoga Street, P. B. No. 82, Fort, BOMBAY-400 001. India Tel. : 25 58 31

તા. ૪–૭–૧૯૮૬

શ્રી વિપુલ કલ્યાણી,
ગુજરાતી સાહિત્ય અકાદમી,
૨, એલ્મસાઇડ રોડ,
વેમ્બલી, મીડલસેક્સ,
એમ. બી. ૬ જેબી યુ. કે.

પ્રિય શ્રી. વિપુલભાઇ,

તમારો પત્ર તથા ગુજરાતી સાહિત્ય અકાદમીના દશાબ્દી મહોત્સવની રૂપરેખા બાબતી માહિતી મળી.

વતનથી બાટલે દૂર વસતા તમે સૌ, ગુજરાતી ભાષા અને સાહિત્યની અસ્મિતાને જીવંત રાખવા પ્રવૃત્ત છો અને તે માટે ઉલટભેર પરિશ્રમ કરો છો તે જાણી અત્યંત આનંદ ઉપજે છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

દસ વર્ષ પહેલા એક નાનકડા કાર્યક્રમ દરમિયાન અકાદમી રચવાનું વિચારબીજ રોપાયું અને એક દસકામાં તો એ અકાદમીની વિવિધ પ્રવૃત્તિઓરૂપી વૃક્ષ બની મહોરવા લાગ્યું એ તમસોના ગુજર સંસ્કૃતિ અને સાહિત્ય પ્રત્યેના અનુરાગનું પ્રમાણ છે.

અહિ અંગ્રેજના પ્રબળ આકર્ષણ વચ્ચે મોટા ભાગના મા-બાપો તેમના સંતાનો અંગ્રેજી માધ્યમમાં જ શિક્ષણ લે તેવો આગ્રહ સેવે છે. તે બેટલે સુધી કે તેમને ગુજરાતી વંચતાલખતા પણ નથી આવડતું, ત્યારે ઈંગ્લેન્ડમાં ગુજરાતી વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું અકાદમીનું કાર્ય ગુજરાતી ભાષાપ્રેમીઓ ગૌરવ લઇ શકે તેવી ઘટના છે. અકાદમીનો ઉત્કર્ષ અને તમારા સૌનો આ ઉત્સાહ અને રસ ચિરંજીવ બની રહે તેવી પ્રાર્થના. મારી હૃદયપૂર્વકની શુભેચ્છાઓ સ્વીકારશો.

સૌને સ્નેહસ્મરણ.

લી.

[illegible]

(હરીન્દ્ર દવે)

તમારા અણથક પ્રયાસો સાચે જ વિસ્મય પમાડે તેવા છે. લંડનના ખૂબ જ પ્રવૃત જીવનમાં સાહિત્ય અને સંસ્કાર-પ્રવૃત્તિઓ માટે સમય આપવો કેટલો બધો મહાન પ્રશ્ન છે! તમારા પ્રયાસો અને ભાવના સભર જૂસ્સાથી ખૂબ જ પ્રભાવિત થયો છું. તમારી આ ભાવના સભર લાગણીને જ કવિ નર્મદના શબ્દમાં 'જોસ્સો' કહેવાય.

બ્રિટનમાં ગુજરાતી સાહિત્યનો અને સંસ્કારિતાનો ચિરાગ તમે સતેજ રાખ્યો છે.

આ પત્ર દ્વારા હું ભારતની 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના મોવડીઓને વિનંતી કરું કે તમારી નિખાલસ સેવાની કદર તેમણે કરવી જોઇએ.

ગુજરાતી ભાષા અને સાહિત્ય ક્ષેત્રે ગુજરાતની બહાર જે જે સંસ્થાઓ કાર્ય-પ્રવૃત્ત છે તેમાં ગુજરાતી સાહિત્ય અકાદમી-બ્રિટનનો સવિશેષ ફાળો રહયો છે.

ચિરાગ જલતો રહે-મશાલ જલતી રહે

આગે કદમ બઢતા રહે

ગુર્જર ગિરાના સાહિત્ય-સાથિયા જગત-ચોકને શોભાવતા રહે.

કરાચી

—મહંમદ બેગ,

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

The Office of the
Leader of The Opposition

HOUSE OF COMMONS
LONDON SW1A 0AA

MESSAGE FROM THE RT. HON. NEIL KINNOCK, MP, TO THE GUJARATI LITERARY ACADEMY ON THE CELEBRATION OF ITS TENTH ANNIVERSARY

In any society the living appreciation of language and literature is a vital ingredient in the lives of its citizens. In a multi-cultural, multi-racial society such as ours the diversity of language and culture enriches all our lives, whatever community we belong to.

It is organisations such as yours that play a vital and irreplacable role in that process. Congratulations on your first ten years and best wishes for many, many more.

Neil Kinnock

Neil Kinnock.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

THE RT HON DR DAVID OWEN MP

HOUSE OF COMMONS
LONDON SW1A 0AA

Mr Vipool Kalyani
Secretary General
Gujarati Literary Academy
2 Elmside Road
Middx

14 July 1986

Dear Mr Kalyani

Thank you very much for your letter. I was interested to learn of your Tenth Anniversary celebrations and send all at The Gujarati Literary Academy my congratulations.

We in the SDP have a clear commitment to a society which neither denies cultural differences nor turns a blind eye to the significance of racial injustices. Like the Gujarati Literary Academy, the SDP are working towards a society where the distinctive identity of different groups can be preserved in harmony. We wish the Gujarati Literary Academy many years of continued success.

Yours sincerely

DAVID OWEN

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

THE RT. HON. DAVID STEEL, M.P.

HOUSE OF COMMONS
LONDON SW1A 0AA

27 June 1986

It is with great pleasure that I send my congratulations to the Gujarati Literary Academy on its 10th Anniversary.

By helping promote Gujurati language, literature and culture in the UK, it has made a welcome contribution to the richness and diversity of our multiracial society.

I wish it well for the future.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

With Best Wishes

JUNCTION WEST END ROAD, A40,
NORTHOLT, MIDDX. UB5 6RD
TEL: 01-845 5662/3/4

TEL: 01 845 5662/3/4
TLX: 935853 CANDL
FAX: 01 574 5456

The *C & L Country Club* is conveniently situated, only 25 minutes from the heart of London and 10 minutes from Heathrow.

By train: To Ruislip (Metropolitan & Piccadilly Line). E2 bus. Ruislip Gardens, (Central Line), E2 Bus

By bus: From London Airport, Hayes, Harrow, etc. 140 bus to White Hart. E2 bus or 10 minutes walk.

Evening Entertainment

For a really good evening's entertainment why not try our ***Crystals Night Club.***

Open from 9.00 p.m. — 2.00 a.m Friday and Saturday, our Hi-Tech Disco is furnished with spectacular lighting effect. Although it is complemented with a trendy Bar serving a wide range of drinks and cocktails.

Indoor Sport

Members are able to enjoy game of squash, badminton, table tennis, basketball, volleyball and 5-a-side football. All of which can be played in the modern multi-purpose sports hall.

A special attraction to female members are regular keep-fit, yoga and aerobics classes.

Alongside these sporting activities the ***Country Club*** can offer a high standard of changing rooms, showers, saunas and jacuzzis.

Snooker Room features four Championship size tables

Membership

Anyone over the age of 18 can apply to join the ***Country Club*** with the option of Sporting or Social Membership.

Sporting Membership entitles you to use all the ***Country Club's*** facilities.

To ensure that the whole family enjoys it's membership children under the age of 16 are automatically inclued in the Membership Fee, and are welcome any time during the day until 8.00 p.m., provided they are accompanied by an adult.

The Country Club is open seven days a week from 8.30 a.m. — 2.00 a.m.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

London Borough of Waltham Forest

Councillor Mohmmad Khan, Mayor 1986-87
Mayor's Parlour, Town Hall, Forest Road, E17 4JF
Telephone: 01-527 5544 Ext. 4399

14 July 1986

Mr. Vipul Kalayani,
General Secretary,
Gujarati Literary Academy,
2 Elmside Road,
Wembley, Middx. HA9 8JB

Dear Mr. Kalayani,

I was delighted to learn that we have a very good literary society for Gujarati and I was pleased to read that this is such a thriving concern.

Please accept my very best wishes to all the members of the Academy for the achievements they have attained to day and for further success in the future.

Yours sincerely,

Mayor

गूजरात विद्यापीठ
GUJARAT VIDYAPITH
(१९२० में महात्मा गांधी स्थापित)
(Founded by Mahatma Gandhi in 1920)

कुलनायक
Vice-Chancellor

Phone : Personal : 447292
Residence : 446179
Office : 446148, 446349
(General) 446547
अमदावाद-३८००१४ (भारत)
Amdavad-380014 (India)

पत्रमां :
Ref. १०२५/८७-८७

ता. १०-७-१९८६

પ્રતિ
શ્રી વિપુલભાઈ,

તમારો ૨૪, જૂન, ૧૯૮૬નો પત્ર મળ્યો. ૧૨, ફેબ્રુઆરી, ૧૯૭૯માં અસ્તિત્વમાં આવેલી, યુરોપની એકમાત્ર ગુજરાતી સંસ્થા "ગુજરાતી સાહિત્ય અકાદમી" જોતજોતામાં દસ વર્ષની સફર પૂરી કરે છે તે ઘણી જ આનંદદાયક ઘટના છે. ગુજરાતથી હજારો કિલોમીટર દૂર, વિદેશની ધરતી પર, બિનગુજરાતી વાતાવરણ વચ્ચે રહીને ગુજરાતી ભાષા-સાહિત્યનું વિકટ કાર્ય તમે સૌ મિત્રોએ ધૈર્યપૂર્વક કર્યું અને " અક્ષરથી સેતુ સુધી" નો વિકાસ તમે હાંસલ કરી શક્યા એ માટે તમને સહુને અભિનંદન.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

મહાત્મા ગાંધીજીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાથી ગુજરાતીભાષાની અને તે દ્વારા ગુજરાતી સમાજની સર્વદેશીય ઉન્નતિને અર્થે ગુજરાતી ભાષા અને સાહિત્યની પાયાની કામગીરી અમે કરીએ છીએ. એટલે તમને સૌને ખિરદાવતાં અમને આનંદ થાય છે. તમારા કાર્યમાં સહકાર આપવા અમે હંમેશાં તત્પર હઈશું.

આપણા કવિ ખબરદારે "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" એમ સાભિપ્રાય ગાયું હતું. તમારા કાર્યથી એ ગીતનો મર્મ સાકાર થયો છે.

તમારા કાર્યથી ગુજરાત અને ગુજરાતી ભાષા જ નહીં, અંગ્રેજ પ્રજા પણ વધુને વધુ સમૃદ્ધ થશે. અકાદમીના દશાબ્દી સમારોહને સર્વ પ્રકારે સફળતા વાંછું છું.

તમારો શુભાકાંક્ષી,
(રામલાલ પરીખ)

શ્રી વિપુલભાઈ કલ્યાણી
મહામંત્રી,
ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન)
૨ ઈલ્મસાઈ રોડ, વેમ્બલે,
મિડેક્ષ એચએ૯ ૮જેબી. (યુ. કે)

પ્રો. કે. એસ. શાસ્ત્રી
એમ.એ.
કુલપતિ
ગુજરાત યુનિવર્સિટી

ટેલિ- { ફોન : ઑફિસ : ૪૪૧૬૪૪
ઘર : ૪૪૦૫૮૪
ગ્રામ : યુનિગુજરાત

અમદાવાદ-૩૮૦૦૦૯
(ગુજરાત-ભારત)

પરદેશોમાં વસતા ગુજરાતીઓમાં ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કાર અને ચેતનાના પ્રસાર-પ્રચાર માટે સતત પ્રયત્નશીલ એવી યુરોપની એક મહત્ત્વની સંસ્થા "ગુજરાતી સાહિત્ય અકાદમી"(બ્રિટન)એ આગામી ૧૫-૧૬-૧૭ ઑગસ્ટના રોજ તેના સ્થાપના કાળના દશવર્ષ પૂરા કરે છે તે પ્રસંગે દશાબ્દિ સમારોહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે તે જાણી અત્યંત આનંદ અનુભવું છું.

લેસ્ટરમાં નવેમ્બર ૧૯૭૬માં મળેલા કવિ સંમેલનમાંથી "ગુજરાતી સાહિત્ય અકાદમી"ની સ્થાપનાનો વિચાર જન્મ્યો અને ફેબ્રુઆરી ૧૯૭૭માં અકાદમીની સ્થાપના થઇ. અકાદમીએ ૧૯૮૪ના મે માસમાં ગુજરાતી ભાષાનો પાર વર્ષનો અભ્યાસક્રમ પ્રગટ કરી ભાષાશિક્ષણની શરૂઆત કરી. તે અભ્યાસક્રમને લક્ષમાં

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

રાખીને દોઢેક વર્ષના ટૂંકા સમયમાં અક્ષરમાળા, ગુજરાતી પુસ્તક ૧-૨-૩-૪ તથા શિક્ષકો માટે માર્ગદર્શક પરિચય પુસ્તિકા "સેતુ" તૈયાર કરી. બે વર્ષના ગાળામાં આ છ પુસ્તકો પ્રસિદ્ધ કર્યા છે તે માટે બૃહદ ગુજરાતનો કોઇપણ ગુજરાતી ગૌરવ લઇ શકે તેવી ઘટના છે.

કવિ ખબરદારે ગાયું છે કે "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત". વિશ્વભરમાં ગુજરાતીઓ એક યા બીજા નિમિત્તે ગયા છે અને ત્યાં ઠરીઠામ થયેલા છે. પરદેશોમાં વસતા ગુજરાતીઓમાંથી ગુજરાતી ભાષા ભુલાઇ જશે એવી દહેશત ઉભી થવા લાગી છે. નવી પેઢી આજુબાજુના વાતાવરણમાં જે સંસ્કૃતિની આબોહવામાં ઉછરી રહી છે તે અને એમની અસલ સંસ્કૃતિ એ બે વચ્ચે, સ્વાભાવિક જ, એક આંતરસંઘર્ષ અનુભવે છે. આ પરિસ્થિતિ--માં ગુજરાતી ભાષા અને સંસ્કૃતિને દૃઢમૂલ કરવી હોય તો વ્યવસ્થિતરીતે ગુજરાતીના શિક્ષણની, સાહિત્યની, સંસ્કારની ગોઠવણ કરવી જોઇએ. અત્યારના સમયમાં આ એક તાકીદનું આહ્વાન છે અને બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીએ એ ઉપાડી લીધું છે અને ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને પોષતા અનેકવિધ કાર્યક્રમોનું દૃષ્ટિ અને સૂઝપૂર્વક આયોજન કરેલ છે અને તે ખૂબજ સુંદરરીતે સફળ થયા છે તે એક આનંદની અને પ્રસંશનીય વાત છે, અને તે માટે અકાદમી અને એના સંનિષ્ઠ કાર્યકર્તાઓ અભિનંદનના અધિકારી છે.

ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન) દશાબ્દી સમારોહના ભાગરૂપે એક સ્મરણિકા પણ પ્રકાશિત કરે છે તે જાણી વિશેષ આનંદ થયો. અકાદમી ગુજરાતી સાહિત્ય અને સંસ્કૃતિના વિકાસમાં અવિરત સુંદર કાર્ય કરે અને તેની પ્રવૃત્તિઓ ખૂબ ફૂલે ફાલે તેવી મારી અંતરની શુભેચ્છાઓ પાઠવું છું.

દશાબ્દી કાર્યક્રમની સફળતા ઇચ્છું છું.

(કૃ. સો. શાસ્ત્રી)
કુલપતિ

ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ-૩૮૦૦૦૯
૮ જુલાઇ ૧૯૮૬

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાત સાહિત્ય અકાદમી

દફતર ભંડાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭

ફોન : ૨૪૮૦

ક્રમાંક :- ગસઅ/અધ્યક્ષ/ઉલેખ્ય / /૮૬. તા. /૭/૧૯૮૬.
પદેશ

પ્રતિ,

શ્રીવિપુલ બી.કલ્યાણી,
ર. એલ્સાઈટ રોડ,
વીમ્બલે પાર્ક,
વીમ્બલે મીડેકસ,
એચ.એ.૯. ૮ જે.બી.,
(યુ. કે.).

સ્નેહીશ્રી વિપુલભાઈ,

આપનો તા.૨૪જૂન'૧૯૮૬નો પત્ર મળ્યો.

ગ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી એનો દશાબ્દી સમારોહ આગામી ૧૫મી ઓગસ્ટના રોજ ઉજવે છે, જાણી આનંદ થયો. ગુજરાતી ભાષા અને સંસ્કૃતિનો વિશેષ વિકાસ કરવા અકાદમીએ જે યોજનાઓ કરી છે, તે પ્રશસ્ય છે. ખાસ કરીને જે પાંચ પાઠ્ય પુસ્તકો તૈયાર કરાવ્યાં છે એના વિશેનો મારો પ્રતિભાવ મેં ડૉ.જગદીશ દવેને રૂબરૂ આપેલો છે. આપને એ મળ્યો હશે જ. આટલે દૂર રહ્યાં રહ્યાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન માટે આપ સૌ મિત્રો નિષ્ઠાપૂર્વક જે કાર્ય કરી રહ્યાં છો, એ માટે આપને સાનંદ અભિનંદન આઠવું છું અને અકાદમીની પ્રવૃત્તિઓની ચકાસતા ઈચ્છું છું.

સૌ મિત્રોને સ્નેહ-સ્મરણ અને હાર્દિક ઉલેખ્યો.

ઇતિ.
આપનો સ્નેહાધીન,

રમણલાલ જોશી

(રમણલાલ જોશી)
અધ્યક્ષ,
ગુજરાત સાહિત્ય અકાદમી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

Dr. M. N. DESAI
M.Sc., Ph.D., D.Sc.
VICE-CHANCELLOR
The Maharaja Sayajirao University of Baroda
Baroda-390 002

Residence
" [illegible] "
University Road
Baroda-390 002
Tel. (O) 64159
(R) 64109

વીસી-૪૭- તા: -૭-૧૯૮૬

ભાઈશ્રી,

આપનો તા.૨૪ જૂન ૮૬ નો પત્ર મળ્યો.

યુરોપની એક માત્ર સંસ્થા "ગુજરાતી સાહિત્ય અકાદમી" આગામી ૧૫, ૧૬, ૧૭ ઓગસ્ટના તેના અસ્તિત્વકાળના પહેલા દસકાની ઉજવણી કરી રહી છે તે જાણી ખૂબજ આનંદ થયો.

માતૃભૂમિથી દૂર દરિયાપારના દેશ એવા બ્રિટનમાં વસવાટ કરતા આપણા ગુજરાતી મિત્રોનો પોતાની માતૃભાષા માટે નો આગ્રહ તે માટે તૈયાર કરાવાતા પાઠ્ય પુસ્તકો વગેરે ખૂબજ ગૌરવ લેવા જેવી પ્રવૃત્તિ છે.

અહીંયા જ્યારે લોકો પોતાના બાળકો ને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેવાનો આગ્રહ રાખે છે ત્યારે ગુજરાતી ભાષા માટેનો આપનો પ્રેમ ખરેખર દાદ માગી લે છે. જ્યાં સુધી આપના જેવા મિત્રો છે ત્યાં સુધી ગુજરાતી ભાષા યુરોપમાં પણ વિકસશે એમાં મને લેશ પણ શંકા નથી.

આ સાથે દશાબ્દિ સમારોહને સફળતાની શુભેચ્છાઓ પાઠવું છું.

પત્ર બદલ આભાર.

લી.

:મહેન્દ્ર એન દેસાઈ:

વિપુલ કલ્યાણી
મહામંત્રી,
ગુજરાતી લેટરરી એકેડેમી :બ્રિટન:
૨, ઈલમ સાઈડ રોડ
વેમ્બ્લી મીડક્સ
એચએ ૯ ૮જેવી :યુ.કે.:

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

Cable : SOGUNI

Phone | 87141-49 : Office
87942 : Personal
87423 : Residence

SOUTH GUJARAT UNIVERSITY

University Campus, Udhna-Magdalla Road,
SURAT-395007.

PROFESSOR MUKUND S. TRIVEDI
Vice-Chancellor

POST BOX NO. 49
SURAT (GUJARAT) INDIA

ક્રમાંક:વીસી/ ૯૧૮
તા: ૧૬મી જુલાઈ, ૧૯૮૬

સ્નેહી ભાઈશ્રી યોગેશ પટેલ,

ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન) લેના સાર્થ અસ્તિત્વકાળના પહેલા દસકાની ઉજવણી કરી રહી છે તે જાણીને ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

વિદેશમાં રહીને પણ ગુજરાતી કુટુંબોમાં ગુજરાતની વિશિષ્ટ અસ્મિતા અને વ્યક્તિત્વનું પોષણ અને સંવર્ધન કરે તેવા કાર્યક્રમો અને સંસ્થાઓનું આયોજન અકાદમી દ્વારા થાય છે તેને માટે અકાદમીને મારા ધન્યવાદ. બ્રીટીશ સમાજ જે હવે multiracial સમાજ છે તે સમાજની મેઈન-સ્ટ્રીમ સંસ્કૃતિ સાથે સંવાદ જાળવીને ગુજરાતી અને ભારતીય સંસ્કારો અને સંસ્કૃતિ વિશેની સભાનતા ગુજરાતની બ્રિટનમાં વસતી યુવા પેઢીમાં ઉદ્ભવે, સુદૃઢ બને, અને તેને પરીણામે આ પેઢીમાં વૈશ્વિક કક્ષાએ હંમેશા ભારતીય અને ગુજરાતી હોવાની વિશિષ્ટ લાગણી જળવાઈ રહે તે શુભેચ્છા સાથે અકાદમીના દશાબ્દી સમારોહને ભવ્ય સફળતા ઇચ્છું છું.

કૃપા ભાવો,

લિ. સ્નેહાધીન,
મુ.શ્રી.ત્રિવેદી
(મુ.શ.ત્રિવેદી)

પ્રતિ,
શ્રી યોગેશ પટેલ,
પ્રમુખ, ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન),
૨, [illegible] રોડ, વેમ્બલી,
મીડલ, [illegible]
યુ.કે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આટલા લાંબા વર્ષથી બ્રિટનના ગુજરાતી સમાજ જીવનમાં 'ગુજરાતી સાહિત્ય અકાદમી' મહત્વનો ફાળો આપી રહી છે એનો મને આનંદ છે. દશાબ્દી મહોત્સવ પ્રસંગે અકાદમીને સફળતા વાંચ્છવાની આ તક લઉં છું. ભવિષ્યમાં સેવાને ક્ષેત્રે અકાદમીને વધુ માત્રામાં સફળતા પ્રાપ્ત થાએ એવું ઇચ્છું છું.

— ડો. આઇ. જી. પટેલ
ડીરેકટર
લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિકસ એન્ડ પોલીટીકલ સાયન્સ

બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી એની યશસ્વી કાર્કિર્દીનો પૂરો એક પ્રવૃત્તિમય દાયકો સંપૂર્ણ કરી દશાબ્દી ઊજવે છે એ જાણી ખૂબ ખૂબ આનંદ થયો. ગુજરાતી સમસ્ત ઉપખંડની એક માત્ર એવી પ્રજા છે જે વિશ્વના ખૂણે ખૂણે પથરાયેલી છે અને જેણે સર્વત્ર પોતાની સેવાની સુવાસ મહેકાવી છે, સંસ્કારિતાની સૌરભ પાથરી છે અને ભાષાના ગૌરવને ઓજસ અર્પ્યું છે.

ગુજરાત અને મુંબઈ પછી સંખ્યાની દૃષ્ટિએ સૌથી વધુ ગુજરાતીભાષીઓ બ્રિટન અને પાકિસ્તાનમાં છે. અમે પાક. ગુજરાતીઓ પાકિસ્તાનના રાષ્ટ્રીય જીવનમાં આપણી આગવી લાક્ષણિકતાને પ્રતાપે અનોખી ભાત ઉપસાવી શકયા છીએ.

પાકિસ્તાનની એકંદરે દશ કરોડની વસ્તીમાં દસ લાખ ગુજરાતીઓનું અસ્તિત્વ આખાયે ઉપવનમાં ફેલાતી સુગંધ પેઠે અનુભવી શકાય છે. વેપાર; ઉદ્યોગ, અર્થકારણ, રાજકારણ, સાહિત્ય, સંસ્કાર, સેવા કે ભાષા–જીવનનું કોઇ ક્ષેત્ર એવું નથી જેમાં અમોએ અમારી ચોક્કસ છાપ ન ઉપસાવી હોય.

અમારી સામાજિક, સાંસ્કૃતિક, અને સાહિત્યિક સંસ્થાઓનો લાભ બિન ગુજરાતીઓને પણ ભરપૂર પ્રમાણમાં મળી રહે છે એનો અમને મળી રહે છે એનો અમને હર્ષ છે–ગર્વ છે.

બ્રિટન અને પાકિસ્તાનની ગુજરાતી સાહિત્ય અકાદમીઓ ભવિષ્યમાં પરસ્પર સહકાર દ્વારા ગુજરાતીઓને વધુ ગૌરવશાળી સિદ્ધિઓ અપાવી શકે છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આપની સંસ્થાની સિદ્ધિઓ બદલ આનંદ અનુભવીએ છીએ. ભવિમાં વધુ સફળતા માટે દુઆ ગુજારીએ છીએ અને દરેક પ્રકારના સહકારની ખાત્રી આપીએ છીએ.

— મુહમ્મદ સિદ્દીક પોલાણી
તંત્રી: 'મેમણ ન્યૂઝ (પાક્ષિક), કરાચી
મહામંત્રી: ગુજરાતી સાહિત્ય અકાદમી, કરાચી
૩૦ જૂન ૧૯૯૬. અધ્યક્ષ: લોક ગુજરાત, કરાચી.

દુનિયાભરમાં ઠેર ઠેર વહેંચાઇ ગયેલાં હોવા છતાં, માતૃભૂમિ ગુજરાત અને માતૃભાષા ગુજરાતી સાથે ભાવપૂર્ણ અંતરંગ સંબંધ વધુ ને વધુ મજબૂત બનાવવાની ભાવના સાથે દશ દશ વર્ષથી પ્રયત્નશીલ રહેનાર બ્રિટનની 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ને શુભેચ્છાપૂર્ણ હાર્દિક અભિનંદન.

આજે ગુજરાતી ભાષા સામે મોટો પડકાર ઊભો થયો છે, તે વેળા બ્રિટનમાં રહીને તમે માતૃભાષાને જીવાડવા માટે આવો અથાગ પ્રયત્ન કરો છો તેથી સાચે જ ખૂબ ખૂબ આનંદ અનુભવું છું.

ગુજરાતી ભાષા ક્ષેત્રે કંઇ ને કંઇ ફાળો આપતાં સૌ ગુજરાતી ભાઈ-બહેનોને ભાવપૂર્વક મારા વંદન.

કલકત્તા —શિવકુમાર જોષી.

આપ લોકો અકાદમીનો દશાબ્દી મહોત્સવ ઉજવી રહ્યા છો એ અમારા માટે પણ આનંદની બીના છે. આપના આ મહોત્સવની સફળતા ઇચ્છું છું.

આપની અકાદમી યુ. કે. ગુજરાતી ભાષા અને સાહિત્યના વિકાસ માટે જે નક્કર કાર્યો કરી રહી છે, તે દરેક ગુજરાતી માટે ગર્વ લેવા જેવી બીના છે. આપને આપના પ્રયાસોમાં સંપૂર્ણ સફળતા મળો.

— દીપક બારડોલીકર
'ડોન' ગુજરાતી, કરાચી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

'ગુજરાતી સાહિત્ય અકાદમી'નો આરંભ થયો ત્યારે અકાદમીના મહામંત્રી વિપુલભાઇ કલ્યાણી 'કલીન શેવ્ડ' રહેતા. અકાદમી જેમ જેમ ઊછરતી ગઇ - પ્રગતિ કરતી ગઇ, તેમ તેમ, કામના બોજાને હિસાબે જ કદાચ હશે, 'કલીન શેવ્ડ' દાઢી અલોપ થતી ગઇ! ગુજરાતી ભાષા માટે ભેખ ધરનાર, જટા વગરના આ જોગીને, એક દાયકા પછી, જો હું જીવતો હોઇશ અને એક ફૂટ લાંબી દાઢી ઊગેલી જોઇશ તો મને રજમાત્ર આશ્ચર્ય નહિ થાય! હું તો અભિનંદન આપું જ છું પણ બ્રિટનની ભવિષ્યની ગુજરાતી પ્રજા, એની મહેનતને, એની કાર્યનિષ્ઠાને, લાખ લાખ વંદન પાઠવશે!

—વનુ જીવરાજ.
તંત્રી "નવ બ્રિટન"

લેસ્ટર

છેલ્લા દાયકામાં 'ગુજરાતી સાહિત્ય અકાદમી' એ ગુજરાતી ભાષા માટે ગણનાપાત્ર કાર્ય કર્યું છે. આ વર્ષે એ પાઠ્ય પુસ્તકો પણ બહાર પાડે છે એ દરેક ગુજરાતી માટે ગર્વ લેવા જેવી વાત છે. આવતા દાયકાઓમાં પણ 'ગુજરાતી સાહિત્ય અકાદમી' વધુ ને વધુ ફૂલે ફાલે એ જ અભ્યર્થના.

વિનોદ ઘડિયાળી
તંત્રી "અમે ગુજરાતી"

લેસ્ટર

સાંજ આ ☆★☆

ગીતની કોઈ અધૂરી કડી,—
સાંજ આ પડી છતાં નવ પડી!

નીડ ભણી વળતાં પંખીનાં પીંછાં મહીં અંધારું;
ખરી ગયાં છે ફૂલ : ડાળને કેમ કરી શણગારું?
વ્યથા આ ઝાકળ થઈને રડી;
સાંજ આ પડી છતાં નવ પડી!

ઢળ્યાં પોપચે ઉજાગરો આ કણસે આખી રાત;
શમણાંઓનાં સૂકાં ઝાંઝવાં : જઈ જઈને કયાં જાત?
ચરણને રણમાં દીધા જડી;
સાંજ આ પડી છતાં નવ પડી!

સુરેશ દલાલ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આપની યાદી

જ્યાં જ્યાં નજર મ્હારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની !

માશૂકોના ગાલની લાલી મહા લાલી, અને !
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો
ત્યાં ત્યાં નિશાની આપની !

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર;
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !

તારા ઉપર તારા તણું ઝૂમી રહ્યાં જે ઝૂમખાં;
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !

આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં;
આ દમ–બ–દમ બોલી રહી ઝીણી સિતારી આપની !

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની !

દેખી બૂરાઇ ના ડરું હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઇને બધે ગંગા વહે છે આપની !

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ કયાં એ આશના
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની !

જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને;
અહેશાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની

પ્યારું તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર :
ધોવાઇ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની !

રોઉં ન કાં એ રાહમાં એ બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !

જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું :
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની !

ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી :
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની !

કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની !

'કલાપી'

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

આહ્વાન

ના મુદ્રક

સોમિયા પ્રેસ
116 Bruin Street
LEICESTER
LE4 5AY
Tel: 0533-663097

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

કાર્યક્રમ રૂપરેખા

શુક્રવાર તા. ૧૫ ઑગસ્ટ ૧૯૮૬ સાંજે ૭:૦૦થી

સ્થળ: ભારતીય વિદ્યા ભવન

4 A Castletown Road, London W14 9HQ

(૧) 'આહ્વાન'–દશાબ્દી મહોત્સવ વિશેષાંકનું વિધિવત્ પ્રકાશન
(૨) મહર્ષિ ધોન્ડુ કેશવ કર્વેના જીવન પર આધારિત નાટક
"નોખી માટી ને નોખા માનવી" નો ખેલ

શનિવાર, ૧૬ ઑગસ્ટ ૧૯૮૬

સ્થળ: પ્રેસ્ટન મેનોર હાઇસ્કૂલ Carlton Avenue East
Wembley, Middx.

સંગીત સંધ્યા સાંજે ૭.૦૦ વાગ્યે

ગુજરાતી સંગીતનો કાર્યક્રમ શનિવાર અને રવિવાર –
બંને દિવસના
કાર્યક્રમનું સ્થળ.

કલાકારો: શ્રી. રાસબિહારી દેસાઈ
શ્રીમતી વિભા દેસાઈ
શ્રી. શ્યામસુંદર બ્રહ્મભટ્ટ

રવિવાર, ૧૭ ઑગસ્ટ ૧૯૮૬ બપોરે ૨:૦૦થી

સ્વાગત	૨: ૩૦
સંદેશા વાંચન	૨. ૪૫
સ્થાનિક ગુજરાતી સામયિકોનું બહુમાન	૩. ૩૦
સ્થાપક સભ્યોનું બહુમાન	૩. ૪૫
પાઠ્ય પુસ્તકોનું પ્રકાશન	૪. ૧૫
"અસ્મિતા" અંક–૨ નું પ્રકાશન	૪. ૩૦
મધ્યાન્તર	૪. ૪૦
"ગુજરાતી સાહિત્ય અકાદમી"ની એક ઝલક: પોત અને અપેક્ષા"	
વક્તવ્ય: શ્રીમતી કુસુમ શાહ શ્રી. પ્રવીણ લુક્કા	૫. ૦૦
અતિથિ વિશેષનું વક્તવ્ય	૫. ૪૫
સમાપન અને આભાર દર્શન	૬. ૩૦
"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી"	
શ્રી ચંદુભાઈ મદ્રાણી અને મિત્રવૃંદ — સમૂહગાન	૬. ૫૦
ભોજન	૭. ૦૦

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અકાદમીના ચોપડે – જમા ઉધાર

દુનિયામાં એવું કોઇ છે ખરું કે જે વિચાર કરતું ન હોય? મૂગું પ્રાણી પણ પોતાનું મગજ વાપરતું હોય છે; અને કુદરતી ક્રિયા અવિરતપણે કર્યા કરે છે. બાળકને પણ પોતાના વિચારો વ્યક્ત કરવાની સૂઝ પ્રકૃતિએ આપી છે. જન્મતાં જ બાળક રડવા માંડે છે અને પોતાને જે જોઇએ તે પોતાના રુદન દ્વારા સમજાવે છે. એ વખતે બાળકની પાસે કોઈ સાધન હોય તો તે છે ફક્ત રુદન. એ વિચાર કરી શકે છે પણ વાચાથી પોતાનો વિચાર જણાવવા એ સમર્થ નથી. કારણ? કારણ કે એની પાસે ભાષાનું સાધન નથી. એ જ બાળક મોટું થતું જાય છે તેમ તેમ એની સમજણશક્તિ, વિચારશક્તિ વિકાસ પામતી જાય છે અને એની વાચા પણ કામ કરતી થાય છે. એની મદદથી હવે એ મોટેરાં સાથેના સંપર્કથી બીજાંને સમજતું થાય છે અને ધીમે ધીમે એ પોતે પણ પોતાને બીજાને સમજાવતું જાય છે. બીજાને સમજાવવા માટે એની પાસે પ્રથમ રુદનનું સાધન હતું. હવે એની જગ્યાએ બીજું સાધન આવ્યું અને તે છે ભાષા. એ જ બાળક જ્યારે પુખ્ત વયનું થાય છે ત્યારે તો એની વાચા ઘણી વિકસેલી હોય છે અને વાંચન, લેખન દ્વારા એની ભાષાનું જ્ઞાન પણ ખૂબ ખૂબ વધી ગયું હોય છે. બીજાની સાથે વ્યવહાર ચલાવવામાં એને જે શરૂઆતમાં મુશ્કેલી હતી તે હવે દૂર થઇ ગઇ હોય છે અને હવે તો એ પણ સારી સારી સાહિત્યકૃતિ સરજી, સુંદર સુંદર પુસ્તકો લખી સમાજને પોતાના આદર્શો અને વિચારો સમજાવવાની કોશિશ કરે છે. આ બધું શાથી બન્યું? એક માત્ર ઉત્તમ સાધન – ભાષાથી.

આ રીતે જોઇએ તો સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મને જોડતી કોઈ સાંકળ હોય તો તે ભાષા છે. જેમાં હિત સમાયું હોય તે સાહિત્ય; સારી કૃતિ એટલે સંસ્કૃતિ અને જનકલ્યાણને માર્ગે લઈ જાય તે ધર્મ. આ રીતે સાહિત્ય; સંસ્કૃતિ અને ધર્મનો સમન્વય કરવો હોય તો શું કરવું જોઇએ? આ પ્રશ્ન અનાદિ કાળથી માણસને મૂંઝવતો આવ્યો છે. આપણે સાહિત્યનો વિચાર તો કરીએ છીએ, સાહિત્ય સર્જન પણ બહુ મોટા પાયા પર થાય છે પણ કેવું સાહિત્ય હોવું જોઇએ એ પ્રશ્ન વિચાર માગી લે છે. એજ પ્રમાણે સંસ્કૃતિ. ભિન્ન ભિન્ન સંસ્કૃતિ અત્યારે આખી દુનિયામાં કામ કરી રહી છે. દરેકને પોતાની સંસ્કૃતિ ઉચ્ચ પ્રકારની લાગે એ સ્વાભાવિક છે. પણ ઉન્નત સંસ્કૃતિનાં લક્ષણો નક્કી કરવાં પણ એક મહા વિકટ પ્રશ્ન થઈ પડયો છે. એજ પ્રમાણે ધર્મ. જેટલા માણસ એટલા ધર્મ એમ કહીએ તો ચાલે. કયો

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ધર્મ સાચો અને કયો ધર્મ જનકલ્યાણ કરી શકે એ નક્કી કરવું કંઈ સહેલું નથી. ધર્મ વિના પ્રગતિ ન થઇ શકે એમ જરૂર કહી શકાય પણ કેવો ધર્મ? કયો ધર્મ? એ માટે પણ કંઇક ચોક્કસ દિશા નક્કી થવી જોઇએ.

બારીકાઇથી જોઇએ તો સાહિત્ય, સંસ્કૃતિનાં ચોક્કસ, સ્પષ્ટ સ્વરૂપો નક્કી કરવાં કંઇક કરવું જોઈએ એવો વિચાર અમુક વ્યક્તિઓને આવ્યો. એકને એ વિચાર સૂઝયો, બીજાની આગળ એ વિચાર પ્રગટ કર્યો; એને અનુમોદન મળ્યું પણ જેમ દરેક કામમાં બને છે તેમ પહેલ કોણ કરે? સૌનું કામ કોઇનું નહિ એમ કહેવાય છે તે ખોટું નથી. સાહિત્ય, સંસ્કૃતિ અને ધર્મના શુભેચ્છક સૌને કંઈક ચોક્કસ કરવાનું મન તો થયું પણ આરંભ કેવી રીતે કરવો એ મૂંઝવતો પ્રશ્ન થઈ પડયો. આજથી દશેક વર્ષ પહેલાં સાહિત્ય-રસિક અમુક વ્યક્તિઓ લેસ્ટરમાં કવિ સંમેલન પ્રસંગે ભેગી થઇ. પોતાની સર્જેલી કવિતાઓ ગાઈ એમણે આનંદ માણ્યો. સાથે સાથે નવરાશની વેળાએ ગોષ્ઠિ કરી સાહિત્યનાં પાસાંનો પણ વિચાર કરવા લાગ્યા. જેમ જેમ ગોષ્ઠિ વધતી ગઈ, મંડળીઓ થતી ગઇ, વિચાર વિમર્શ થતો ગયો તેમ તેમ એમના વિચારોમાં સામ્ય આવતું ગયું અને પછી તો કોઇક સંસ્થા સ્થપાય તો મંડળી જામે, વિચારો દઢ બને એમ સૌને લાગવા માંડયું અને ઈ.સ. ૧૯૭૭ના ફેબ્રુઆરી માસના એક દિવસે ગણ્યા ગાંઠયા લોકોએ લંડનમાં ભેગા મળી સાહિત્યોત્તેજક કોઇ સંસ્થાનું નિર્માણ કરવાનું વિચાર્યું.

૧૯૭૭માં ભલે એનું સર્જન થયું પણ એના બીજ તો ૧૯૭૬ના નવેમ્બર માસમાં નંખાઈ ગયાં હતાં એટલે એ રીતે વર્તમાન ગુજરાતી સહિત્ય અકાદમીનો જન્મ આજથી દશેક વર્ષ ઉપર થઇ ચૂકયો હતો એમ કહેવામાં જરા પણ ખોટું નથી. ધીમે ધીમે એના આદર્શ, ધ્યેય, હેતુ સમજાતાં એનું નામાભિધાન પણ થયું. 'ગુજરાતી સાહિત્ય અકાદમી' (બ્રિટન) એ નામે શરૂઆતમાં ઓળખાઇ અને હવે તો બ્રિટન પૂરતી જ ન રહેતાં વિશ્વમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે તેને સ્પર્શતી હોય ને એના નામમાંથી 'બ્રિટન' શબ્દનો લોપ થઇ જતાં ફક્ત 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના નામથી દુનિયાના અગ્રગણ્ય દેશો- ગુજરાત ભારત , પાકિસ્તાન, અમેરિકા, દક્ષિણ આફ્રિકા, પૂર્વ આફ્રિકા વગેરે દેશોમાં ઓળખાઈ, પોષાઇ અને ફાલીફૂલી મોટી થઇ.

ભાષા ટકે તો સાહિત્ય ટકે, સાહિત્ય ટકે તો સંસ્કૃતિ ટકે અને સંસ્કૃતિ ટકે તો ધર્મ ટકે. જોવા જઇએ તો ભાષા એ જ ધર્મનો પાયો છે એમ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

કહીએ તો અતિશયોક્તિભર્યું નથી. ખાસ કરીને આજની ઊગતી પેઢીને ધર્મ-અભિમુખ કરવી હોય તો એને ભાષાનું જ્ઞાન જરૂરી ગણાય. સવાલ એ થાય છે કે ભાષા ભલે વાહન તરીકે સ્વીકારાય પણ ગુજરાતી જ કેમ? અંગ્રેજી ન ચાલે? ફ્રેન્ચ ન ચાલે? બંગાળી ન ચાલે? બીજી કોઇ ભાષા ન ચાલે? ગુજરાતી ભાષાનો જ કેમ આગ્રહ? જવાબ બહુ સહેલો છે. માતાનું સ્તનપાન નાનાં બાળક માટે જેટલું અગત્યનું છે એટલું અથવા તેથી પણ વધારે જરૂરી છે માતૃભાષાનું જ્ઞાન. ગુજરાતમાં જન્મેલા માટે ગુજરાતી ભાષા; એ એની માતૃભાષા. કોઇ એવો દેશ ખરો કે જેને પોતાની માતૃભાષા ન હોય? કોઇ એવો છે ખરો કે જેને પોતાની માતૃભાષા માટે ગૌરવ ન હોય? એ ગૌરવનો અનુભવ કરવો હોય તો એણે એનું જ્ઞાન મેળવવું જ રહ્યું. એણે ગાવું જ રહ્યું 'અમે તો ભાષાના છડીદાર, અમે તો સાહિત્યના પોકાર.' એટલે તો આપણે ઉન્નત મસ્તકે ઊંચા સ્વરે ગાઇએ છીએ: 'જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'

આવી સબળ અને સ્વદેશાભિમાન જગાવતી માતૃભાષા ગુજરાતીને વિકસાવવા અકાદમીએ આ દશ વર્ષ દરમ્યાનના ગાળામાં કંઇ ઓછી જહેમત નથી ઉઠાવી. શરૂઆતમાં એને બંધારણની જરૂર લાગી એટલે નાનું સરખું ગુજરાતી ભાષામાં લખેલું બંધારણ પ્રગટ કર્યું. દરેક સંસ્થાને બંધારણ હોય જ. બંધારણ એ સંસ્થાનો પ્રાણ છે એમ કહીએ તો ચાલે. તો જ શિસ્ત જળવાય અને કાર્યવાહી પદ્ધતિસર થાય. આ રીતે અકાદમીનું કામ બંધારણની મદદથી નિયમિત, ઢબસર થવા માંડ્યું. ચૂંટણી થઇ. પ્રમુખ, મંત્રી, ખજાનચી વગેરેની નિમણૂક થઇ અને ભાષા તેમજ સાહિત્યના વિકાસ માટે કારોબારી સમિતિએ કાર્યક્રમો રચવા માંડ્યા.

આખા વરસ દરમ્યાન વિધવિધ અનેક કાર્યક્રમોનું આયોજન કરી ગુજરાતી જનતાને એકસૂત્રે સાંકળી રાખવાનું ઉત્તમ કામ કર્યું. લોકોને અતિ પ્રિય એવાં કવિ સંમેલનો તો કેટલાં યે થઇ ગયાં અને બ્રિટનમાં વસતી ગુજરાતી પ્રજામાંથી અનેક કવિઓ જન્મ્યા.'ઘર દિવડા શા ખોટા?'એ રીતે અહીં પણ મૌલિક કાવ્યો સર્જતાં કવિઓને પોતાના કાવ્યોની જનતા સમક્ષ રજૂ કરવાની તક મળી. ફક્ત કાવ્ય સર્જનથી જ અકાદમીને સંતોષ ન થયો. સાહિત્યનાં તો અનેક પાસાં છે; નવલકથા, નવલિકા, નાટક, નિબંધ વગેરે તો 'શનૈ: શનૈ:' અકાદમીએ એ પાસાંઓને પણ હાથ ધર્યાં. નવલિકા માટે કાર્યક્રમોનું આયોજન થયું અને વાર્તાકારોને પ્રોત્સાહન મળવા માંડ્યું. એજ રીતે નાટ્યક્ષેત્રે અને નિબંધક્ષેત્રે. જોકે આ બે ક્ષેત્રમાં જોઇએ એવું ખેડાણ થયું

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

નથી પણ એ માટે ઘટતો પ્રયત્ન જરૂર કરવામાં આવ્યો છે. નવલિકા, નાટક, નિબંધ અને કાવ્યની સ્પર્ધાઓ યોજી પ્રોત્સાહક પારિતોષિકો અને વિજેતાઓને ટ્રોફી આપી એ પરત્વે રસ જાગ્રત કરવા અને એ રસને જાળવી રાખવા જોઇતું વાતાવરણ જમાવવા અકાદમીએ બનતો બધો પ્રયત્ન કર્યો છે. અત્યારે અત્યારે તો હવે કાવ્ય-સંચય અને વાર્તાસંગ્રહ નામનાં બે સંપૂટો પણ બહાર પાડવા માંગે છે એ ચરિતાર્થ થાય તો તે પણ અકાદમીની સફળતાનું અને પ્રગતિનું દ્યોતક કહી શકાય.

આજનું બાળક એ ભવિષ્યનો, આવતી કાલનો નાગરિક છે; એમ આપણે કહીએ છીએ; અને બીજાને એમ કહેતાં ઘણી વખત સાંભળીએ પણ છીએ. અકાદમીને એ માટે નક્કર કામ કરવાની પ્રેરણા મળી. બાળકને ગુજરાતી ભાષામાં રસ લેતાં કરવા અકાદમીએ દર વરસે એક બાળ કાર્યક્રમની યોજના કરી ૮ થી ૧૫ વર્ષનાં બાળકોને હરીફાઇમાં ભાગ લેવા દોર્યા; અને વાંચન, નિબંધ વગેરે હરીફાઇઓમાં વિજેતાઓને પ્રોત્સાહક પારિતોષિક આપી રસ લેતાં કર્યાં. આવા કાર્યક્રમમાં જ્યાં પચાસેક બાળકો શરૂઆતમાં ભાગ લેતાં ત્યાં હવે ચારેક વરસ પછી સોએક જેટલાં બાળકો આનંદથી ભાગ લે છે. ખૂબીની વાત તોઓ છે કે તેઓ પોતાની માતૃભાષામાં ભજન, વાર્તા, કવિતાઓ, પ્રાર્થના વગેરેથી મનોરંજન આપી પોતાની આવડત પણ પ્રદર્શિત કરે છે. એમને પણ હવે ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચવાનો રસ જાગ્યો એમ કહેવું અસ્થાને નથી. સ્વ. ગિજુભાઇ બધેકાની જન્મ શતાબ્દી ઊજવી અકાદમીએ ગુજરાતી જનતાને ખ્યાલ આપ્યો કે આપણાં નાનાં નાનાં ભૂલકાંઓને જો તક (Platform) આપવામાં આવે તો શું ન કરી શકે?

ઇ.સ. ૧૯૭૯માં એક અને ૧૯૮૩માં બીજું એમ બે મોટા અધિવેશન ભરી અકાદમીએ ભારતથી ઉત્તમ પ્રકારના સાક્ષરો અને સાહિત્યકારોને આમંત્રણ આપી તેમની વાણીનો લાભ અહીંની ગુજરાતી પ્રજાને આપી આંતરરાષ્ટ્રીય સ્તરે સાંકળ મજબૂત કરવા પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે એમાં બે મત નથી. ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ નાટયકાર ચં.ચી. મહેતાએ ઇ.સ. ૧૯૭૯માં અહીં પધારી ગુજરાતી ભાષાનો બીજી ભાષા સાથેના સબંધનો સચોટ ખ્યાલ આપી ગુજરાતી સમાજમાં એ ભાષા પ્રત્યે રુચિ જગાડી હતી. ઇ.સ. ૧૯૮૩માં અધિવેશન વખતે શ્રી મનુભાઇ પંચોળી (દર્શક) અને પ્રા. રઘુવીર ચૌધરીએ હાજર રહી ગુજરાતી સહિત્યની વ્યાપકતાનો અને એમાં રહેલાં ઉત્તમ તત્ત્વોનો પરિચય કરાવવા સારો પ્રયત્ન કર્યો હતો.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

એજ રીતે બીજા ઘણા સાહિત્યકારો અને સંતોએ અકાદમીના આંગણે આવી ગુજરાતી ભાષના પ્રભુત્વનો પરિચય કરાવવામાં પૂરતો સાથ આપ્યો હતો. એવા સાહિત્યકારોમાં અને સંત મહાનુભાવોમાં યાદ રહી જાય એવા છે: ડૉ. ધીરૂભાઇ ઠાકર, શ્રી સુરેશ દલાલ, ચિત્રલેખાના સંપાદક શ્રી હરકીસન મહેતા, હાસ્ય કટાક્ષ લેખક શ્રી તારક મહેતા, નાટ્યકાર શ્રી સુરેશ રાજડા, શ્રી મહેન્દ્ર મેઘાણી, સંતશ્રી સત્યમિત્રાનંદગિરિજી, પ્રા. રમણલાલ સી. શાહ, ડૉ. કુમારપાળ દેસાઇ, શ્રી નિરંજન ભગત, પ્રા. તારાબહેન શાહ, શ્રી રોહિત મહેતા, શ્રીમતી ઇલાબહેન આરબ મહેતા, શ્રી ફાધર વાલેસ, સ્વ. શ્રી ઇશ્વર પેટલીકર, શ્રી ચન્દ્રકાન્ત બક્ષી વગેરે વગેરે.

અહીંનાં બાળકોને અને ઊગતી પેઢીના અમુક યુવાનોને ગુજરાતી ભણવાની લગની લાગી છે. અહીંની શાળાના સમય પત્રકમાં ગુજરાતીનું નામ નિશાન રહ્યું નથી; તો એવા સંજોગોમાં એ ભાષાનો જેમ ને અભ્યાસ કરવો છે અને સ્થાનિક પરીક્ષામાં ગુજરાતી ભાષાની પરીક્ષા આપવી છે તેમને માટે શું કરવું જોઇએ? અકાદમીએ એનો પણ વિચાર કર્યો, અને ચાર તબક્કામાં વહેંચી દઈ એક સુંદર 'સિલેબસ' (Syllabus) તૈયાર કર્યું. અહીં ચાલતી લગભગ બધી સંસ્થાઓએ એને માન્ય કર્યું અને સ્થાનિક કેળવણી ખાતાંએ એને સારો આવકાર આપ્યો. એ પછી આગળ જઇ એ જ સિલેબસના આધારે અહીં ખૂબ મુશીબત પડતી ટાળવા અહીંના વાતાવરણને અનુરૂપ પાઠય પુસ્તકોની રચના કરવાનું ભગીરથ કામ અકાદમીએ માથે લીધું અને એકાદ વર્ષના નાના ગાળામાં સતત અને ખંતીલા પ્રયત્નથી એ કામ પાર પાડી ચાર પાઠય પુસ્તકો અને શિક્ષકો માટે એક માર્ગદર્શિકા તૈયાર કર્યાં અને ગુજરાતી પ્રજા આગળ રજૂ કરી જે ખોટ સાલતી હતી તે પૂરી પાડી.

સ્વ. કાલેલકરની જન્મ શતાબ્દીને લક્ષ્યમાં રાખી અકાદમીએ એક સપ્તાહના 'પુસ્તકમેળા'ની યોજના કરી, સપ્તાહ દરમ્યાન વિધ વિધ કાર્યક્રમો દ્વારા ગુજરાતી જનતાને કાકાસાહેબના સાહિત્ય ફાળાનો સારો ખ્યાલ આપ્યો હતો તો બીજી બાજુ ગુજરાતી સાહિત્યમાં ઘણું ઘણું જાણવા જેવું છે એનું ભાન કરાવ્યું હતું. આ ઉપરાંત એક બહુ જ અગત્યનું કામ જો અકાદમીએ કર્યું હોય તો તે છે 'અસ્મિતા'નું પ્રકાશન. સભ્યોને વિના મૂલ્યે ૨૫૦ પાનાનું એક મુખપત્ર અકાદમીએ આપવાનું નક્કી કર્યું એ પગલું ઘણું જ રતુત્ય અને આવકારપાત્ર નીવડ્યું. એથી સ્થાનિક ગદ્ય અને પદ્ય લેખકોને જે પ્રોત્સાહન મળ્યું એ અહીંના કવિ અને લેખકમિત્રો કદી પણ ભૂલી શકશે નહિ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી ભાષાના જતન માટે બે ત્રણ પરિસંવાદો પણ અકાદમીએ ગોઠવ્યા અને એ દ્વારા શિક્ષકમિત્રોને અહીંના શિક્ષણક્ષેત્રે શું શું કરી શકાય, કેવી રીતે એ બધું થઇ શકે અને એ ક્ષેત્રમાં અહીં શું શું થઇ રહ્યું છે એનો સારો ખ્યાલ આપ્યો હતો. આ રીતે જોઇએ તો દેશ પરદેશનો સંપર્ક સાધવામાં અકાદમીએ ખૂબ અગત્યનું કામ કર્યું છે એની કોઇ જ ના પાડી શકે એમ નથી. નાની મોટી તો એણે ઘણી ધ્યાન ખેંચે એવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. એ ગણાવવા જઇએ તો એનો પાર ન આવે. ટૂંકમાં જોઇએ તો તે આ પ્રમાણે છે.

બંધારણ,

ચેરિટી કમિશનમાં અકાદમીની નોંધણી,

'સિલેબસ' અને પાઠ્ય પુસ્તકોનું પ્રકાશન,

પ્રતિ વર્ષે એક વાર્ષિક પ્રસંગ તરીકે 'બાલ કાર્યક્રમ'–હરીફાઇઓ.

એકંદરે જોઇએ તો દશ વરસમાં અકાદમીએ જે હાંસલ કર્યું છે તે કદાચ આટલા ટૂંકા ગાળામાં મેળવી શકાયું ન હોત જો એને ખંતીલા, કર્મનિષ્ઠ અને ઊંડી સૂઝવાળા પ્રમુખ અને મહામંત્રી મળ્યા ન હોત. પણ આટલી સિદ્ધિથી અકાદમીનું કામ પરિપૂર્ણ થઇ જતું નથી. એટલી સિદ્ધિથી અકાદમીએ ફુલાઇ જવા જેવું નથી. હજી તો અહીં ઘણું કરવાનું બાકી છે. ગુજરાતી જનતા એની પાસે ઘણી બધી અપેક્ષા રાખે તો તે ખોટું પણ નથી. એમને એ માગવાનો હક છે. 'સાઉથ એશિયન લિટરેચર સોસાયટી'ના એક અગ્રગણ્ય કાર્યકર્તા શ્રીમતી રંજના એશનું સૂચન, ગુજરાતી સાહિત્ય કૃતિનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાનું બહુ જ ઉપયોગી છે. અને અકાદમીએ એ માટે જરૂર ઘટતું કરવું જોઇએ. શ્રી મનુભાઈ પંચોલીનું, માતાનાં વર્ગો માટેનું સૂચન પણ એટલું જ આવકારપાત્ર છે. 'બાલ કાર્યક્રમ'ની જેમ એને પણ સ્થાન આપવામાં આવે તો શિક્ષિત માતાઓ દ્વારા સારા સંસ્કાર અને સારા વિચાર બાળકોને આપી શકાય એ વાત નિઃશંક છે. 'ફ્રેન્ગ્વેજ લેબોરેટરી' બાબત બહુ વિચાર કરાયો છે જ પણ કંઇ થઇ શકયું નથી એ એક અફસોસની બિના છે. લાયબ્રેરી માટેનાં પુસ્તકોની પસંદગી 'ગુજરાતી સાહિત્ય અકાદમી' મારફત થવી જોઇએ કે જેથી ઉત્તમ લોકોપયોગી સાહિત્યધન સમાજને મળી શકે.

સિલેબસ અને પાઠ્ય પુસ્તકોની જેમ પરીક્ષાના આયોજન બાબત પણ અકાદમીએ વિચાર કરવો જોઇએ અને મોડું થાય તે પહેલાં જેમ બને તેમ વહેલું એ દિશામાં ઘટતી વ્યવસ્થા કરવા કામ હાથ ઉપર લેવું જોઇએ. ડો. રઘુવીર ચૌધરીનું, સાહિત્યરસિક લોકોની એક ડિરેકટરી તૈયાર કરવાનું

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સૂચન કાઢી નાંખવા જેવું નથી. એથી લેખકોની પરસ્પરની સાંકળ સચવાઈ રહેશે. હવે અકાદમી મોટું વૃક્ષ થયું છે એમ જરૂર ગણી શકાય તો એની શાખાઓ લેસ્ટર, માંચેસ્ટર જેવાં મોટાં શહેરોમાં ખોલવામાં આવે તો ખોટું નહિ.

કામના વિશેષ ભારને લીધે કારભારનું કામ વધી ગયું છે. એક કાયમના કર્મચારીની નિમણૂંક કરી કાયમનું એક દફ્તર બનાવવામાં આવે તો અને એકાદ મકાન અકાદમીના નામે વેચાતું લેવામાં આવે તો ઘણી બધી સુવિધાઓ સભ્યોને મળે શકે એ નિર્વિવાદ છે. ભારતથી બે એક નિષ્ણાત શિક્ષકોને અહીં આમંત્રણ આપી અહીંના સ્થાનિક શિક્ષકોને શિક્ષણ પદ્ધતિની તાલીમ મળે એવી વ્યવસ્થા કરવામાં આવે તો પણ અત્યારના તબકકે ખૂબ આવશ્યક છે. અકાદમીને ઘણું બધું કરવું છે. ભલે એ બધા અત્યારે હવાઈ કિલ્લા લાગે, ભલે એ શેખચલ્લીના વિચારોમાં ખપે તો પણ અકાદમી એ બધું કરવા તૈયાર છે. પણ અમુક અંશે એ હારી જાય છે એક કારણે; એ કારણ છે ભંડોળ. પૈસા વગર એ બધું કેવી રીતે થઈ શકે?

ભંડોળ ભેગું કરવા માટે સુગમ સંગીત કાર્યક્રમ, નાટય હરીફાઈ, આનંદ મેળો વગેરે કાર્યક્રમો અકાદમી યોજે તો ખોટું નહિ. એક કાર્યક્રમ બાળકો માટે દર વરસે થઈ રહયો છે પણ એવો જ બીજો બાળ કાર્યક્રમ અહીંની સ્થાનિક સંસ્થા જેવી કે શિશુ કુંજ, બાલ ભવન ગુરુકુળ, વિદ્યા વિહાર વગેરેના સહકાર સહિત મનોરંજન માટે થઈ શકે. બાળકોને એથી ભાષાનું જ્ઞાન થશે અને ગુજરાતી ભાષામાં રસ લેવાની એમને પ્રેરણા મળશે. 'અસ્મિતા'ને સારો આવકાર મળ્યો છે તો એમાં દેશ પરદેશના સાહિત્ય રસિકોના થોડા લેખો લઈ એ વાર્ષિક અંકને ત્રૈમાસિક અથવા છમાસિક પણ બનાવી શકાય. 'આહવાન' માટે એક વખત યોજના થઈ હતી કે જેથી સ્થાનિક લેખકો અને કવિઓની કૃતિઓ છપાતી રહે અને આખા વરસનો કાર્યક્રમ સભ્યોને પુસ્તક આકારે પહોંચાડી શકાય પણ ભંડોળના અભાવે એ પડતો મૂકવો પડયો. આ અંકથી આ યોજના વ્યવહારુ થઈ શકે ખરી. નાણાં એ મોટો સવાલ થઈ પડે છે. અનામત ભંડોળ ઊભું કરવા અકાદમીએ હવે કોઈ નક્કર યોજના ઘડવી પડશે. ગુજરાતી શીખવતી અહીંની સંસ્થાઓ અને અહીંના શિક્ષકોનો એક સંદર્ભ ગ્રંથ બહાર પાડવામાં આવે તો એ રીતે પણ જાહેર જનતાને કેળવણીમાં રસ લેતી કરી શકાય.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

કામ તો બહુ છે. બહુ બહુ થઇ શકે એમ છે પણ કાર્યકરોના અભાવે અને નાણાંની અછતને કારણે અમુક યોજનાઓ પડતી મૂકવી પડે છે. ઉપર જણાવ્યા પ્રમાણે અકાદમી ઘણું બધું કરી શકે તેમ છે. કારણ? કારણ કે એને સભ્યોનો અને જાહેર જનતાનો સારો સહકાર મળી રહયો. એ સહકાર હજી ચાલુ રહે તો શું ન થઈ શકે? દુનિયામાં કોઈ અશકય વસ્તુ છે ખરી? અને સહકાર મળે તો ચોક્કસ સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય.

હીરાલાલ શાહ

એક ઘા

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તે ને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો.
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રુંધાઇ જાતાં
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતાંમાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મ્હારાજથી આ,
પાણી છાંટ્યું દિલધડકતે હોય ઊઠી શકયું ના;
કયાંથી ઊઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો!
કયાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું અહોહો!

આહા ! કિન્તુ કળ ઊતરી ને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે ? જીવ ઉગરશે ? કોણ જાણી શકે એ ?
જીવ્યું, આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને.

રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મ્હારી ન આવે,
આવે હોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને;
રે રે ! શ્રદ્ધા ગત થઇ પછી કોઇ કાળે ન આવે,
લાગ્યા ઘાને વિસરી શકવા કાંઇ સામર્થ્ય ના છે.

6-6-1896

'કલાપી'

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

મારો સાથ તજી દીધો, મેં ઈશ્વરને આધાર કર્યો
જ્યાં પ્રીતની પૂંજી ખૂટી ગઈ, ત્યાં ભક્તિનો ભંડાર કર્યો

— 'બેફામ'

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

M. P. SAMANI & FAMILY

EEL Edenshaw Enterprises Ltd.

SUITE 6 FIRST FLOOR YORK HOUSE EMPIRE WAY
WEMBLEY MIDDLESEX HA9 0PA ENGLAND
Tel: 01-902 2220 01-902 9946 Telex: 935694 EEL G

PANTA GROUP OF COMPANIES
P.O. BOX 22836
NAIROBI, KENYA

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

અક્ષરથી સેતુ સુધી

ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કારના પ્રસાર માટે સતત પ્રયત્નશીલ એવી યુરોપની એકમાત્ર સંસ્થા 'ગુજરાતી સાહિત્ય અકાદમી' એ ૧૯૮૪ના મે માસમાં દરિયાપાર વસતા વિદ્યાર્થીઓ માટે ગુજરાતી ભાષાનો ચાર વર્ષનો અભ્યાસક્રમ પ્રગટ કરી ભાષાશિક્ષણનાં બીજ રોપ્યાં હતાં. તે અભ્યાસક્રમને લક્ષમાં રાખીને દોઢેક વર્ષના ટૂંકા ગાળામાં હવે અકાદમીએ અક્ષરમાળા, ગુજરાતી પુસ્તક ૧-૨-૩-૪ તથા શિક્ષકો માટે માર્ગદર્શક પરિચયપુસ્તિકા 'સેતુ' તૈયાર કરી નાખ્યાં છે. ૧૯૮૬માં, એટલે કે અભ્યાસક્રમ પ્રગટ થયા પછી બરાબર બે વર્ષે આ છ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. બૃહદ્ ગુજરાતનો કોઈ પણ ગુજરાતી જેને માટે ગૌરવ લઈ શકે એવી ઘટના છે.

આ પાઠ્યપુસ્તકોના લેખન સંપાદનકાર્યમાં ભારતના ડૉ. જગદીશ દવેનો સહયોગ પ્રાપ્ત થયો છે. ડૉ. દવે ગુજરાતી ભાષા અને સાહિત્યના અધ્યયન-સંશોધન-અધ્યાપનનું કાર્ય છેલ્લાં પાંત્રીસેક વર્ષથી કરી રહ્યા છે. પૂનાની ડેક્કન કૉલેજમાં બિનગુજરાતી શિક્ષકોને ગુજરાતી શીખવવાના કાર્ય દરમિયાન તેનાં પાઠ્યપુસ્તકોનું લેખન પણ તેમણે જ કર્યું હતું. સમાજમૂલક ભાષાવિજ્ઞાનના સંશોધન અર્થે લંડન આવતાં, ગુજરાતી શીખવતી સંસ્થાઓના અને શિક્ષકોના સીધા સંપર્કમાં આવી, જાતે પણ શીખવી, તેના આધારે અહીંના ગુજરાતી વિદ્યાર્થીઓ માટે આ પાઠ્યપુસ્તકો તૈયાર કર્યાં હોવાથી એ સૌથી વધુ ઉપયોગી પૂરવાર થશે, એવી અકાદમીને શ્રદ્ધા છે.

પ્રથમ પુસ્તક 'અક્ષરમાળા'માં ગુજરાતી લિપિનો પરિચય વિવિધરંગી ચિત્રોની સહાયથી કરાવવામાં આવ્યો છે. ચીલાચાલુ પરંપરાગત 'ક ખ ગ'ના ક્રમને બદલે અક્ષરના આકારનું સરખાપણું ખ્યાલમાં રાખી નવેક ભાગમાં આખી લિપિને વહેંચી નાખવામાં આવી છે. દરેક પાઠ પછી શિખાયેલ અક્ષરોમાંથી જ બનતા નાના સરળ શબ્દો, તેના અંગ્રેજી અર્થ સાથે, આપવામાં આવ્યા છે. લિપિજ્ઞાન પૂરું થતાં, અક્ષરોનો પરંપરાગત ક્રમ પણ સમજાવાયો છે જ.

અક્ષરજ્ઞાન પછી શરૂ થતા પુસ્તક પહેલામાં આરંભના પાઠ કાનોમાત્રા વગરના રાખ્યા છે. પછી ક્રમશઃ સ્વરો પ્રવેશતા જાય છે. સાથે સાથે શરીરના ભાગો, ઘરની પરિચિત વસ્તુઓ, રમતગમત, નિશાળ, બજાર જેવા વિષયોને લીધા છે, જેથી ધીમેધીમે શબ્દભંડોળ વધતું રહે. વ્યાકરણ પણ, માળાના દોરાની જેમ, પ્રગટ થયા વગર, ગૂંથાતું ગયું છે. પુરુષવાચક, દર્શક તથા પ્રશ્નાર્થક સર્વનામો,

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

જાતિ, લિંગ, વચન, વિભક્તિ, વિશેષણ, ક્રિયાવિશેષણ, ઉભયાન્વયી અવ્યય આદિ સાહજિક રીતે જુદા જુદા પાઠોમાં ક્રમિક રીતે આવતાં જાય છે, વ્યાકરણના બોજા વગર.

બીજા વર્ષ માટેના બીજા પુસ્તકમાં વિવિધ પ્રકારના જોડાક્ષરોથી આરંભ કરી વ્યાકરણમાં ત્રણે કાળનો પરિચય તથા મનોરંજન, રમતો, ઉત્સવો, મુસાફરી વગેરે વિષયોને આવરી લેતા પાઠો યોજવામાં આવ્યા છે. પ્રથમ વર્ષના વ્યાકરણ અને શબ્દભંડોળના પુનરાવર્તન ઉપરાંત આ બીજા વર્ષે વધુ શબ્દો ઉમેરાય છે, ભાષાપ્રયોગો, કેટલીક સરળ કહેવતો પણ પ્રવેશે છે. સાદું પત્રલેખન પણ છે.

ત્રીજા વર્ષે વ્યાકરણ, શબ્દભંડોળ આગળ વધે છે (વ્યાકરણ, વિષયો વગેરેની વિગતો અકાદમીના અભ્યાસક્રમમાં આપવામાં આવી હોવાથી અહીં પુનરુક્તિ કરી નથી). ગુજરાતના અને પૂર્વની સંસ્કૃતિ અને અસ્મિતાનાં દર્શન થાય તેવા પાઠો પ્રવેશ્યા છે. સાહિત્યિક શૈલીનો પરિચય પણ કેટલાક પાઠોમાં કરાવાયો છે. ગુજરાતી શા માટે શીખવું જોઈએ તેને લગતો પાઠ પણ સંવાદરૂપે અપાયો છે. બીજા વર્ષની જેમ જ, કેટલીક સરળ કવિતાઓ-ગીતો અહીં પણ રાખ્યાં છે જ. ભાષાંતરનાં વાકયો, પ્રથમ બે વર્ષનું અનુસંધાન ચાલુ રાખે છે. મનોયત્નોમાં આ બધા સાથે નિબંધલેખન પણ રખાયું છે.

આ વર્ષનો અભ્યાસ પૂર્ણ થતાં વિદ્યાર્થી જી. સી. ઓ. લેવલની પરીક્ષામાં બેસી શકે તથા સરળ ગુજરાતી, વાંચી-લખી-બોલી શકે તેટલી પાત્રતા ધરાવતો થઈ જશે; સાહિત્ય માટેની રુચિ પણ પ્રગટી હશે.

આથી જ, ચોથા વર્ષમાં, ગુજરાતી સાહિત્યમાંથી પસંદ કરાયેલા ગદ્ય-પદ્યના ખંડો રાખવામાં આવ્યા છે. નરસિંહ મહેતા, મીરાંબાઈ, અખો, પ્રેમાનંદ, દયારામ, દલપતરામ, નર્મદ નરસિંહરાવ, કાન્ત, કલાપી, નાનાલાલ, બળવંતરાય, બોટાદકર, સુંદરમ્, ઉમાશંકર, નિરંજન ભગત કે હરીન્દ્ર દવેની કવિતાઓ આમાં છે જ, તો અમેરિકા વસેલાં પન્ના નાયક કે બ્રિટનમાં વસતા ભાનુશંકરભાઈ, ડાહ્યાભાઈ, 'જયમંગલ', વિનોદ કપાસી, યોગેશ પટેલ, વિનય કવિ કે પાકિસ્તાની કવિઓ અદીબ કે હનીફ પણ આમા નજરે પડશે. ગદ્ય વિભાગમાં પણ ગોવર્ધનરામ, ગાંધીજી, કાકા કાલેલકર મુનશી, રમણલાલ, 'ધૂમકેતુ', 'દ્વિરેફ', મેઘાણી, ચન્દ્રવદન, જયંતિ દલાલ 'દર્શક', પન્નાલાલ, ઈશ્વર પેટલીકર, શિવકુમાર, જ્યોતીન્દ્ર, કિસનસિંહ, સુરેશ જોષી, રઘુવીર ચૌધરી, ફાધર વાલેસ, ચન્દ્રકાન્ત બક્ષી, રમણલાલ જોશી, મોહમ્મદ માંકડ કે કુમારપાળ દેસાઈની સાથે સાથે બ્રિટનનાં શાંતશીલા ગજ્જર,

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ટી. પી. સૂચક, બળવંત નાયક, ભાનુબહેન ફોટેચા, કે આફ્રિકાના દ્વારકાદાસ નથવાણી અને પાકિસ્તાનના દીપક બારડોલીકર તથા જનાબ 'નૂર' પણ છે. નવલકથાના અંશો, નવલિકાઓ, આત્મકથા, પ્રવાસવર્ણનો, એકાંકીઓ, પ્રસંગકથાઓ, હળવા નિબંધ, ચિન્તનાત્મક નિબંધ, વિવેચન, ચરિત્ર વગેરે સ્વરૂપની દૃષ્ટિએ પણ વૈવિધ્ય જાળવવાનો પ્રયત્ન આમાં કરાયો છે એટલે લેખકો ગુજરાત ઉપરાંત પાકિસ્તાન, બ્રિટન, આફ્રિકા, અમેરિકાના છે તેમ વિષયવૈવિધ્ય પણ જાળવ્યું છે. વિષયની પસંદગીમાં દરિયાપાર વસતા વિદ્યાર્થીઓને રસ પડે તેવા વિષયોનો ખ્યાલ રખાયો છે તો સાથે સાથે વિવિધ પ્રકારની શૈલીનો પણ વિદ્યાર્થીને પરિચય સધાતો જાય, ગુજરાતની અસ્મિતા અને સાહિત્ય માટે પ્રેમ અને આદરની લાગણી જન્મતી જાય તેવી રીતે આયોજન કરાયું છે.

આ માળાના છેલ્લા છઠ્ઠા પુસ્તક તરીકે 'સેતુ', નાની પરિચયપુસ્તિકારૂપે લખાયું છે. આ પાંચે પાઠ્યપુસ્તકોને ભણાવનાર શિક્ષકોને આ પુસ્તકોનો અને તેમાં નિરૂપાયેલ શિક્ષણપદ્ધતિનો ખ્યાલ આવી રહે તે તેની પાછળનો હેતુ છે સંક્ષેપમાં માર્ગદર્શિકાની ગરજ સારે તે રીતે લખાયું હોઈ દરેક શિક્ષકે તે વાંચવું આવશ્યક બની રહે છે.

અકાદમી પોતાનો દશાબ્દી મહોત્સવ ઊજવી રહી છે તેવે ટાણે આ પુસ્તકોના પ્રકાશનની આ હકીકત સૌ ગુજરાતીપ્રેમીઓ માટે આનંદજનક નીવડશે તેવી શ્રદ્ધા રાખીએ છીએ.

From Alphabet to Literature

Gujarati Literary Academy is the only organisation engaged in promoting Gujarati Language, literature and culture in Europe. It began its language teaching programme by publishing in May 1984 a four-step syllabus for teaching Gujarati to the students resident outside Gujarat. With this syllabus in mind, the Academy has prepared within a short period of eighteen months a series of text-books consisting of basic alphabet book, Language Books One to Four and a guide book for teachers entitled "Setu". These six books are in the bookshops now – exactly two years after the publication of the syllabus. This is a matter of great achievement for all Gujaratis throughout the world.

In the basic alphabet book "Aksharmala", the Gujarati script is introduced by taking letter of similar shapes together in nine separate group instead of using the traditional arrangement. The learner is taught to read and write words composed by using the letters introduced and the meanings of these words are given in English at the end of each lesson. The conven-

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

tional arrangement of the script is given at the end of the book, the knowledge of which is essential when using alphabetically arranged books of reference, such as dictionaries, in Gujarati.

In the language Book One, the progress of learning is maintained from the achievement made in "Aksharmala". Combination of consonants with vowels is gradually introduced and the vocabulary is augmented by words describing day to day objects and activities. Simple sentence building is also introduced without burdening the learner with grammatical rules.

In Book Two, conjunct consonants are introduced. Words denoting remoter and wider concept, such as travel, festivals, entertainment and games are added to the vocabulary. More advanced grammatical forms are introduced to cover the use of three simple tenses, along with idioma usage, proverbs, and letter writing.

In Book Three, the progress of vocabulary, grammar and usage is maintained. More advanced subject matters are introdced to cover the cultural entity of Gujarat and the East. Simple poems and songs are included. Exercises at the end of the lessons include practice in essay writing, in addition to translation from and into English as in the previous two books. On completing this book, a student will have attained adequate proficiency in reading, writing and speaking Gujarati and will be able to attempt GCE O Level Examination. An attempt is also made to inculcate a taste for appreciating the literary works in Gujarati.

Book Four is a collection of selected piece of prose and poetry, representing all stages of the historical development of Gujarati literature including past and present writers resident in India, Pakistan, East Africa, Britian and the U.S.A.. In selecting the pieces of work, the Academy has borne in mind the interest of the students resident in Europe and America, and attempted at the same time to illustrate the literary and cultural traditions of Gujarat.

The last book in the series is an introductory booklet entitled "Setu" (a bridge) a guide for teachers. It is written with an aim to explain the fundamental principles underlying the whole series. It is regarded as an essential reading for all the teachers adopting these books as their text-books. It is not intended for the students. It is not an explanatory guide for self-learning and it does not contain solutions of exercises in the texts.

The Academy this year celebrates its tenth anniversary. I am confident that the announcement of the publication of these books will be greeted with joy by all those involved in the teaching and maintenance of Gujarati language, literature and culture.

Popatlal S. Jariwala
Chairman,
Language Teaching Sub-Committee.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આપણે શરૂઆત તો કરીએ

આ વર્ષે જેમનો મણિ મહોત્સવ ઊજવાય રહયો છે એ શ્રી ઉમાશંકર જોષીએ અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ' હેઠળ શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિરના ઊદઘાટન વખતે કહ્યું હતું એ આપણે જોઇ જઇએ. કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'નું વચન ટાંકીને ઉમાશંકરભાઇએ કહ્યું હતું, "અર્થની પાછળની ભાવનામાં પ્રથમ તો ભેગું કરવું; બીજું, ભેગું કરેલું વધારવું; ત્રીજું, વધારેલું જાળવવું ને એની માવજત કરવી; પણ ચોથી અને મુખ્ય વસ્તુ ધન અંગે એ છે કે 'વૃદ્ધસ્ય તીર્થેષુ પ્રતિપાદની ચ' – તીર્થસ્વરૂપ વ્યક્તિ અને સંસ્થાઓમાં જઇને ધન નિવેદિત કરવું."

આવી ભાવના 'ગુજરાતી સાહિત્ય અકાદમી' પ્રત્યે જાગવી જોઇએ. અકાદમીના કામ માટે અહીં–તહીંથી હંમેશા ખૂબ ખૂંચ મળતી રહી છે. સાહિત્ય સંસ્થા ચેતનવંતી હોય એ જરૂરી છે. એ આદર્શમય રાહ પર જતી હોય એ લક્ષમાં રાખવું જોઇએ અને અકાદમી આમાંની એક વિરલ સંસ્થા છે એવો વિશ્વાસ બંધાયો છે. આપણે અકાદમીમાં વાતોમાં જ વર્ષો નકામાં વિતાવ્યાં નથી અને એટલે અકાદમીને આરંભથી સબ્યબળ સારુ સબળ સહાય મળતી રહી છે.

'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના સભ્ય બનવા દરેકને અમે વિનંતી કરીએ છીએ. આ સભ્યપદના પ્રકારો નીચે પ્રમાણે છે: સંવર્ધક સભ્ય (પેટ્રન મેમ્બર), દાતા સભ્ય (ડોનર મેમ્બર), આજીવન સભ્ય – સંસ્થા અને વ્યક્તિ, વાર્ષિક સામાન્ય સભ્ય – સંસ્થા અને વ્યક્તિ.

અત્યારના દર મુજબ ફક્ત ત્રણ પાઉન્ડ આપીને 'ગુજરાતી સાહિત્ય અકાદમી'નું વાર્ષિક સભ્યપદ મેળવી શકાય છે. સંસ્થા માટે પાઉન્ડ દસનો દર છે. વર્ષમાં ગમે ત્યારથી સભ્ય થઇ શકાય છે. પરંતુ અકાદમીનું વર્ષ ૧ જાન્યુઆરીથી ૩૧ ડિસેમ્બરનું છે. એથી વાર્ષિક સભ્યપદ ડિસેમ્બર અંતે પુરું થાય છે.

આજીવન સભ્યપદ વ્યક્તિ માટે £ ૭૫ છે જ્યારે સંસ્થા માટે આ દર £૧૫૧નો રખાયો છે.

બંધારણ અન્વયે સંસ્થા સભ્યને બે મતોનો અધિકાર રહે છે. વળી, દરેક સભ્યને 'અસ્મિતા' સહિત અકાદમીના પરિપત્રો ઈ. વિનામૂલ્યે આપવામાં આવે છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પાઉન્ડ ૨૦૧ કે તેથી વધુ રકમ આપીને અકાદમીના દાતા સભ્ય થવાનું માન હાંસલ કરી શકાય છે.

જ્યારે, પાઉન્ડ ૫૦૧ કે તેથી વધુની રકમ આપીને અકાદમીના સંવર્ધક સભ્ય બનવાનું ગૌરવ પ્રાપ્ત થઇ શકે છે.

આ 'સ્મરણિકા' માં અન્યત્ર 'ગુજરાતી સાહિત્ય અકાદમી' ના સભ્યપદ માટેનું અરજીપત્રક મુકાયું છે એનો લાભ લેવામાં તમે જરાય પાછળ નહીં પડો એની ખાત્રી છે.

'ગુજરાતી સાહિત્ય અકાદમી' નાં અત્યાર સુધીનાં સંવર્ધક સભ્યો, દાતા સભ્યો અને આજીવન સભ્યોની નામાવલી અમે સૌની માહિતી માટે અહીં સગૌરવ આપીએ છીએ:

સંવર્ધક સભ્યો:

(૧) શ્રી હિમ્મતલાલ આર. રાડીઆ (વેમ્બલી)

દાતા સભ્યો:

(૧) શ્રી. નટુભાઇ સી. પટેલ (ખૂશી)
(૨) શ્રી. ડાહ્યાભાઇ એ. પટેલ (વેમ્બલી)
(૩) શ્રી. રતિલાલ એન. જોખનપુત્રા (સ્ટેનમોર)
(૪) શ્રી. નરેશકુમાર પટેલ (વિન્ચમોર હીલ, લંડન)
(૫) શ્રી. પુરુષોત્તમ એમ. પટ્ટણી (વેમ્બલી)
(૬) શ્રી. સૂર્યકાન્ત એ. દવે (પેરીવેલ)
(૭) શ્રી. વિનોદચન્દ્ર એમ. પટેલ (વેમ્બલી)
(૮) શ્રી. કાંતિભાઈ ડી. પટેલ (વેમ્બલી)
(૯) ડૉ. જશવંતીબહેન ઓથામ (કેમ્બ્રીજ)
(૧૦) શ્રી. ભગવાન સોહમ્ (ગોલ્ડર્સ ગ્રીન, લંડન)
(૧૧) શ્રી. રતિલાલ જે. ધનાણી (વેમ્બલી)
(૧૨) શ્રી. ધનજીભાઇ ડી. તન્ના (નિસડન, લંડન)
(૧૩) શ્રી. રામભાઇ તુલસીભાઇ પટેલ (સાઉથ એન્ડ ઓન સી)
(૧૪) શ્રી. પ્રકાશ રેમણભાઇ દેસાઈ (ટ્વીકનહામ)
(૧૫) શ્રી. મણીભાઇ ખેચરભાઇ પટેલ (ખોલટન)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(૧૬) શ્રી. ઘનશ્યામભાઈ એન. પટેલ (નોરબરી, લંડન)
(૧૭) શ્રીમતી મિનાક્ષીબહેન ચે. મહેતા (નોર્થવૂડ)

આજીવન સભ્યો (સંસ્થા) :—

(૧) શ્રી. ઓશવાળ એસોસિયેશન ઓફ ધ યુ. કે.
(૨) શ્રી. નેશનલ એસોસિયેશન ઓફ પાટીદાર સમાજ:
દક્ષિણ લંડન શાખા
(૩) સર્વશ્રી બીડ એન્ટરપ્રાઇઝીઝ (વેલિંગબરો)

આજીવન સભ્યો (વ્યક્તિ) :—

(૧) શ્રી. બળવંત નાયક (સાઉથહોલ)
(૨) શ્રી. ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
(૩) શ્રી. નટવરલાલ ના. મહેતા (નોર્થવૂડ)
(૪) શ્રી. પુરુષોત્તમ રાજા (કેન્ટન)
(૫) શ્રી. પ્રીતમ જે. પંડ્યા (કોલિન્ડેલ, લંડન)
(૬) શ્રી. વિપુલ કલ્યાણી (વેમ્બલી)
(૭) શ્રી. રમેશ બી. પટેલ (ટોટનહામ કોર્ટ, લંડન)
(૮) શ્રીમતી શાંતશીલા ગજ્જર (હેયડન)
(૯) શ્રી. રતિલાલ કે. કાથરાણી (વેમ્બલી)
(૧૦) શ્રી. વિનોદ કપાસી (કેન્ટન)
(૧૧) શ્રી. યોગેશ પટેલ (મિચમ)
(૧૨) શ્રી. રમેશભાઇ એસ. પટેલ (કેન્ટન)
(૧૩) શ્રી. વિઠ્ઠલજી કે. કાટબામણા (એકટન, લંડન)
(૧૪) શ્રી. ભગવાનજી એ. કોટેચા (વેમ્બલી)
(૧૫) શ્રી. ભાનુપ્રસાદ પંડ્યા (પટની, લંડન)
(૧૬) શ્રી. જીવણજીભાઇ એમ. પટેલ (કેન્ટન)
(૧૭) શ્રી. શાંતુ રૂપારેલ (હેરો)
(૧૮) શ્રી. કૃષ્કાન્ત એમ. પટેલ (વેમ્બલી)
(૧૯) શ્રી. પુરુષોત્તમ હરજી ભોજાણી (આસ્ટન-અન્ડર-લાયન)
(૨૦) કુ. અરુણા શાહ (ગોલ્ડર્સ ગ્રીન, લંડન)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(૨૧) શ્રી. સાકરલાલ સેવક (વિલ્સડન, લંડન)
(૨૨) શ્રી. ઇબ્રાહિમ એ. રાઠોડ "ખય્યામ"
(સાઉથ લેમ્બથ, લંડન)
(૨૩) શ્રી. જયંતભાઇ ઠાકર "જય મંગલ"
(ટૂર્ટીંગ લંડન)
(૨૪) શ્રી. ચંદુભાઇ મદ્રાણી (લેસ્ટર)
(૨૫) શ્રી. નરેન્દ્ર એચ. ઠકરાર (વેમ્બલી)
(૨૬) શ્રી. હીરજી ધરમશી શાહ (કેન્ટન)
(૨૭) શ્રી. મનસુખલાલ બી. શાહ (એજવેર)
(૨૮) શ્રી. કાંતિલાલ એમ. પરમાર (રોમફર્ડ)
(૨૯) શ્રીમતી જ્યોત્સના કે. ખટાઉ (કોવેન્ટ્રી)
(૩૦) શ્રીમતી સુશીલા આર. શાહ (વેમ્બલી)
(૩૧) કુ. નિર્મળાબહેન પી. શાહ (સ્ટેનમોર)
(૩૨) શ્રી. પ્રફુલ્લભાઈ સી. આર. પટેલ
(ટોટનહામ કોર્ટ, લંડન)
(૩૩) શ્રી. પોપટલાલ એસ. જરીવાળા (ફેલ્થમ)
(૩૪) શ્રી. હીરાલાલ એસ. શાહ (વિલ્સડન, લંડન)
(૩૫) શ્રી. રમણુભાઈ એચ. પટેલ (લેસ્ટર)
(૩૬) શ્રી. અમૃત કોટક (વ્હેટસ્ટોન, લંડન)
(૩૭) શ્રીમતી પ્રતિભા શાહ (કેન્ટન)
(૩૮) રમણુભાઇ ડી. નાયક (બાંઉન્ડઝ ગ્રીન લંડન)
(૩૯) શ્રી. કુંદનલાલ સી. જૈન (હેન્ડન, લંડન)
(૪૦) શ્રી. ગુલાબ મિસ્ત્રી (કિંગ્સબરી, લંડન)
(૪૧) શ્રી. જીતેન્દ્ર ધ્રુવ (ગોલ્ડર્સ ગ્રીન, લંડન)
(૪૨) શ્રી. મહેશ કે. શાહ (ઇલફર્ડ)
(૪૩) શ્રી. વલ્લભદાસ વી. નાંઢા (એકટન, લંડન)
(૪૪) શ્રી. જશભાઈ આઇ. પટેલ (કેન્ટન)
(૪૫) શ્રી. કપૂરચંદ ચંદરીયા (નોર્ટીંગ હીલ ગેટ, લંડન)
(૪૬) શ્રીમતી નયનાબહેન જે. પટેલ (લેસ્ટર)
(૪૭) શ્રીમતી ભાનુબહેન શાહ (કેન્ટન)
(૪૮) શ્રી. ટી. એ. ભટ્ટ (વિલ્સડન ગ્રીન, લંડન)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(૪૯) શ્રી. રમણુભાઈ એમ. પટેલ (વેમ્બલી)
(૫૦) શ્રી. નારાયણ વી. સાપરિયા (બ્રોડસ્ટોન, ડોરસેટ)
(૫૧) શ્રી. વિનય કવિ (લેસ્ટર)
(૫૨) શ્રી. દિનેશ દવે (હેરો વિલ્ડસ્ટોન)
(૫૩) શ્રી. અશ્વિન કોટેચા 'શિતુલ' (કાર્ડિફ)
(૫૪) શ્રી. ભોગીલાલ લાખલાણી (લેસ્ટર)
(૫૫) શ્રીમતી જયાબહેન શાહ (સ્ટેનમોર)
(૫૬) શ્રીમતી મંજુલાબહેન એ. શાહ (પીનર)
(૫૭) શ્રી. વિનોદચંદ્ર યુ. પટેલ (કિંગસ્ટન)
(૫૮) શ્રી. પ્રવીણ લૂકા (લેસ્ટર)
(૫૯) શ્રી. જનકભાઇ સી. પટેલ (નોર્થ ફિન્ચલી, લંડન)
(૬૦) શ્રીમતી ભાનુબહેન વી. કોટેચા (વેમ્બલી)
(૬૧) શ્રી. ટી. પી. સૂચક (હેરો)
(૬૨) શ્રી. જયંતિભાઈ એફ. પટેલ (હેરો)
(૬૩) શ્રી. વિનોદ પુરોહિત (ગ્રિનફર્ડ)
(૬૪) શ્રી. નટુભાઇ વી. જોશી (કેન્ટન)
(૬૫) શ્રી. શ્રીમતી દયાબહેન જોબનપુત્રા (કેન્ટન)
(૬૬) શ્રી. માધવ વર્મા (બ્રેડફર્ડ)
(૬૭) શ્રીમતી રમાબહેન પટેલ (બર્મિંગહામ)
(૬૮) શ્રીમતી નૂતનબહેન ઓધવજી (કિંગ્સબરી, લંડન)
(૬૯) શ્રી. છીતુભાઈ આર. પટેલ (એજવેર)
(૭૦) શ્રી. કાંતિલાલ આર. શાહ (કેન્ટન)
(૭૧) કુ. જયાબહેન ગોહેલ (હેરો)
(૭૨) શ્રીમતી વ્યંજના એચ. ત્રિવેદી (કિંગ્સબરી, લંડન)
(૭૩) શ્રી. રમેશભાઇ બી. પટેર (હેરો)
(૭૪) શ્રી. મહેશ ગઢવી (એજવેર)
(૭૫) શ્રી. કિશોર જોશી (વેમ્બલી)
(૭૬) શ્રી. હસમુખભાઇ ડી. ગાડી (સ્ટેનમોર)
(૭૭) શ્રીમતી પુષ્પાબહેન ડાહ્યાભાઈ પટેલ (વેમ્બલી)
(૭૮) શ્રી. રમેશભાઇ એમ. પટેલ (કેન્ટન)
(૭૯) શ્રીમતી કાંતાબહેન એચ. રાજદેવ (વેમ્બલી)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(૮૦) મહેન્દ્ર પટેલ (વેસ્ટ ડ્રાયટન)
(૮૧) શ્રી. કાંતિલાલ આર. દલાલ (પીનર)
(૮૨) શ્રી. ગિરીશ બી. જોશી (વેમ્બલી)
(૮૩) શ્રી. રામુભાઇ મોરઝરીઆ (વેમ્બલી)
(૮૪) ડૉ. જગદીશ દવે (ફ્રિન્ચલી સેન્ટ્રલ, લંડન)
(૮૫) શ્રીમતી સુજાતા વી. શાહ (ગોલ્ડર્સ ગ્રીન, લંડન)
(૮૬) શ્રીમતી કુસુમબહેન વૈદ્ય (વેમ્બલી)
(૮૭) શ્રી. પ્રકાશ પી. શાહ (પીનર)
(૮૮) શ્રી. મનુસુખ બી. પંડ્યા (હેરો)
(૮૯) શ્રી. અમૃત કણજરીઆ (હાઉન્સલો)
(૯૦) શ્રી. ભગુભાઇ ડી. પટેલ (વેમ્બલી)
(૯૧) શ્રી. સુભાષ ડી. પટેલ (કિંગ્સબરી, લંડન)
(૯૨) શ્રી. કેશવલાલ એમ. ગજ્જર (ક્રોયડન)
(૯૩) શ્રી. અનીલભાઈ એમ. પટેલ (હાર્લ્સ્ડન,લંડન)
(૯૪) શ્રીમતી સુધાબહેન આર. શાહ (હેરો)
(૯૫) શ્રીમતી કંચનબહેન શાહ (એજવેર)
(૯૬) શ્રીમતી નિર્મળાબહેન આર. શાહ (હેરો)
(૯૭) શ્રી. મિરઝા મહમ્મદ બેગ (ગોલ્ડર્સ ગ્રીન, લંડન)
(૯૮) શ્રીમતી મંજુલાબહેન વનુ જીવરાજ (લેસ્ટર)
(૯૯) શ્રી. અરવિંદ સી. પટેલ (કિંગ્સબરી, લંડન)
(૧૦૦) શ્રીમતી કુસુમબહેન એચ. શાહ (વેમ્બલી)
(૧૦૧) શ્રી. વ્યોમેશ હ. જોશી (ઇલિંગ, લંડન)
(૧૦૨) શ્રી. પ્રતાપરાય એચ. દવે (કિંગ્સબરી, લંડન)
(૧૦૩) શ્રી. ગિરીશ વી. ત્રિવેદી (લેસ્ટર)
(૧૦૪) શ્રી. રમણિક વરુ (લેસ્ટર)
(૧૦૫) શ્રી. રતિલાલ વસનજી ગણાત્રા (લેસ્ટર)
(૧૦૬) શ્રીમતી નિરંજનાબહેન દેસાઇ (હેરો)
(૧૦૭) શ્રી. શરદ ભટ્ટ (વેમ્બલી)
(૧૦૮) શ્રી. દિલીપ રાવળ (ક્રેઝહીલ, એસેક્સ)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આ ઉપરાંત બસોએક જેટલાં સામાન્ય વાર્ષિક સભ્યો છે. આમાં દર વર્ષે વધ-ઘટ થતી રહે છે. સ્થળ સંકોચને લઈને આ નામાવલી આપવી સભેદ ટાળીએ છીએ.

'ઘર ઘરમાં ગુજરાત' ખડું કરવાના કામમાં, અકાદમી હેઠળ, આપણાં સર્જકો વધુ તદ્રુપ બનીને સાહિત્ય ઉપાસના કરે, ભાષાના મશાલચીઓ આશાની લંગર સાથે અહીં ખેડાણ કરે અને અસ્મિતાના વાહકો આકાશને વિશાળ બનાવીને આપણી પ્રતિષ્ઠાના કામમાં લાગી જાય, એ જોવું છે. આવું અકાદમીનું પોત છે; આવું અકાદમીનું કાર્યક્ષેત્ર છે.

જ્હોન કેનેડીએ અમેરિકા માટે નવી આશા વ્યક્ત કરી ત્યારે પોતાનો વિકાસ કાર્યક્રમ રજૂ કરતાં અવિસ્મરણીય શબ્દો કહ્યા હતા. "આ બધું પહેલા સો દિવસોમાં પરિપૂર્ણ નહીં થાય. પહેલા હજાર દિવસમાં પણ પરિપૂર્ણ નહીં થાય. કદાચ આ વહીવટી તંત્રના (એટલે કે કેનેડીના) શાસન કાળમાં પણ પુરું ન થઇ શકે. કદાચ આપણા આ પૃથ્વી પરના આયુષ્ય-કાળમાં પણ એ પૂરું ન થઇ શકે પરંતુ આપણે શરૂ કરીએ..."

જાણીતા પત્રકાર-સાહિત્યકાર શ્રી હરીન્દ્ર દવે કહે છે એમ 'મહિમા આ શરૂ કરવાનો છે. વધુમાં એ કહે છે તેમ:

'જો કોઈક, કશી રીતે શરૂ કરશે તો આવનારી પેઢીઓ એને આગળ વધારશે. પણ શરૂ જ નહિ કર્યું હોય તો આવનારી પેઢીઓ વધુ ને વધુ પાછળ જશે. રાષ્ટ્રીય ચારિત્ર્યનું નિર્માણ સમૂહ નહીં, વ્યક્તિ કરે છે: એક વ્યક્તિમાં એ હોય તો ધીરે ધીરે અન્ય વ્યક્તિઓમાં એ પ્રગટે છે. આ રાષ્ટ્રીય ચારિત્ર્યનો મહિમા આપણે સ્થાપીશું અને સમજીશું તો એ મોટી શરૂઆત ગણાશે. આવું બનશે ત્યારે મુખ્ય પ્રધાનો, વડા પ્રધાન, ઉચ્ચ અમલદાર કે મંત્રીશ્રીઓ કરતાં નવી પેઢીના બાળકોને ક-ખ-ગ શીખવનારા શિક્ષકોનો મહિમા વધારે છે એ આપણે સમજીશું, દરેક વસ્તુનું મૂલ્ય સમૃદ્ધિથી નહીં પણ સાચી આંતરિક શ્રીથી કરતાં શીખશું ત્યારે શરૂઆત થશે. આ શરૂઆત કરીએ તો ઘણું છે: આવનારી પેઢીને કંઈક આગળ વધારવા માટે આપણે આપી શકીશું."

આ મહિમાં સારુ, પોતાનું ચારિત્ર્ય સાચવીને, ચાલો, આપણે 'ગુજરાતી સાહિત્ય અકાદમી' સાથે સત્વરે સંકળાઇને 'ઘર ઘરમાં ગુજરાત' ઊભું કરવાના કામની શરૂઆત કરીએ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આ નગરમાં સંબંધોના ધૂમાડા જ ખપે,
અહીંયા ઊર્મિ તો અગરબત્તીનું અજવાળું છે.

— જવાહર બક્ષી

Sona Rupa Ltd.

CHOICEST PLACE IN LEICESTER FOR:—

***INDIAN WEDDING SAREES**
***FRENCH and JAPANESE CHIFFONS**
***SWISS VOILES and BORDERS**
***INDIAN MUSICAL INSTRUMENTS**
(Harmonium - Tabla - Sitar etc.)

WE SERVE THE BEST—WE DESERVE THE BEST

Visit Our Showroom:—
198 Belgrave Road, Leicester, LE4 5AU. Tel: 0533~668181

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

VENILAL'S

LEADING IMPORTERS & WHOLESALERS OF
SAREES, BLOUSES, FABRICS & STOLES

Export House Pvt. Ltd.
46/48 Rendell Road,
Leicester LE4 6LE (UK).
Phone: 0533 - 666 - 999
Telex: 341632 VENLAL G

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સાહિત્યોત્કર્ષક હરીફાઇઓ

સને ૧૯૮૩માં લેસ્ટરમાં 'નર્મદ નગર' ખાતે મળેલી બીજી ભાષા સાહિત્ય પરિષદમાં સ્વાગત સમિતિના અધ્યક્ષ શ્રી મધુભાઇ સોનીએ કહ્યું હતું કે સાંપ્રદાયિક ધર્મ કરતાં સાહિત્ય અને સંસ્કૃતિ મોટી વસ્તુ છે.

સંસ્કૃતિની વાટે-ઘાટે ભાષાના જતન સારુ, સાહિત્યનો સજાગપણે વિકાસ થાય એ માટે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'એ છેલ્લાં બેએક વર્ષથી સાહિત્યોત્કર્ષક હરીફાઇઓ યોજી છે. અહીંનું સાહિત્ય સર્જન પોતાનું પોત ઉપજાવે અને તળ ગુજરાતમાં ય એ સાહિત્યને આવકારવામાં આવે એ એનું મુખ્ય ધ્યેય છે.

સાહિત્યના ઉત્કર્ષ માટે અને સ્થાનિક સ્તરે સાહિત્ય સર્જનના વિકાસાર્થે, 'ગુજરાતી સાહિત્ય અકાદમી' કાવ્ય, વાર્તા અને નિબંધ હરીફાઇઓ યોજી રહી છે. આગામી હરીફાઇમાં નાટ્ય લેખન હરીફાઇને આમેજ કરવામાં આવશે. આ હરીફાઇઓમાં અહીંનો કોઇ પણ સર્જક ભાગ લઇ શકે છે. આ હરીફાઇઓ માટે અકાદમીએ કેટલાક નિયમો બનાવ્યા છે. એ આ પ્રમાણે છે:

નિયમો:-

૧ આ હરીફાઇમાં પ્રવેશ માટેની કાવ્ય, વાર્તા, નિબંધ અને નાટ્ય લેખન કૃતિ મૌલિક હોવી જોઇએ.

૨ કાવ્ય માટેની મર્યાદા ૩૦ પંક્તિથી વધુ નહીં હોય, જ્યારે વાર્તા, નિબંધ તથા નાટ્ય લેખન માટેનું કદ વધુમાં વધુ ૧૫૦૦ શબ્દોનું રહેશે. આથી લાંબી કૃતિ સ્વીકાર્ય નહીં હોય.

૩ પ્રવેશ માટેની કૃતિઓ અન્યત્ર પ્રકાશિત થઈ ન હોવી જોઇએ. વળી, અન્યત્ર પ્રકાશન માટે એને મોકલવામાં આવી ન હોવી જોઇએ

૪ કોઇ પણ વ્યક્તિ આ હરીફાઇઓમાં ભાગ લઇ શકે છે. અકાદમીના સભ્યો માટે દરેક હરીફાઇમાં પહેલી કૃતિ માટે કોઈ પ્રકારનું પ્રવેશ શુલ્ક નહીં હોય; પરંતુ એક પછીની વધારાની દરેક કૃતિ દીઠ ફક્ત ૫૦ પેન્સ શુલ્ક આપવાનું રહેશે. અકાદમીના સભ્ય ન હોય, પરંતુ આ હરીફાઇઓમાં જેમને પોતાની કૃતિ પાઠવવી હોય એમણે કૃતિ દીઠ ફક્ત ૫૦ પેન્સનું પ્રવેશ શુલ્ક આપવાનું રહેશે.

૫ દર વર્ષે ૩૦ સપ્ટેમ્બર સુધી આ કૃતિઓ અકાદમીને મળી જ જવી જોઇએ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૬ દરેક હરીફાઇ માટે ત્રણ વ્યક્તિનું નિર્ણાયક મંડળ રહેશે. અત્યારના તબક્કે 'અસ્મિતા' નાં સંપાદક સાહિત્યોત્કર્ષક પેટા સમિતિના સંયોજક તથા અકાદમીના મહામંત્રીનું બનેલું સંચાલક મંડળ આ નિર્ણાયક મંડળની આખરી નિમણૂંક કરશે. અમુક પરિસ્થિતિમાં (ઉદા. એક ઇનામ માટે એકથી વધુ વિજેતાઓ તરી આવે તેવી સ્થિતિ) અકાદમીના સંચાલક મંડળને યોગ્ય વધુ પગલાં લેવાનો અધિકાર રહેશે.

૭ આ નિર્ણાયકો 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની કાર્યવાહક સમિતિની બહારના રહેશે.

૮ નિર્ણાયકોનો નિર્ણય આખરી રહેશે અને 'ગુજરાતી સાહિત્ય અકાદમી' ને બંધનકારી રહેશે.

૯ આ હરીફાઇઓમાં ભાગ લેનારા સર્જકોએ પોતાની કૃતિ લખાઇ હોય એ કાગળ પર પોતાનું **નામ ન જ** લખવું. **છૂટા કાગળ પર પોતાનાં નામ ઠામ લખીને જ કૃતિ બીડવાની** રહેશે. નિર્ણાયકોને આ હરીફાઇઓ માટેની કૃતિઓના કર્તાનાં નામ-ઠામ આપવામાં આવશે નહિ. નામ-ઠામ વગરની કૃતિઓ જ નિર્ણય માટે એમને આપવાની રહેશે. આ નિયમ ન જાળવનાર સર્જકની કૃતિ અસ્વીકૃત રહેવાની **શક્યતા** રહેશે.

૧૦ માહિતી લેખો, સંશોધાત્મક લેખો કે વિવેચનાત્મક લેખો જેવું ગદ્ય નિબંધો માટેની હરીફાઇમાં અસ્વીકૃત રહેશે.

૧૧ નિર્ણાયકો ગુણાંકન પ્રથા મુજબ વિજેતા કૃતિઓ પસંદ કરશે.

૧૨ સામાન્ય પરિસ્થિતિમાં પ્રથમ ત્રણ વિજેતાઓને ઇનામો અપાશે. અન્ય પરિસ્થિતિમાં નિયમ ૬ના અધારે નિર્ણય લેવાશે.

૧૩ પ્રથમ ત્રણ વિજેતાઓમાંથી કોઈ પણ નિયમનો ભંગ કરનાર નીવડ્યાનું જાણમાં આવતાં, આ બંને આશ્વાસક વિજેતાઓને સાથે લઇને, નવેસરથી હરીફો માટે વિજેતાક્રમ નક્કી કરવામાં આવશે.

૧૪ આ ચારે હરીફાઇઓમાંના કોઇ પણ નિયમના ભંગ કરનાર હરીફને ભવિષ્યની કોઇ પણ હરીફાઇમાં લગાતાર ત્રણ વર્ષ માટે બાકાત રાખવામાં આવશે.

૧૫ આવા હરીફની કોઇ કૃતિને અકાદમીના સામયિક 'અસ્મિતા' તથા મુખપત્ર 'આહવાન'માં બે વર્ષ સુધી સ્થાન નહીં આપવાની સૂચના સંપાદકોને અપાશે.

૧૬ દરેક હરીફાઇમાં પહેલા વિજેતાને દર વર્ષે 'રોટેટીંગ ટ્રૉફી' આપવામાં આવશે. જ્યારે અકાદમી તરફથી, દરેક હરીફાઇના પહેલા, બીજા અને ત્રીજા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વિજેતાને £૨૧, £૧૨ અને £૫ની કિંમતનાં સાહિત્યિક પુસ્તકો પારિતોષિક પેટે એનાયત કરવામાં આવશે.

૧૭ કોઈ પણ વિભાગની સ્પર્ધા સંજોગવશાત્ સ્થગિત કે બંધ કરવાનો આખરી નિર્ણય અત્યારના તબકકે સંચાલક મંડળ પાસે રહેશે.

૧૮ વિજેતાઓ વિશેની માહિતી તથા વિજેતા કૃતિઓ અકાદમીને યોગ્ય લાગે તે પ્રમાણે પ્રગટ કરવાનો અધિકાર રહેશે.

ઉપરના નિયમ ક્રમાંક ૧૧માં જે ગુણાંકન વિગેરેની વાત થઈ છે એના સંદર્ભમાં દરેક હરીફાઇના નિર્ણાયકો માટે માર્ગદર્શન અને ગુણપત્રક વિશે માહિતી આ લેખમાં છેવટે આપી છે.

રમણલાલ વસંતલાલ દેસાઈ
[૧૨-૫-૧૮૯૨ : ૨૦-૬-૧૯૫૪]

રોટેરીંગ ટ્રોફીઓ:

જાણીતા ગદ્ય સ્વામી અને શિક્ષણશાસ્ત્રી સ્વ. શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈના ટૂંકી વાર્તા અને નવલકથા ક્ષેત્રે અપ્રતીમ પ્રદાનને સ્મરણ કરીને, વાર્તા હરીફાઇના પહેલા વિજેતાને શ્રીમતી નિર્મળાબેન રતિલાલ બોળનપુત્રા પુરસ્કૃત "શ્રી ર. વ. દેસાઇ રોટેરીંગ ટ્રૉફી" દર વર્ષે આપવામાં આવે છે.

૧૯૮૪ દરમિયાન લેસ્ટરના શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસને "હું કયાં માનું છું 'યુથેનેસીયા'માં" નામક વાર્તા માટે તેમજ ૧૯૮૫ દરમિયાન લેસ્ટરના શ્રી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વિનય કવિ ને "કથા બે; વ્યથા એક" નામક વાર્તા માટે આ રોટેટીંગ ટ્રોફી આપવામાં આવી હતી.

સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ
'કલાપી'
[૨૬-૧-૧૮૭૪ : ૭-૬-૧૯૦૦]

જાણીતા કવિ અને સંસ્થાન લાઠીના સ્વ. ઠાકોરસાહેબ શ્રી સુરસિંહજી તખ્તસિંહ ગોહેલ "કલાપી"ના 'કલાપીનો કેકારવ' સહિતના પ્રદાનને ધ્યાનમાં લઇને, કાવ્ય હરીફાઇના પહેલા વિજેતાને દારેસલામના સ્વ. ગંગાધર ચકુભાઈ ગૂંડેચાની સ્મૃતિમાં પ્રાપ્ત થયેલી "'કલાપી' રોટેટીંગ ટ્રોફી" દર વર્ષે આપવામાં આવે છે. સ્વ. ગંગાધર ગૂંડેચાની સાત બહેનો સુશ્રી સવિતાબહેન બંભાયતા, શાંતશીલાબહેન ગજ્જર, ચન્દ્રીકાબહેન ભારદ્વીઆ, નિરંજનાબહેન સચાનીઆ, વાસંતીબહેન સચાનીઆ, રજનીબહેન પિસાવાડીઆ અને જલેશ્વરી માણેક – દ્વારા આ ટ્રોફી અકાદમીને પ્રાપ્ત થઈ છે.

૧૯૮૪ દરમિયાન લેસ્ટરના શ્રી વિનય કવિને "બહુ મોડું થાય તે પહેલાં" કાવ્ય માટે અને ૧૯૮૫ દરમિયાન વેમ્બલીના શ્રી રામુભાઈ 'મટવાડકર' ને "કાંટાળી કેડી" માટે આ રોટેટીંગ ટ્રોફી એનાયત કરાઈ હતી.

જ્યારે, નિબંધ હરીફાઇના પહેલા વિજેતાને, નિબંધ સાહિત્ય ક્ષેત્રે સ્વ. કાકાસાહેબના અદ્વિતીય પ્રદાનને ધ્યાનમાં લઇ શ્રી નરેન લાઠીગરા પુરસ્કૃત

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

"આચાર્ય કાકાસાહેબ કાલેલકર રોટેટીંગ ટ્રોફી" આપવામાં આવે છે.

૧૯૮૫માં અસ્તિત્વમાં આવેલી આ હરીફાઈમાં લેસ્ટરના શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસને "નદી તટની પગદંડી" નામક નિબંધ સારુ આ રોટેટીંગ ટ્રોફી અપાઈ હતી.

વળી, આગામી વર્ષથી નાટ્ય ક્ષેત્રે સ્વ. પ્રવીણ જોશીના અભૂતપૂર્વ પ્રદાનને ધ્યાનમાં લઇને શરૂ થનારી નાટ્ય લેખન હરીફાઇ માટે "સ્વ. શ્રી પ્રવીણ જોશી રોટેટીંગ ટ્રોફી" આપવાનું શરૂ કરાશે, એવી વકી છે.

આ ત્રણેય હરીફાઇઓનાં બંને વર્ષના પરિણામો આ પ્રમાણે છે:—

કાવ્ય હરીફાઇ:
૧૯૮૪

૧. શ્રી વિનય કવિ (લેસ્ટર)
"બહુ મોડું થાય તે પહેલાં" — પહેલા વિજેતા

૨. શ્રી પ્રવીણ કે. મહેતા (લેસ્ટર)
"આપણાં પગલાં" — બીજા વિજેતા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

શ્રી વિનય કવિ
૧૯૮૪/૮૫

શ્રી પ્રવીણ કે. મહેતા
૧૯૮૪

શ્રીમતી શુભાખહેન પટેલ
૧૯૮૪

૩. શ્રીમતી શુભાખહેન પટેલ (વેમ્બલી)
"તમે ઉપવનમાં આવ્યા" — ત્રીજા વિજેતા.

શ્રી રામુભાઈ 'મટવાડકર'
૧૯૮૫

શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ
૧૯૮૪ ।/૮૫

૧૯૮૫

૧. શ્રી રામુભાઇ 'મટવાડકર (વેમ્બલી)
"કાંટાળી કેડી" — પહેલા વિજેતા

૨. શ્રી રામુભાઈ 'મટવાડકર' (વેમ્બલી)
"હિંસાગ્નિ" — બીજા વિજેતા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૩. શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
"ટ્રેમ્પ પોસ્ટની કહાણી" —ત્રીજા વિજેતા.

સને ૧૯૮૪ની કાવ્ય હરીફાઇ માટે શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર), શ્રી જયંતભાઇ ઠાકર 'જયમંગલ' (લંડન) અને શ્રીમતી નિરંજના દેસાઈ (હેરો) નિર્ણાયકો હતાં.

જ્યારે ૧૯૮૫ની હરીફાઇ માટે કવિશ્રી ડાહ્યાભાઇ એ. પટેલ (વેમ્બલી), શ્રી મહેન્દ્ર પટેલ (વેસ્ટ ડ્રાયટન) તથા શ્રી કમાલ પટેલ 'કદમ' (પ્રેસ્ટન) નિર્ણાયકો હતા.

શ્રીમતી નયના પટેલ
૧૯૮૪

શ્રી ગિરધરભાઇ સુદ્રા 'સ્નેહલ સોરઠી'
૧૯૮૪

વાર્તા હરીફાઇ:
૧૯૮૪

૧. શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
"હું કયાં માનું છું 'યુથેનેસીયા'માં" — પહેલા વિજેતા

૨. શ્રીમતી નયના પટેલ (લેસ્ટર)
"અંત કે આરંભ" — બીજા વિજેતા

૩. શ્રી ગિરધરભાઇ સુદ્રા 'સ્નેહલ સોરઠી' (રોચફર્ડ)
"સધિયારો" — ત્રીજા વિજેતા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

શ્રી વલ્લભદાસ નાંઢા
૧૯૮૫

શ્રી હીરાલાલ શાહ
૧૯૮૫

૧૯૮૫

૩. શ્રી વિનય કવિ (લેસ્ટર)
"કથા બે; વ્યથા એક" — પહેલા વિજેતા

૨. શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
"ભર્યું ભર્યું એકાન્ત" — બીજા વિજેતા

૩. શ્રી વલ્લભદાસ નાંઢા (લંડન)
"આરોપનામું" —ત્રીજા વિજેતા

વાર્તા હરીફાઇ માટે ૧૯૮૪માં ડૉ. રોહિત બારોટ (બ્રિસ્ટલ), શ્રીમતી શાંતશીલા ગજ્જર (કોવેંડન) અને શ્રી વિનય કવિ (લેસ્ટર) તથા ૧૯૮૫માં ડૉ. જગદીશ દવે (લંડન), શ્રી જયંતભાઇ ઠાકર 'જયમંગલ' (લંડન) અને ડૉ. રોહિત બારોટ (બ્રિસ્ટલ) નિર્ણાયકો હતાં.

નિબંધ હરીફાઇ:
૧૯૮૫

૧. શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
"નદી તટની પગદંડી" — પહેલા વિજેતા

૨. શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસ (લેસ્ટર)
"આકંઠ પાન" — બીજા વિજેતા

૩. શ્રી હીરાલાલ શાહ (લંડન)
"મૃત્યુ" — ત્રીજા વિજેતા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આ હરીફાઇ માટે શ્રીમતી ભાનુબહેન કોટેચા (વેમ્બલી), શ્રી બળવંત નાયક (સાઉથહૉલ) તથા શ્રી ટી. પી. સૂચક (હેરો) નિર્ણાયકો હતા.

ત્રણેય હરીફાઇઓના દરેક વિજેતાને આપણાં સૌના હાર્દિક અભિનંદન હો. બધાંજ નિર્ણાયકોનો પણ 'ગુજરાતી સાહિત્ય અકાદમી' આભાર માને છે. વળી, રેાટેરીંગ ટ્રોફીઓના દાતાઓનું પણ સાહિત્યોત્કર્ષક હરીફાઇઓને ઉત્તેજન આપવા સારુ અમે અભિવાદન કરી આભાર માનીએ છીએ.

એક પડકાર:

'અસ્મિતા' ના પહેલા અંકને આવકારતા ડેા. રઘુવીર ચૌધરીએ લખ્યું હતું કે '... ગુજરાતી ભાષા–સાહિત્યના સંવર્ધનમાં' અકાદમી 'એવેા ફાળેા આપે કે ગુજરાતમાં કામ કરતા પ્રકાશકેા બ્રિટનના ગુજરાતી સાહિત્યકારેાની કૃતિઓ સામે ચાલીને' માગે. 'યુરેાપના વર્તમાન જીવનનેા એક આગવેા અનુભવ છે. એને વ્યક્ત કરવાનેા પડકાર' આપણાં અહીંનાં કવિ–લેખકેા ઉપાડી લે એવું અકાદમીનું ય સ્વપ્ન છે.

'ગુજરાતી સાહિત્ય અકાદમી'નું સાહિત્યેાત્કર્ષક હરીફાઇઓ માટે આ એક ચિત્ર છે. આ હરીફાઇઓનાં પારિતેાષિકેાનું લક્ષ્ય એક વ્યક્તિ નથી પણ વર્ષ દરમ્યાનની એક ઉત્તમ કૃતિ છે. આમાં આપણાં અહીંના સાહિત્ય સર્જનના ભવિષ્યનું બીજ રહેલું છે.

... અને તેા જ .....

સને ૧૯૪૬માં આગલા વર્ષનું મહીડા પારિતેાષિક "માણસાઇના દીવા"ને આપવાનેા કાર્યક્રમ થયેા ત્યારે 'જીવી જનારને જીવતર સાર્થક લાગે અને મરનારને મેાત મીઠું લાગે એ રીતે પેાતાની કવિતામાં જીવતાના જશ ગાનાર અને શહીદેાને લાડ લડાવનાર', આ પુસ્તકના લેખક સ્વ. ઝવેરચંદ મેઘાણીએ કહ્યું એમાંથી આ ફકરેા ટાંકવાનું યેાગ્ય સમજીએ છીએ:

"ગુજરાતની પાસે આપણે સદા એ જ માગીએ, કે અલ્પથી ન મલકાઇ જાય, કેાઇ લેખકને કે એની કૃતિને ઉચ્ચ ધેારણના જતરડામાંથી ખેંચ્યા વગર સસ્તા અહેાભાવે ન વધાવી લ્યે; ગુજરાત પેાતાના ચંદ્રકેા પારિતેાષિકેાના મેાભાને જરાકે હેઠેા પડવા ન આપે, એ ચંદ્રક પારિતેાષિક ભલે પછી ત્રણસેાનું નહિ ને એકજ રૂપિયાનું હેા, પણ એની પ્રાપ્તિ રેઢી, રસ્તામાં નથી પડી એવું એક સજાગ ભાન લેખકેાની અંદર ઠસાવવું ઘટે છે કારણ કે તેા જ ઉત્તમ કૃતિઓ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

જન્મ પામશે અને તો જ આજે ઊગ્યા ન ઊગ્યા ત્યાં આથમી જતાં લેખકોને બદલે સત્ત્વશાળી સાહિત્યકારોનો ઉદ્ભવ થશે... ઘર દીવડા નહીં પણ સૂર્ય, ચંદ્ર અને તારાઓનો ઉદ્યોત ગુજરાતના નભોમંડળમાં શોભે, એવા પ્રકાશવંતા જ્યોતિર્ધરોનો ઉદય આકરી કસોટી માંગી લે છે.''

કાવ્ય સ્પર્ધા

નિર્ણાયકો માટે સૂચિત ગુણપત્રક

સર્જનાત્મક કૃતિને ચોકઠામાં પૂરીને તપાસવાનું કાર્ય અઘરું છે, ચર્ચાસ્પદ છે, છતાં સ્પર્ધા માટે અમુક ધોરણો અપનાવવામાં આવે તે જરૂરી છે. પ્રથમ મુદ્દાને ધ્યાનમાં રાખીને સૂચિત વિભાગોમાં જાણી જોઈને 'Vague Element''નો ઉમેરો કરાયો છે. નિર્ણાયકોએ આખરે તો પોતાના Intuition અને સૂઝના આધારે જ ચાલવાનું રહેશે.

મુખ્ય પાંચ વિભાગો અને કુલ ૧૦૦ ગુણની પ્રથા અપનાવવામાં આવી છે.

વિભાગ (૧) : ભાષા કર્મ — ૨૦ ગુણ

જોડણી, વ્યાકરણ, શબ્દ–પસંદગી, ભાષાની નીપજી આવતી શક્તિ, કવિએ પ્રયોજેલી ખાનીથી થતું વિશિષ્ટ વિધાન, કવિએ ભાષાને નવા સંદર્ભમાં મૂકી આપી સર્જેલી તાજગી, ઓકતાવિઓ પાઝના શબ્દોમાં કહીએ તો 'કવિતામાં ભાષાનો ઉત્સવ ઊજવાય છે.' આ કેટલા પ્રમાણમાં સિદ્ધ થઇ શકયું છે; વગેરે મુદ્દા તરફ ધ્યાન આપવું.

વિભાગ (૨) : પ્રતીક / કલ્પન — ૨૦ ગુણ

કાવ્યમાં પ્રગટ પ્રતીકો કે કલ્પનોની વિશેષતા, તે દ્વારા સધાયેલ કાવ્ય વિસ્તાર, પ્રતીકો કે કલ્પનોની અર્થ – મૂલવણી, તેમની સાર્થકતા, પ્રતીકો – કલ્પનોની પસંદગીની મૂલવણી, તેમના દ્વારા પ્રગટ નાવીન્ય કે તાજગી, પ્રતીકોદ્ધાર, ઇત્યાદિ પ્રતીક – કલ્પનાનુષાંગિક વાતો ચર્ચવી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વિભાગ (૩): આસ્વાદની સામગ્રી ૨૦ ગુણ

કાવ્યમાં આસ્વાદની માત્રા, કથન, શૈલી, અનુભૂતિ, વિચાર, વાસ્તવ, વાદ્યોની અસર, સમય, જીવન – સંદર્ભ ઇત્યાદિનું કલામાં થયેલું રૂપાંતર; તથા સમગ્રપણે કૃતિની આસ્વાદ – પ્રચુરતા : એવા મુદ્દા સ્પર્શી શકાય.

વિભાગ (૪): કવિ કર્મનો વિશેષ ૨૦ ગુણ

કવિએ ભાષા, કાવ્યના શબ્દો, પ્રતીકો, છંદ કે અછાંદશતા, પ્રયોગાત્મકતા, લય, બાની, સંવેદન, કથન, અલંકારો, વાદ્યો, માનવતા, જીવનસંદર્ભ, આસપાસ આદિ સામગ્રીની મદદથી કરેલું વિશિષ્ટ સંવિધાન; કૃતિની સ્વરૂપશુદ્ધિ, (છંદ, પ્રકાર – જેમકે સોનેટ, હાઇકુ વગેરે; અછાંદશ વગેરે) તથા કવિએ સિદ્ધ કરી આપેલી તેની સાર્થકતા જેવા મુદ્દા જોવા. કવિની સર્જક તરીકે ઊપસતી છાપનું ચિત્ર મેળવવા કોશિશ કરવી.

વિભાગ (૫): અન્ય મુદ્દાઓ ૨૦ ગુણ

કૃતિએ સમગ્રપણે નિર્ણાયકના મન પર છોડેલી છાપ કે નિર્ણાયકને પોતાને જે રીતે યોગ્ય લાગે તે ધોરણે આ વિભાગમાં ગુણ આપવા.

વાર્તા–સ્પર્ધા

નિર્ણાયકો માટે માર્ગદર્શન અને ગુણપત્રક

સર્જનાત્મક કૃતિને ચોકઠામાં પૂરીને તપાસવાનું કાર્ય અઘરું છે, ચર્ચાસ્પદ છે, છતાં નિર્ણાયકો અમુક ધોરણની માગણી કરે તે પણ એટલું જ જરૂરી છે. ગુણપત્રકમાં મુકાયેલા વિભાગમાં આથી જ "Vague Element"નો ખ્યાલ રખાયો છે. મુખ્ય મથાળાંઓ હેઠળ નિર્ણાયકોએ આખરે તો પોતાના Intuition અને સૂઝનો જ આધાર લેવો પડશે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

મુખ્ય વિભાગો **કુલ ગુણ ૧૦૦**

વિભાગ (૧) : ભાષા **(૧) ૨૦ ગુણ**

આ વિભાગમાં (૧) વ્યાકરણ અને જોડણી, (૨) શૈલીની વિશેષતા (૩) ભાષા પાસે લેખકે લીધેલું કામ, (૪) શબ્દ-પસંદગી (૫) પ્રયોજિત ગદ્યની યોગ્યતા-સફળતા (૬) ભાષાના માધ્યમ દ્વારા વાસ્તવિકતાનું કલામાં રૂપાંતર કેટલા પ્રમાણમાં થઇ શકયું છે; ઇત્યાદિ મુદ્દાઓ તપાસવા.

વિભાગ (૨) : ઘટનાની ટેકનિક **(૨) ૨૦ ગુણ**

આ મુદ્દાઓ પ્રતિ ધ્યાન આપવું (૧) ઘટના દ્વારા પ્રયોજાયેલી વ્યંજના (૨) ઘટના દ્વારા નિષ્પન્ન વ્યંજનાની સાર્થકતા (૩) અથવા ઘટનાના વ્યંજના કે પ્રતીકરૂપે થયેલા વિગલન કે હ્રાસનું સાફલ્ય (૪) ઘટનામાં પ્રયોગનું વલણ-પ્રમાણ (૫) ઘટના અથવા ઘટનાના છેદની રજૂઆતમાં (દા.ત. આદિ, મધ્ય, અંતનો ક્રમ) રચનાની વિશેષતા, તેની સફળતા (૬) ઘટના પાસે લેખકે લીધેલું કામ.

વિભાગ (૩) : પાત્રાલેખન **(૩) ૧૦ ગુણ**

આ મુદ્દાઓ પ્રતિ ધ્યાન આપવું. (૧) ઘટનાત્મક કે અઘટનાત્મક વાર્તા કથનમાં આવતા પાત્ર દ્વારા પ્રગટ થતો મનુષ્ય (૨) તેની રજૂઆત (ટેકનિક)થી નીપજતી ધારદાર ચમત્કૃતિ (૩) આમ પાત્ર અને કથનના સંબંધનો વિશેષ, પાત્ર અને ભાષાના અન્વયનો વિશેષ, પાત્ર અને પ્રસંગ (ઘટના)ના સંબંધનો વિશેષ (૪) પાત્ર પાસે લેખકે કથનપૂર્તિ માટે કઢાવેલું કામ કે તેમાં મળેલી નિષ્ફળતા, વગેરે.

વિભાગ (૪) : લેખકની પ્રતિભા **(૪) ૨૦ ગુણ**

(૧) વાર્તા દ્વારા લેખકની આગવી અને વિશિષ્ટ પ્રતિભા કેટલા પ્રમાણમાં ઊપસી આવી છે? (૨) બીજી કૃતિઓના સંદર્ભે આ વાર્તાના લેખકે કેટલી વધુ પ્રકાર જાગૃતિ દાખવી છે? વગેરે પ્રશ્નો પૂછવા.

વિભાગ (૫) : અન્ય મુદ્દાઓ **(૫) ૨૦ ગુણ**

નિર્ણાયકો પર સમગ્રપણે પડેલી કૃતિની છાપ; ઇત્યાદિ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

નિબંધ-સ્પર્ધા

નિર્ણાયકો માટે સૂચિત માર્ગદર્શન અને ગુણપત્રક

"સર્જનાત્મક" નિબંધ એટલે માત્ર માહિતી લેખો, સંશોધાત્મક લેખો કે વિવેચન લેખો જેવું ગદ્ય નહિ જ. શ્રી ધીરૂભાઇ ઠાકરના શબ્દોમાં કહીએ તો "નિબંધ એટલે લેખકના વ્યકિતત્વની નીજી મુદ્રા ઊપસાવતી સ્વૈરલીલા." નિબંધનું ગદ્ય સામાન્ય ગદ્યથી કલાની દૃષ્ટિએ જુદું પડે છે. વ્યવહારની ભાષાની નીરસતામાંથી છૂટીને ગદ્ય અહીં કશું નવું કરે છે, તેથી જ તે "સર્જનાત્મક" બને છે. નિર્ણાયકોએ આ જે 'કશું નવું' થાય છે તેના પ્રમાણ, પ્રકાર, સાર્થકતા, ઇત્યાદિનો કયાસ કાઢવાનો રહેશે.

ગુણ વિભાજન **કુલ ૧૦૦ ગુણ**

(૧) ભાષા: **(૧) ૨૦ ગુણ**

નિબંધમાં પ્રયોજાતી ભાષાનું એક વિશિષ્ટ મહત્ત્વ છે, બલકે નિબંધનું એક સબળ અને આગવું પાસું ગદ્ય પોતે છે. સૂચિત મુદ્દાઓ પર ધ્યાન આપી શકાય:—

(૧) ભાષાનું લાલિત્ય (૨) શૈલીની વિશિષ્ટતા (૩) ભાષાભંગિઓ (અથાત Syntactic Structure, linguistic intonations or diction) (૪) વ્યાકરણ (૫) શબ્દ-પસંદગી (૬) ભાષાની અદ્‌ભુત રસ તરફની ગતિ.

(૨) કલ્પના: **(૨) ૨૦ ગુણ**

નિબંધમાં નિષ્પન્ન રમ્યતાનો બીજો મહત્વનો પાયો કલ્પનાની પ્રગટ માત્રામાં છે. (૧) કલ્પના વિહારની ઉત્તુંગતા (ઉચ્ચતા) (૨) સ્વૈર (Unrestrained) ગતિએ થતું રમતિયાળ આત્મકથન (૩) સીધા વર્ણનને બદલે વિસ્મયની શોધ (૪) ચીલા ચાલુ પ્રયોગને બદલે કલ્પનો (Images) નો નવો ઉપયોગ, તેમાંથી છલકી આવતી તાજગી. (૫) કલ્પન પ્રચુરતા (Saturation with images) અને તેનાથી નીપજી આવતી કાવ્યમય કથન રીતિ; વગેરે પ્રતિ ધ્યાન આપવું.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

(૩) વિચાર : **(૩) ૨૦ ગુણ**

નિબંધમાં વિચારોની સુવ્યવસ્થિત, સ્પષ્ટ અને સુગ્રથિત ગતિ મહત્ત્વની છે. (૧) વિચારમાં પ્રગટ શુદ્ધિ (૨) કલ્પનો, શબ્દો ઇત્યાદિના અર્થની એકસૂત્રતા (૩) ગંભીર વસ્તુનિષ્ઠ (વિષયને વળગીને ચાલનારી, તેને ન્યાય આપનારી) પર્યેષણા (શોધ, ચિંતન આલોચના) (૪) વિચાર કથનની નિર્મળ, નિર્દોષ અને નિખાલસ ચમત્કૃતિ (૫) 'દર્શન'ની મૌલિકતા અને અદ્‌ભુતતા, તેના અહોભાવમાંથી પ્રાપ્ય શુદ્ધ આનંદ: આવા મુદ્દા જોવા.

(૪) વિષયની કાવ્યમય નિષ્પત્તિ (outcome) **(૪) ૨૦ ગુણ**

આ વિભાગમાં વિષય અને ભાષાની એકમેક પ્રતિની પૂરકતા કે અનુરૂપતા ચકાસી શકાય. વિષય પોતે કેટલા પ્રમાણમાં લલિત કે મોહક બની શકયો છે તે જોઇ શકાય. વિષયમાં અધ્યયન, અભ્યાસ કે જ્ઞાનના બોજને બદલે કેટલા પ્રમાણમાં વિસ્મય અને નિર્વ્યાજ આનંદની હળવાશ મળી આવે છે તે ખાસ નોંધવું. વિષયની રજુઆતમાં વપરાયેલાં મર્મ, વ્યગ, દર્શન, કટાક્ષ, ઉપહાસ વગેરેની સાર્થકતા.

(૫) લેખકની શક્તિ-પ્રતિભા **(૫) ૨૦ ગુણ**

વિષય માટે પસંદ કરાયેલા સ્વરૂપની સિદ્ધિ (૧) સામાન્ય વસ્તુને પણ અદ્‌ભુત બનાવી દેવાની લેખકની શક્તિ (૨) લેખકના વિશાળ અનુભવનો પ્રગટ સ્પર્શ (૩) લેખકની કલ્પનાશીલ પ્રકૃતિ (૪) લેખકની ઋજુ ભાવમયતા. (૫) લેખકમાંથી પ્રગટ થતો હૂંફાળો માનવ (૬) લેખકની નર્મ, મર્મ, વ્યંગ, કટાક્ષ, ઉપહાસ, દર્શન, ભાષા; શૈલી, નિર્દોષતા વગેરે શક્તિની ઊપસતી છાપ.

નાટય લેખન સ્પર્ધા

નિર્ણાયકો માટે સૂચિત માર્ગદર્શન અને ગુણ પત્રક

નાટક એટલે માત્ર ઉપલક સ્તરનું કટાસભર સર્જન નહિ. નાટક એટલે માત્ર સાહિત્યિક સર્જન પણ નહિ જ. સાહિત્ય ખરું, પણ એ સાહિત્યમાં સંગીત, નૃત્ય, ચિત્ર, વેશભૂષા, રંગભૂષા ઇત્યાદિ અન્ય કલાઘટકો સાથે ઊભા રહેવાની ક્ષમતા હોય. સંવાદિતા માટે આ અન્ય ઘટકોએ એના પર

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

લાદેલા નિયંત્રણો તેના પર હોય. નાટકની રચના રીતિમાં લેખકે ચિત્રકારની જેમ આ બધા ઘટકોનું સાહિત્ય સાથે યોગ્ય મિશ્રણ કરવા પર ધ્યાન આપવાનું હોય છે.

મુખ્ય પાંચ વિભાગો અને કુલ ૧૦૦ ગુણની પ્રથા આપવામાં આવી છે.

વિભાગ (૧) સંવાદ **૨૫ ગુણ**

સંવાદ દ્વારા નાટકનું પોત ઉપસી આવે છે. તેમાં વપરાયેલી ભાષા; તે ભાષા પાસે લેખકે લીધેલું કામ; સંવાદની યોગ્યતા; નાટ્ય વસ્તુની રચના રીતિમાં તેનો ફાળો; સંવાદમાં પ્રગટ સ્પષ્ટતા, વ્યવસ્થિતતા, વેધકતા, ભાવ, અર્થ અને શૈલીનું રૂપ; સંવાદમાં પ્રગટ પ્રદિશિકતા ઇત્યાદિ પાસાં આ વિભાગમાં તપાસવાં.

વિભાગ (૨) પાત્રાલેખન **૨૫ ગુણ**

પાત્ર દ્વારા પ્રગટ શક્યતાઓ, પાત્ર દ્વારા પ્રગટ થતો મનુષ્ય, પાત્ર દ્વારા પ્રગટ માનસિક અને સબંધલક્ષી સંઘર્ષ, પાત્રનું ઘટના અને નાટ્ય વસ્તુમાં પ્રદાન, પાત્રનો વિશેષ, પાત્રમાં સમાયેલી અભિનય અને રંગભૂમિ માટે જરૂરી શક્યતાઓ, પાત્રની પ્રગટ રૂપ્રેખાતથી નિષ્પન્ન સચોટ ઉક્તિ, પાત્ર અને કથનના સંબંધનો વિશેષ, પાત્ર અને ભાષાના અન્વયનો વિશેષ વગેરે મુદ્દાઓ ચકાસવા.

વિભાગ (૩) નાટ્ય વસ્તુ **૨૦ ગુણ**

નાટકમાં પ્રગટ ઘટના; નાટકનો પ્રકાર; પ્રકારની સફળતા; ઘટનાનું મહત્વ; નાટકમાં લેખકે પ્રયોજેલો પ્રયોગ; લેખકને કથનમાં મળેલી સફળતા–નિષ્ફળતા; નાટકના રૂપ–રચનાનો પ્રગટ થતો આકાર; તે આકારની સફળતા ઇત્યાદિ મુદ્દા તપાસવા.

વિભાગ (૪) લેખકની પ્રતિભા **૧૫ ગુણ**

નાટક દ્વારા પ્રગટ થયેલી લેખકની સર્જન શક્તિ; માધ્યમ બાબત લેખકની જાગૃતિ ઇત્યાદિ.

વિભાગ (૫) અન્ય મુદ્દા **૧૫ ગુણ**

કૃતિની નિર્ણાયકના મન પર પડેલી છાપ, નાટક સંદર્ભે નિર્ણાયકને આવરવા યોગ્ય લાગતા અન્ય મુદ્દા.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

બસ એટલી સમજ

બસ એટલી સમજ મને પરવરદિગાર દે,
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.

માની લીધું કે પ્રેમની કોઈ દવા નથી,
જીવનના દર્દની તો કોઇ સારવાર દે.

ચાહ્યું બીજું બધું તે ખુદાએ મને દીધું,
એ શું કે તારા માટે ફકત ઇંન્તિઝાર દે.

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર દે.

પીઠામાં મારું માન સતત હાજરીથી છે,
મસ્જિદમાં રોજ જાઉં તો કોણ આવકાર દે!

નવરાશ છે હવે જરા સરખામણી કરું,
કેવો હતો અસલ હું, મને એ ચિતાર દે.

તે બાદ માંગ મારી બધીયે સ્વતંત્રતા,
પહેલાં જરાક તારી ઉપર ઇખ્તિયાર દે.

આ નાનાં નાનાં દર્દ તો થાતાં નથી સહન,
દે એક મહાન દર્દ અને પારાવાર દે.

સૌ પથ્થરોના બોજ તો ઊંચકી લીધા અમે,
અમને નમાવવા હો તો ફૂલોનો ભાર દે.

દુનિયામાં કંઈકનો હું કરજદાર છું 'મરીઝ',
ચૂકવું બધાનું દેણ જો અલ્લાહ ઉધાર દે.

'મરીઝ'

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

K. P. THAKKAR

INSURANCE CONSULTANTS

All Kinds of Insurances & Mortgages

Greenhill House
184B Station Road
HARROW
Middlesex

Tel: 01-427 2445

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

બ્રિટનની દ્વિતીય 'ભાષા સાહિત્ય પરિષદ'

૧૯૮૫ના મેની ૨૭,૨૮,૨૯મી તારીખે લેસ્ટર ખાતે રશ્મિમીડ સ્કૂલમાં ભાષા-સાહિત્ય પરિષદની યોજના થઈ હતી. પરિષદ પૂરતું એ પરિષદના સ્થળને 'નર્મદનગર' નામ આપી ગુજરાતી ભાષા-સાહિત્યની ઉત્તમ સેવા કરનાર 'વીર નર્મદ' ના ૧૫૦માં જન્મને યાદગાર બનાવવામાં આવ્યો હતો. તા. ૨૭ શુક્રવારે સાંજે લેસ્ટરના લોર્ડ મેયર તથા તેમનાં પત્ની અને બીજાં મહેમાનો આ પ્રસંગે પધાર્યાં હતાં. શરૂઆતમાં પરિષદના અધ્યક્ષ શ્રી. ભાનુશંકર ઓ. વ્યાસે નર્મદની તસ્વીરને ફૂલહાર અર્પણ કર્યો એ પછી મહેમાનોનું સ્વાગત સુખડના હારથી કરવામાં આવ્યું. આપણા જાણીતા કવિ શ્રી. 'ખબરદાર' રચિત 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' ગવાયું એને પછી સ્વાગત સમિતિના અધ્યક્ષ શ્રી માધુભાઈ સોનીએ સર્વને આવકાર આપતાં પરિષદને સફળતા મળે એવી શુભેચ્છાઓ પાઠવી. ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ શ્રી યોગેશ પટેલે આનંદ વ્યક્ત કરતાં અને માતૃભાષા ગુજરાતીનાં શિક્ષણ ઉપર ભાર મૂકતાં જણાવ્યું કે ગુજરાતી નહિ શીખીએ તો એથી કંઈ આપણે અંગ્રેજ બની જવાના નથી. ગુજરાતી ભણીને પણ આપણે બ્રિટિશ તો બની જ શકીએ છીએ. ક.મા. મુનશી ના શબ્દો ટાંકીને એમણે વિશેષમાં જણાવ્યું કે આપણી આ પરિષદ આપણે માટે પ્રયોગશાળા બની રહો. અંતમાં એમણે કહ્યું; "આ એક સાહિત્યયજ્ઞ છે અને એ યજ્ઞમાં બધાંએ સાથે મળીને કામ કરવાનું છે; તો ચાલો, નર્મદનું વાક્ય યાદ કરીએ અને કામ કરવા મંડી પડીએ,-સહુ ચલો જીતવા જંગ જ્યૂગલો વાગે;"

પરિષદના અધ્યક્ષ સ્થાનેથી અંગ્રેજીમાં બોલતાં શ્રી ભાનુશંકર ઓ. વ્યાસે જણાવ્યું, 'Literature is a Creative art; life is nothing if it is not a drama of success and failure.' ગુજરાતી સાહિત્યની વિપુલતા અને સૌંદર્યનો ખ્યાલ આપતાં એમણે વિશેષમાં જણાવ્યું કે The world of Gujarati Literalure is rich and enjoyable

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

–enormous tree to give rest to the travellers.'

ભારતથી પધારેલાં 'ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી મનુભાઇ પંચોળીએ (દર્શક) પ્રાસંગિક પ્રવચનમાં સંસ્કૃતિ ઉપર ભાર મૂકતાં જણાવ્યું, 'ગમે એટલી મહેનત કરીએ પણ આપણે આપણી જાતને ભૂલી શકવાના નથી. આપણા સંસ્કારોનું જતન કરવાનું છે, એ આપોઆપ ન ટકે; જે સંસ્કૃતિએ મહાત્મા ગાંધીને જન્મ આપ્યો તે સંસ્કૃતિ આપણને ઘણું શીખવી શકે એમ છે. સંસ્કૃતિ મળતી નથી પણ એ તો ટ્રાન્સફર અને એકવાયર થાય છે. એ પ્રાપ્ત કરેલો સંસ્કાર છે. નર્મદને ધ્યાનમાં રાખી એમણે જણાવ્યું. નર્મદ એ શબ્દોનો નહિ પણ કર્મનો કવિ હતો. સમાજમાં ખરાબને કાઢવા એણે ખૂબ મહેનત કરી હતી માટે આપણે પણ ભાષા દ્વારા સંસ્કૃતિનો પ્રચાર કરવાનો છે. ત્રણ દિવસ દરમ્યાન આપણે પૂછતાં રહેવું, "कस्मै देवाय ?

એ પછી લેસ્ટરના લોર્ડ મેયરે ભાષાના પ્રચારની પ્રશંસા કરતાં જણાવ્યું કે આપણે ભાષાના માધ્યમથી એક કુટુંબી થઇ શકીએ. આજે અહીં ભાષા સાહિત્યના પ્રચાર માટે જે પરિષદ ભરાઇ છે તે આવકારપત્ર છે. 'ગાંધી' ફિલ્મનો ઉલ્લેખ કરી એમણે જણાવ્યું, આજથી ૨૦–૨૫ વરસ પહેલાં આટલાં બધાં ગુજરાતીઓ અહીં લેસ્ટરમાં નહોતા. હવે વસતિ વધી છે તો ગાંધી જેવા મહાન નેતાઓની ગુજરાતી ભાષા અહીં આબાદ થાઓ અને એ ભાષા બોલનાર તમે ખૂબ આગળ વધો. એવી શુભેચ્છા દર્શાવી એમણે પરિષદનું વિધિવત્ ઉદ્ઘાટન કર્યું. સાંજના ભોજન પછી રાત્રે ત્રણ કલાક શ્રી ચંદુભાઇ મટાણી અને એમના સાથીદારોએ સુગમ સંગીત દ્વારા મનોરંજન પૂરું પાડ્યું. એમણે જે ગીત અને ગઝલોની પસંદગી કરી હતી એમની સાહિત્યિક ગુણવત્તા ધ્યાન ખેંચતી હતી. શ્રી ગુણવંત પંડ્યા, કુ. બિન્દુ અને અન્ય કલાકારોના કેળવાયેલા કંઠે પાંચસો જેટલા શ્રોતાઓનો સદ્ભાવ જીતી લીધો.

પરિષદના બીજે દિવસે તા. ૨૮મીએ પ્રતિનિધિઓની નોંધણી બાદ સવારના વખતમાં નીચેના વિષય ઉપર બે વક્તાઓએ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

પોતાના વિચારો જણાવ્યા. વિષયઃ 'ગુજરાતી ભાષાનો આપણા યુરોપિય જીવન સાથેનો સંદર્ભ.' શ્રી વિનોદ કપાસી અને શ્રી રમણભાઈ એચ. પટેલે એ વિષયની છણાવટ કરતાં આ દેશમાં ગુજરાતી ભાષાના શિક્ષણ ઉપર ભાર મૂકતાં જણાવ્યું, "આપણી નવી ઊગતી પેઢી આપણી સાથે રહે એમ જો આપણે ઇચ્છતા હોઈએ તો એમને ગુજરાતી શીખવવું જ પડશે. આફ્રિકામાં સંપત્તિ ગુમાવી છે; હવે અહીં સંતતિ ગુમાવવી ન હોય તો ચેતવાની ખાસ જરૂર છે." શ્રી રમણભાઈ પટેલે જણાવ્યું, "માતૃભાષાના જ્ઞાન વિના બાળક એક અનાથાશ્રમનું ફરજંદ છે. ચૂડી અને ચાંદલાની જેમ માતૃભાષા એક શુભ ચિહ્ન છે." એ જ વિષય ઉપર જાહેરમાં ચર્ચા કરતાં બધાને એ જ લાગ્યું કે ગુજરાતી ભાષાને મહત્ત્વ મળવું જોઈએ અને એક સર્વસામાન્ય પદ્ધતિથી એ શીખવાવું જોઈએ. આ બેઠકમાં ૨૪૦ પ્રતિનિધિઓમાંથી મોટાભાગનાએ ચર્ચામાં ભાગ લીધો અને શ્રી મનોરમાબહેન વ્યાસે મધુરતા અને કુનેહથી સંચાલન કર્યું.

એ જ દિવસે બપોરની બેઠકમાં 'બ્રિટનમાં ગુજરાતી પત્રકારત્વ અને પ્રસારણ–એક સમીક્ષા' એ વિષય ઉપર બોલતાં શ્રી વિપુલ કલ્યાણી અને શ્રી પ્રવિણ લુક્કાએ જણાવ્યું કે અહીંનાં જે છાપાં ચાલી રહ્યાં છે તેમણે નિષ્પક્ષ અને તટસ્થ રહીં સમાચાર આપવાં જોઈએ. તંત્રી લેખતો છાપાંનું હૃદય છે, એટલે એ લેખો બિલકુલ તટસ્થ હોવા જોઈએ. મૌલિક વિચારો અને સમાચારો અપાય એવું થાય તો છાપાંઓએ સારી સેવા કરી ગણાશે એમ એમણે ખાસ જણાવ્યું. જાહેર ચર્ચાને અંતે એકત્રિત થયેલા શ્રોતાઓને લાગ્યું કે છાપાંનું માધ્યમ ભાષા અને સાહિત્ય પ્રચાર માટે એક સારું અંગ છે. શ્રી વિપુલ કલ્યાણીએ નીવડેલા પત્રકારો અને ચિંતકોને ટાંકીને બ્રિટનના સંદર્ભમાં ગુજરાતી પત્રકારત્વનો આદર્શ રજૂ કર્યો. અધ્યક્ષ સ્થાનેથી બોલતાં શ્રી નટુભાઈ એસ. પટેલે ગંભીર હળવી શૈલીમાં ભારપૂર્વક જણાવ્યું, "બેગા રહો ને એક બીજાની સામે અવાજ ન ઉઠાવો. આપણે અ.પણો અવાજ અહીંથી દુનિયાને પહોંચાડવાનો છે." સાહિત્યિક પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા એમણે શ્રોતાઓને ખાસ નિર્દેશ કર્યો.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

એજ દિવસે રાત્રે કવિ સંમેલનની યોજના થઈ અને ઉત્તમ કાવ્ય પંક્તિઓનો આસ્વાદ કરાવતાં એનું સંચાલન ભારતથી પધારેલા 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ના મંત્રી શ્રી રઘુવીર ચૌધરીએ સફળતાથી કર્યું.આ સંમેલનમાં ૨૮ કવિમિત્રોએ પોતાનાં કાવ્યો રજૂ કર્યા. એમાં પ્રેસ્ટેનથી પધારેલા ગઝલકારો એ વિરામ પછી બીજા દૌરમાં પોતાની ગઝલોથી શ્રોતાઓનાં મન ખરેખર હરી લીધાં. આ કાર્યક્રમ સાડા ત્રણ કલાક ચાલ્યો.

તા. ૨૯ મીએ સવારની બેઠકનો વિષય હતોઃ ' બ્રિટનમાં સર્જાતું ગુજરાતી સાહિત્ય–પોત અને પ્રકાશ.' વક્તા શ્રી વિનય કવિએ અને શ્રી યોગેશ પટેલે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું,'' સાહિત્ય તો સામાજિક પરિસ્થિતિનો પડઘો છે અને હજી આપણા સમાજના પ્રશ્નોને આવરી લેતાં ગુજરાતી પ્રકાશનોની અહીં ખાસ જરૂર છે.'' સમજણપૂર્વક થતા વિવેચનની આવશ્યકતા ઉપર એમણે લોકોનું ધ્યાન ખેંચ્યું. આ બેઠકના પ્રમુખ હતાં શ્રી ટી. પી. સુચક. એ જ દિવસે બપોરની બેઠકમાં 'સાંપ્રત જીવનની સાહિત્ય ઉપર અસર' એ વિષય ઉપર ચર્ચા થઈ. ડૉ. રોહિત બારોટ અને શ્રીમતી નિરંજના દેસાઈએ આ વિષયનું વિશ્લેષણ કરતાં જણાવ્યું કે અહીં જુદા જુદા સંસ્કાર અને ભિન્ન ભિન્ન સંસ્કૃતિની વસતિ હોવાથી મોટા પ્રશ્નો આજના તરૂણો માટે ઊભા થાય છે; પણ તે હલ કરવા આપણે પ્રયત્ન કરવા પડશે. તરુણોને પોતાના વિચારો વ્યકત કરવાની તક આપવા માધ્યમ પૂરું પાડવાની જરૂર હવે ઊભી થઈ છે. અંગ્રેજીમાં લખે તો પણ એ સ્વીકારી એમને ઉત્તેજન મળે એવું થાય તો એમને સારું પ્રોત્સાહન મળશે અને આપણું સાહિત્ય સમૃદ્ધ બનશે. આ બેઠકના પ્રમુખ શ્રી પ્રફુલ્લ પટેલ. છેલ્લી બેઠકના આરંભે કેટલાંક ઠરાવો સર્વાનુમતે પસાર થયાં અને એના અમલ માટે ઘટતું કરવા સભાએ અકાદમીમાં વિશ્વાસ વ્યકત કરી એની કારોબારીને અમલની સત્તા આપી.

પછી ભારતથી પધારેલા પ્રા. રઘુવીર ચૌધરીએ સભાને સંબોધતાં પોતાનો આનંદ વ્યકત કર્યો, પોતાના સર્જનની કેફિયત

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

રજૂ કરી અને અહીંની સાહિત્યિક પ્રવૃત્તિને ઉત્તેજન મળે એ માટે બનતું બધું કરવાની એમણે ખાતરી આપી. શ્રોતાઓના આગ્રહને વશ થઈ કાવ્ય પણ રજૂ કર્યું. શ્રી મનુભાઈ પંચોળીએ કહ્યું કે આપણે વેપારમાં સાહસ કરીએ છીએ તેમ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સાહસ કરવું જોઈએ." સાહિત્ય અને લખાણનો ભેદ બતાવતાં એમણે જણાવ્યું, "આનંદ આપે તે સાહિત્ય અને ન આપે તે લખાણ"

અંતમાં 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' નું ગીત ગવાયા બાદ લંડન, પ્રેસ્ટન બર્મિંગ્હામ માન્ચેસ્ટર, કોવેન્ટ્રી, લિડસ વગેરે દૂર દૂરનાં સ્થળોએથી આવેલા ૩૦૦ ઉપરાંત સાહિત્ય પ્રેમીઓ આ સાહિત્ય મેળાનો આનંદ માણી રાત્રે સાડા આઠ વાગ્યે છૂટા પડ્યાં.

હીરાલાલ શાહ

"નિરીક્ષક" તા. (૨૬.૬.૧૯૮૩)માંથી સાભાર.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ન મોકલાવ

આંખોમાં આવી રીતે તું દશ્યો ન મોકલાવ
ખાલી થયેલ ગામમાં જાસો ન મોકલાવ

ફૂલો ય પૂરબહારમાં હિંસક છે આજકાલ
રહેવા દે, રોજ તું મને ગજરો ન મોકલાવ

તું આવ કે પાડી રહ્યો છું સાદ હું તને
પહાડોની જેમ ઓખરો પડઘો ન મોકલાવ

ખાબોચિયું જ આમ તો પર્યાપ્ત હોય છે
હોડી ડુબાડવાને તું દરિયો ન મોકલાવ.

થોડોક ભૂતકાળ મેં આપ્યો હશે, કબૂલ
તું એને ધાર કાઢીને પાછો ન મોકલાવ

રમેશ પારેખ

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

કાંતિભાઇ બી. પટેલ

પ્રમુખ
'નેશનલ કોંગ્રેસ ઓફ ગુજરાતીઝ'

3 Newton Court
35 Fairfax Road
LONDON
NW6 4ER
TEL: 01-328 8396

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પરદેશી ગુજરાતીઓના ભાષાપ્રેમ

હૈદરાબાદમાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના સંમેલન દરમિયાન સ્થાનિક સ્વાગત સમિતિના સભ્યો ભારે ચિંતાથી કહી રહ્યા હતા કે અહીંની નવી પેઢીમાંથી ગુજરાતી ઝડપથી ભૂંસાઈ રહ્યું છે. ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ માટે માતૃભાષાના શિક્ષણની જોગવાઈ કરવી જોઈએ. આ સંમેલનમાં બ્રિટનથી (પોતાના ખર્ચે) આવેલા ત્યાંની સાહિત્ય અકાદમીના મંત્રી શ્રી વિપુલ કલ્યાણીએ વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો કે બ્રિટનના ગુજરાતીઓ સ્વભાષાના જતન અને સંવર્ધન માટે ગુજરાતી સાહિત્યના પ્રકાશન અને પ્રસાર માટે શા શા પ્રયત્નો કરી રહ્યા છે. બ્રિટનમાં કામ કરતી સાહિત્ય અને શિક્ષણની સંસ્થાઓની બ્યૂહરચનાઓ જાણીને કુતૂહલ થયું હતું. આ મે-જૂનમાં એમનું પ્રત્યક્ષ કામ જોઈને આનંદ થયો. જતને પામવા પોતાનાં મૂળિયાં સુધી જવાનો વિદેશી ગુજરાતીઓનો આ પ્રયત્ન વિચારપ્રેરક છે.

ભારતનાં નગરોમાં ઉચ્ચ વર્ગ અને મધ્ય ઉચ્ચ વર્ગનાં કુટુંબો પોતાનાં સંતાનોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણાવવાનું પસંદ કરે છે. અને એમને ગુજરાતી બરાબર નથી આવડતું એવો ઉલ્લેખ કરવામાં ગૌરવ અનુભવે છે, આવા દાખલા બહુ ઓછા હોય તોપણ એ સૂચવે છે કે ભારતમાં આજેય અંગ્રેજી એ ઉચ્ચતાનો માપદંડ છે. હું માનું છું કે, ભારતના બધા પ્રદેશોમાં મંત્રાલયની ભાષા તરીકે અંગ્રેજી બપની છે. પણ માધ્યમ તો માતૃભાષા જ હોય. એ અંગે વિવાદને સ્થાન નથી. હવે પ્રશ્ન એ થાય કે બ્રિટનમાં વસતા વિદ્યાર્થીઓની માતૃભાષા કઈ? બ્રિટનમાં વસતી ગુજરાતી માતાઓ આજે તો ગુજરાતી સારું જાણે છે પણ નવી પેઢીની માતાઓની ભાષા કઈ રહેશે? એટલે કે માતૃભાષા પણ બદલાતી રહે છે. યુગો પહેલાં આપણા પૂર્વજોની માતૃભાષા સંસ્કૃત હતી, આજે ગુજરાતી છે, થોડીક સદીઓ પછી શક્ય છે કચ્છી અને ઉત્તર-દક્ષિણ ગુજરાતની બોલીઓ સ્વતંત્ર ભાષાનું સ્વરૂપ ધારણ કરે! અને ગુજરાતમાં વસતાં બાળકોની માતૃભાષાનું નામ પણ બદલાય. હવેના બહુભાષી સમાજમાં સભ્યતા અને સંસ્કૃતિના સમવાય-વિચ્છેદ-સંયોગ પણ થતા રહેવાના. તેથી ભાષાની ફેરબદલી અંગે વસવસો કરી શકાશે નહીં. તો, એવું કંઈક છે ખરું કે જેનું કાળજીથી જતન કરવા આપણા વિદેશી સ્વજનોને કહી શકીએ?

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(૧) ગુજરાતી ભાષામાં સુલભ સાહિત્ય અને સંસ્કારનો વારસો – નરસિંહ મીરાંનાં પદ અને ગાંધીજીની આત્મકથા આદિ કૃતિઓ જગતની બીજી કઈ ભાષામાં છે ?

(૨) એક પ્રશ્ન તરીકે ગુજરાતીઓએ યુગોથી કેળવેલાં સાહસ અને સહિષ્ણુતાનાં લક્ષણો પરત્વે માત્ર અંગ્રેજો જ કંઈક આગળ લાગે. (આ વસ્તુ ઉમાશંકરભાઈ એમની ભાષામાં પ્રતીતિજનક રીતે કહેતા હોય છે.) કયાંક તો ગુજરાતીઓ પહેલાં ગયા તેથી અંગ્રેજો જઈ શકયા. જેનો ચર્ચિલ જેવાએ પણ એકરાર કરેલો છે.

(૩) ભારતની આધ્યાત્મિક પરંપરા – આત્મજ્ઞાન દ્વારા મુક્તિની ઉપાસના ઉપનિષદકાળથી છેક રમણ અને રામકૃષ્ણ સુધી અવિરત જોવા મળે છે. ગોવર્ધનરામે નવા યુગના સંદર્ભમાં આત્મચેતનાનું પ્રતિપાદન કર્યું છે. સુન્દરમ્–રાજેન્દ્ર–મકરંદને પણ ગુજરાતીમાં જ વાંચવાના રહેશે ને ! અને અખાથી સ્વામી આનંદ જેવા લેખકોએ એમના અધ્યાત્મ જગતને કેવા તળ ગુજરાતીમાં મૂકયું છે એનું રહસ્ય પામવા પણ ગુજરાતી ભાષાને બરાબર જાણવી પડશે, પામવી પડશે.

બ્રિટનના ગુજરાતી મિત્રો સમક્ષ આ વસ્તુ પર મેં વારંવાર ભાર મૂકયો. મનુભાઈએ લોકશાહી માટેના અંગ્રેજ પ્રજાના પુરુષાર્થ અને સમર્પણ-ભાવને બિરદાવ્યો : તમે બ્રિટિશ નાગરિક છો એ ભૂલશો નહીં. અંગ્રેજી મહાન ભાષા છે. એમણે અંગ્રેજો અને ગુજરાતીઓના ઇતિહાસમાંથી ઘણા પ્રેરક દાખલા આપ્યા. અમે અનેક સભાઓમાં સૂચવ્યું કે તમારાં બાળકો ગુજરાતી સ્વૈચ્છિક રીતે ભણે છે તે સારું છે. 'શિશુકુંજ' અને બીજી સંસ્થાઓ અડવાડિયામાં બે કે ત્રણ દિવસ વધારાના વર્ગો લઈને ગુજરાતીનું ક્રમિક શિક્ષણ આપે છે તે અભિનંદનને પાત્ર છે. શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિર અને હિંદુધર્મના બીજા સંપ્રદાયોની શાખાઓ પણ ગુજરાતી અને ભારતીય ભાષાઓનું શિક્ષણ આપે છે. કયાંક તો આ વર્ગોની સંખ્યા પાચસોથીય વધુ છે. માબાપ અગાઉથી જાણ કરીને આગ્રહ રાખે તો 'ઓ લેવલ' એટલે કે આપણી 'ન્યૂ એસ. એસ. સી.' પરીક્ષામાં શાળાના સંચાલ-કોએ માતૃભાષાના શિક્ષણની જોગવાઈ કરવી પડે એવી કાનૂની સ્થિતિ છે. કેટલાંક જાગ્રત અને સ્વભાષાપ્રેમી માબાપ એનો લાભ લે છે. બ્રિટનમાં અનુવંશિક લઘુમતીઓનાં બાળકોના શિક્ષણ માટે નવી વ્યવસ્થાઓ ઊભી થઈ છે. એમાં બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી ઉપરાંત પત્રકારો, શિક્ષકો અને સંસ્કારપ્રેમી ગુજરાતીઓનો પણ ફાળો છે અકાદમીના હોદ્દેદારો

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અને સભ્યો આ અંગે હજી ઘણું કરી શકે એમ છે. એમની સમિતિઓ ત્યાંની પરિસ્થિતિને અનુરૂપ અભ્યાસક્રમો અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં સક્રિય છે. એમાં ભારતીય ગુજરાતીઓએ એમને મદદ કરવાની આવશે. લિપિ અને ભાષા વચ્ચે અનિવાર્ય સંબંધ નથી. હવેના સમયમાં ધ્વનિ-મુદ્રણ અને દ્રશ્યશ્રાવ્ય સાધનો – કેસેટ અને વિડિયો – ભાષાશિક્ષણમાં ખપમાં લેવાશે જ. ગુજરાતવાસી ભાષાનિષ્ણાતો આ પ્રકારની સામગ્રી તૈયાર કરવામાં મદદરૂપ બની શકે તેમ છતાં મુખ્ય કામ બ્રિટનમાં વસતા ગુજરાતી લેખકો અને શિક્ષકોએ પોતે જ કરવાનું આવે. એ કામ કરવાની એમનામાં શક્તિ છે એનો આ પ્રવાસ દરમિયાન ખ્યાલ આવ્યો. લેસ્ટરમાં તા. ૨૭, ૨૮, ૨૯ મે દરમિયાન શ્રી ભાનુશંકર વ્યાસના પ્રમુખપદે મળેલી ભાષા-સાહિત્ય પરિષદના વિભાગીય પ્રમુખો અને વક્તાઓએ પ્રાપ્ત પરિસ્થિતિમાં આ ક્ષેત્રે શું શું થઈ શકે એ અંગે અનેક રચનાત્મક સૂચનો કર્યાં છે.

ઉદ્‌ઘાટન-બેઠકમાં અકાદમીના પ્રમુખ શ્રી યોગેશ પટેલે કહ્યું કે અહીં ઇંગ્લેંડમાં રહીને ગુજરાતી નહીં શીખીએ તો એથી કંઈ આપણે અંગ્રેજો થઈ જવાના નથી. આ પરિષદના પ્રમુખ શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસે સાહિત્યતત્ત્વ, કલાવ્યાપાર અને સર્જકની જવાબદારીની ચર્ચા કરતાં ગુજરાતી ભાષા-સાહિત્યની સમૃદ્ધિનો એમના પ્રભાવક અંગ્રેજી વક્તવ્યમાં મહિમા કર્યો. શ્રી દર્શકે કહ્યું કે સંસ્કાર અને સંસ્કૃતિ એ આપોઆપ વારસામાં મળનારી વસ્તુ નથી – 'ઈન્હેરન્ટ કેરેક્ટરિસ્ટિક' નથી પણ કેળવેલી વસ્તુ છે – 'એક્વાયર્ડ' છે. જે સંસ્કૃતિએ મહાત્મા ગાંધીને જન્મ આપ્યો એના સંસ્કારોનું આપણે કાળજીથી જતન કરવાનું છે, ભાષા દ્વારા સંસ્કૃતિને પામવાની છે. લેસ્ટરના આ નર્મદનગરમાં એમણે વીર કવિને અંજલિ આપતાં કહ્યું કે નર્મદ માત્ર શબ્દનો નહિ, પણ કર્મનો કવિ હતો.

'ગુજરાતી ભાષાનો આપણા યુરોપીય જીવન સાથેનો સંદર્ભ' વિશે શ્રી મનોરમાબહેન વ્યાસના પ્રમુખપદે શ્રી વિનોદ કપાસી અને રમણ પટેલે વક્તવ્ય રજૂ કર્યાં. બ્રિટનના શિક્ષણખાતાની નીતિનો ઉલ્લેખ કરીને વિનોદભાઈ એ કહ્યું કે જે બહારથી આવેલા છે – માઇગ્રન્ટ છે એમને ભાષા શીખવવાની જોગવાઈ છે પણ જે અહીંના થઈને રહ્યા છે એમને એમની માતૃભાષા વ્યવસ્થિત રીતે શીખવવાની જોગવાઈ નથી. પરદેશીઓને તમે 'લાયેબિલિટી' (– ભારરૂપ) ગણો છો, 'એસેટ' (– મૂડી) નહીં. વિનોદભાઈ એ બ્રિટનની સરકાર પરથી નિશાન ઉઠાવી લઈને ભારત ભણી જોતાં કહ્યું : 'જો ગુજરાત સરકાર ઇચ્છતી હોય કે અહીંના લોકો ત્યાં મડીરોકાણ કરે

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

તો પહેલાં એણે અહીં ભાષાકીય રોકાણ કરવું જોઈએ.'

કોઈ પણ સંસ્કૃતિને હણી નાખવી હોય તો એની ભાષા લઈ લો. – પૂર્વવક્તાના આ વિચારનું સમર્થન કરતાં શ્રી રમણ પટેલે એમની અતિ અલંકૃત ભાષામાં ત્રણ પેઢીના ગુજરાતીના સ્વરૂપની ચર્ચા કરીને વર્ગો, પુસ્તકો અને પત્રવ્યવહાર (પોસ્ટલ ટ્યુશન) દ્વારા શિક્ષણની હિમાયત કરી. શ્રી સત્યપાલ ગુપ્તાએ હિન્દીમાં બોલતાં જણાવ્યું કે લંડનના ઇવનિંગ વિસ્તારમાં બે હજાર બાળકો ભારતીય ભાષાઓ શીખે છે. માતૃભાષાને ફરજિયાત બનાવવા જતાં સમયપત્રકમાંથી શું કાઢી નાખીશું? અહીં પ્રદર્શનમાં મૂકેલાં ગુજરાતી પુસ્તકો પ્રોડક્શન(નિર્માણ)ની દૃષ્ટિએ અંગ્રેજીની સરખામણીમાં કેટલાં બધાં ઊતરતાં છે! (ત્યાં માત્ર ધાર્મિક પ્રવચનોનાં પુસ્તકો અને લોકપ્રિય કથાસાહિત્ય હતું. અકાદમીએ પસંદગીપૂર્વક પુસ્તકો મૂક્યાં ન હતાં, જે કંઈ હતું એ સાંયોગિક હતું.)

આ બેઠકમાં લગભગ પચાસ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો. એ જાણીને આશ્ચર્ય સાથે આનંદ થયો કે ઇંગ્લૅંડમાં આટલાં બધાં સ્થળોએ ગુજરાતી શીખવવામાં આવે છે! લેસ્ટરની અને લંડનની ચારેક સંસ્થાઓ દ્વારા ચાલતા વર્ગોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાની તો અમને તક પણ મળી હતી. વિવિધ ક્ષેત્રમાં કામ કરતાં ભાઈબહેનો રસપૂર્વક ગુજરાતી શીખવે છે. કેટલાંક તો શુદ્ધ માનદ ધોરણે આ કામ કરે છે.

પોતાનાં ભાષા–સાહિત્ય માટેના પ્રેમ ઉપરાંત એક બીજા પરિબળે પણ આ સ્વૈચ્છિક ગુજરાતી શિક્ષણ માટે પ્રેરણા આપી હશે. એ છે ત્યાંના સમાજમાં ગુજરાતી કુટુંબોનું એકલવાયાપણું. દૈનિક સામાન્ય વ્યવહારમાં તો ગુજરાતી સહુની સાથે ભળી જાય છે. પરંતુ લગ્ન આદિ કૌટુંબિક સંબંધોમાં વિશ્વનાગરિક બનીને જીવવાની તક હજી એટલી ઊજળી બની લાગતી નથી. સંસ્કૃતિઓના મિશ્ર સ્વરૂપની પ્રક્રિયામાં જાણે કે પીછેહઠ જાગી છે. દરેક સમાજ પોતાની આનુવંશિક ઓળખાણ દ્વારા ફૂંફ મેળવવા મથી રહ્યો છે. કેટલાક વક્તાઓએ તો એટલે સુધી કહ્યું કે આપણે સંગઠિત નથી તેથી આપણા ભાગનું પણ બીજા ભોગવે છે. એનો રમૂજી દાખલો એ ગણાય કે કોઈક પંજાબી બહેન ગુજરાતી શીખવી જાય. (પંજાબી-ગુજરાતીમાં ભેદભાવ રાખ્યા વિના જ!) આ અંગે ઝાઝી બેચતાણમાં ગુજરાતીઓ નહીં પડે એવી આશા રાખીએ. મને લાગે છે કે બંગાળીઓ–પંજાબીઓ–ગુજરાતીઓએ સ્વભાષાના શિક્ષણની સૈદ્ધાન્તિક લડતમાં સાથે રહેવું જોઈએ. બલ્કે હું તો એટલે સુધી કહું કે ગુજરાતી સાહિત્ય અકાદમીનું

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

લંડનમાં જુદું મકાન હોય એને બદલે ભારતીય ભાષા-સાહિત્યનું એક સગવડભર્યું ભવન હોય. જે ભારતથી ઇંગ્લેંડ જાય છે તે લેખક સહુથી પહેલાં તો ભારતીય છે. ઉમાશંકરનું એક સૂત્ર મેં એશિયન લેખકોની ગોષ્ઠીમાં કહેલું – હું ગુજરાતીમાં લખનારો ભારતીય લેખક છું. (ધ ન્ડિયન રાઇટર રાઇટિંગ ઇન એ રિજિયોનલ લેંગ્વેજ)

બીજી બેઠકનો વિષય હતો : 'ગુજરાતી પત્રકારત્વ અને પ્રસારણ.' શ્રી વિપુલ કલ્યાણી અને પ્રવીણ લુક્કા મુખ્ય વક્તા હતા. બંનેએ નિષ્પક્ષ અને અધિકૃત પત્રકારત્વની માગણી કરી. ઇંગ્લેંડનાં ગુજરાતી સાપ્તાહિકો પરોપજીવી છે એમ કહ્યું. શ્રી કલ્યાણીએ નીવડેલા પત્રકારો અને ચિંતકોને ટાંકીને બ્રિટનના સંદર્ભમાં ગુજરાતી પત્રકારત્વનો આદર્શ રજૂ કર્યો. અધ્યક્ષ-સ્થાનેથી બોલતાં જાણીતા નાટ્યવિદ અને બૅંકર શ્રી નટુભાઈ એસ. પટેલે ગંભીર-હળવી શૈલીમાં ધંધાદારી પત્રકારોના કેટલાક ત્રાસોનું નિરસન કરીને, સહુએ ભેગા મળીને અવાજ ઉઠાવવા પર ભાર મૂક્યો. ગુજરાતી પત્રકારત્વ ભાષાસાહિત્ય પ્રત્યે વધુ સદ્‌ભાવથી વર્તે એવી અપેક્ષા વ્યક્ત કરી.

શ્રી ટી. પી. સૂચકના પ્રમુખપદે બ્રિટનમાં સર્જાતા ગુજરાતી સાહિત્ય વિશે ચર્ચા થઈ. શ્રી વિનય કવિ અને યોગેશ પટેલે સ્થાનિક ગુજરાતી લેખકોની કૃતિઓની ચર્ચા કરી અને પ્રકાશનના પ્રશ્નોનો પણ ઉલ્લેખ કર્યો.

સાંપ્રત જીવનની સાહિત્ય પર અસર વિશે ડૉ. રોહિત બારોટ અને શ્રીમતી નિરંજના દેસાઈએ વક્તવ્ય રજૂ કર્યાં. સંસ્કાર અને સંસ્કૃતિની ભિન્નતાને કારણે બ્રિટનમાં વસતા ગુજરાતી તરુણો માટે અણધાર્યા પ્રશ્નો ઊભા થયા છે. સ્થળાંતરના પ્રશ્નોની પણ ચર્ચા થઈ. નવી પેઢી અંગ્રેજીમાં લખે તોપણ પ્રોત્સાહન આપવા સૂચવાયું. આ બેઠકના પ્રમુખ શ્રી પ્રફુલ્લ પટેલ હતા. ચર્ચા સાહિત્ય તરફથી વળીને સમાજ, શિક્ષણ અને ગુજરાતી તરીકે સંગઠિત થઈ ધારણીય લડત આપી હક મેળવવાની દિશામાં ઘણી આગળ વધી ગઈ. એ અંગે વધુ સમય ગયો. કદાચ તેથી બેઠક વધુ જીવંત બની.

તા. ૨૭ મે અને ૨૮ મે શુક્ર-શનિની બેઉ રાતે સાંસ્કૃતિક કાર્યક્રમો હતા. શ્રી ચંદુભાઈ મટાણીની રાહબરીમાં હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, અનિલ જોશી, જવાહર બક્ષી, મેઘાણી આદિ કવિઓની કૃતિઓ શ્રી ગુણવંત પંડ્યા, વિનોદ ગાંધી, અરવિંદ પટેલ, રમેશ પટેલ, બિન્દુ પટેલ પુષ્પાબહેન પંચોલી, પ્રીતિ-દીના-સાધના મટાણી, કવિતા વારુ અને રીટા-રશ્મિ વ્યાસે રજૂ કરી. શ્રી ચંદુભાઈ મટાણી પોતે સારા ગાયક છે અને પુરુષોત્તમ-આસિત સાથે

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

એમને ગાઢ મૈત્રી છે. ભારતના ઘણા સંગીતકારો એમનું આતિથ્ય સ્વીકારતા હોય છે. એમનો દીકરો હેમન્ત તબલાં વગાડે છે. સંગતમાં રમણિક વારુ, ફારુક શેખ, દીપક કોટેચા, બચુભાઈ પટેલ, ધીરેન રાયચુરા અને દિલીપ વેદ હતા. આ બધા કલાકારો સાહિત્ય પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને આવ્યા હતા. બ્રિટનના ગુજરાતીઓ હવે નવરાત્રી જોરજોરથી ઊજવે છે. ગુજરાતી સુગમ સંગીત અને લોકસંગીતને ધાર્મિક પ્રવૃત્તિઓએ પણ ટેકો કર્યો છે. ગુજરાતી ભાષાનાં ઉત્તમ ગીતો કેસેટ અને વિડિયો કેસેટ દ્વારા ત્યાં સુલભ બને એ ઉપરાંત આવા કલાકારોના અવારનવાર કાર્યક્રમો રજૂ થાય તોપણ બ્રિટનની સાહિત્ય અકાદમીએ કરવા ધારેલાં કામોને આડકતરું સમર્થન મળશે. સુગમ સંગીતના ઉપર્યુક્ત કાર્યક્રમમાં પાંચસો જેટલા શ્રોતાઓ હતા.

ત્યાંના કવિઓની કૃતિઓ વિશે શ્રી યોગેશ પટેલના આસ્વાદલેખો વાંચેલા તેથી હું ધારતો હતો કે સાત આઠ કવિઓ કવિ-સંમેલનમાં ભાગ લેશે. પણ એક મિત્રે મને ગભરાવી મૂકેલો : 'કેટલાક તો કવિતા વાંચવાની તક મળે માટે જ પરિષદમાં આવશે. તમને કવિસંમેલનનું સંચાલન સોંપીને ભારે જોખમમાં મૂકયા છે.' મેં ગભરાયા વિના એવું આશ્વાસન મેળવેલું કે જેટલા કવિઓ હશે એટલા શ્રોતાઓ તો હશે ! અઠ્ઠાવીસ કવિઓ હતા. દરેકને કવિતા માટે અત્યંત પ્રેમ હતો. કવિતાના સ્તર જુદા હતા અને કેટલાક કવિઓ લખવા ધારેલા છંદને બદલે બીજા છંદોમાં પણ ડોકિયાં કરતા હતા છતાં દરેકને ભાવ કે ભાષાની નિસ્બત હતી ખરી. મેં નક્કી કરેલું કે શ્રોતા કંટાળે એમ હોય તોપણ ગુજરાતી ભાષાની ઉત્તમ કાવ્યપંક્તિઓ વચ્ચે વચ્ચે ફટકારવી. બધાને એમાં પણ ભારે રસ પડયો. આરંભે રાવજીની એક કવિતાની ચર્ચા કરીને સ્પષ્ટ કર્યું કે આ કવિતા ગુજરાતી અને માત્ર ગુજરાતી કેમ છે. પછી તો હાસ્ય-કટાક્ષની પણ મદદ રહી અને ત્રણસો જેટલા શ્રોતાઓએ ત્રણેક કલાક કવિસંમેલન માણ્યું. એ પૂરું થયા પછી દૂર દૂરથી આવેલા ગઝલકારો અને હઝલકારો શ્રી મહેક ટંકારવી, શ્રી બાબર જંબુસરી, શ્રી સૂફી મતુખરી અને શ્રી સિરાજ પટેલને સાંભળવા પચાસેક શ્રોતાઓ મોડી રાત સુધી બેઠા. આ ઉપરાંત શ્રી ભગવાન પરમાર, હીરાલાલ શાહ, નારણભાઈ પટેલ અશ્વિનકુમાર કોટેચા, કીર્તિ મજિઠિયા, નયના પટેલ, ધીરજબહેન શુકલ, મનોરમા વ્યાસ, હર્ષા કથરાણી, નિરંજના દેસાઈ, વસન્ત નાયક, કૃષ્ણકાંત શાહ, જયમંગલ-આશિક, વિનોદ ધડિયાળી, વિનય કવિ, એચ. સી. વ્યાસ, રમણિકલાલ માધવાણી, પુરુષોત્તમ ભોજાણી, વિનોદ કપાસી, રતિલાલ કથરાણી, યોગેશ પટેલ અને ભાનુશંકર વ્યાસે એમનાં કાવ્યો રજૂ કર્યાં. ચારેક કવિઓએ ગાયું પણ હતું. પ્રત્યેક ભાષા એની અભિવ્યક્તિની ગુરુતમ ક્ષમતા કવિતામાં

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વિક્સાવે છે. અહીં થોડાંક નામ એવાં પણ હતાં જેમનાં કાવ્યો ગુજરાતીનાં ઉત્તમ સામયિકોમાં છપાયેલાં છે. પણ પ્રશ્ન થાય છે : બીજી મધ્યમ પ્રકારની રચનાઓ પણ શ્રોતાઓને કયા કારણે રોકી રાખતી હશે ? કવિતા ઓછી વાંચતા ભાવકોને પણ કવિતા માટે કેમ આટલો બધો પક્ષપાત હશે ? ભારતમાં મધ્યમ પ્રકારની રચનાઓની મજાક ન થઈ જાય એ માટે મારે સંયમ રાખવો પડે. અહીં ગંભીરતાથી પ્રોત્સાહન આપવાનું બન્યું.

સમાપન બેઠકમાં ઠરાવો પછી મેં ગુજરાત અને બ્રિટનના સંદર્ભે ગુજરાતી ભાષા-સાહિત્યના કેટલાક પ્રશ્નોની ચર્ચા કરી. નવલકથા-લેખનની કેફિયત રજૂ કરી અને વક્તવ્ય પૂરું કર્યા પછી શ્રોતાઓના સ્નેહને વશ થઈ એક ગીત રજૂ કર્યું. મનુભાઈએ વિસ્તારથી ભારતીય અને પાશ્ચાત્ય સંસ્કાર-વારસાની વાતો કરી. સ્વાગતપ્રમુખ માધુભાઈ સોનૈનું આભાર-પ્રવચન પણ એટલું જ રસપ્રદ હતું. અકાદમીના મંત્રી શ્રી વિપુલ કલ્યાણીએ નાનામાં નાના માણસને પણ ભારે ચીવટથી યાદ કર્યો. ચંદુભાઈ અને ગુણવંતભાઈ એ 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી' ગાયું. પરિષદ પૂરી થઈ ત્યારે જૂના સંબંધ તાજા થયા હતા અને નવા સંબંધ સહુને છૂટા પડવામાં વિલંબ કરાવતા હતા.

ઉપર્યુક્ત પરિષદમાં બસો ચાળીસ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્રની નજીકની આ સંખ્યા કહેવાય. દરેક બેઠકમાં ચર્ચામાં ભાગ લેનાર શ્રોતાઓની સંખ્યા સારી એવી મોટી રહેતી. પ્રશ્ન પૂછનારને પણ મોટે ભાગે જવાબની ખબર હોય એવું બનતું. કેટલાક શ્રોતાઓ અને એકબે વક્તા દૃઢપણે એવું માનતા હતા કે બ્રિટનમાં વસતા ગુજરાતીઓ પોતાના હક માટે ઓછા સભાન છે. પંજાબીઓ અને બંગાળીઓ સંગઠિત થઈ, ઊહાપોહ કરી જે કંઈ મેળવી શકે છે એ મેળવવા ગુજરાતીઓ આટલા બધા ઉદાસીન કેમ રહે છે ? સહીઝુંબેશ અને કાનૂની પગલાં લઈને પણ કેટલુંક મેળવી શકાય. જો સારો એવો કરવેરો ભરીએ છીએ તો એનું શૈક્ષણિક વળતર કેમ ન મેળવવું ?

પંજાબીઓ તો ભારતમાંય ધાર્યું કરી શકે છે પણ ગુજરાતી કરતાં બંગાળી સમાજ બ્રિટનમાં વધુ સંગઠિત છે અને એ મારે માટે નવા સમાચાર હતા. વળી, ગુજરાતીઓ પોતાનાં ભાષાસાહિત્ય માટે અભિમાન ધરાવતા થયા છે એટલું જ નહીં પણ પોતાના લેખકોને માન પણ આપે છે એ પણ અણધાર્યો અને આનંદદાયી અનુભવ હતો. ધનાઢ્ય મારવાડીઓ પોતાને ઘેર લેખક કે કલાકાર આવે ત્યારે એના પગ પાસે બેસવામાં ધન્યતા અનુભવે. વિદેશમાં વસતા ગુજરાતીઓને લેખકો અને કલાકારો પ્રત્યે આદર છે અને

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

એમના માટે રાજીખુશીથી ઘસાવાનું પસંદ કરે છે એ એક હકીકત છે. માધુભાઈ મોનીએ તો એટલે સુધી કહ્યું કે સાંપ્રદાયિક ધર્મ કરતાં સાહિત્ય અને સંસ્કૃતિ મોટી વસ્તુ છે.

'ગરવી ગુજરાત', 'ગુજરાત સમાચાર' એ બે સાપ્તાહિકો, 'નવ બ્રિટન', 'અમે ગુજરાતી', 'જૈન' અને 'રકાયલાઇ' જેવાં સામયિકો ગુજરાતી બૌદ્ધિકોની પત્રકારત્વના ક્ષેત્રે ચાલતી પ્રવૃત્તિઓનો અંદાજ આપે છે. સહુનાં વલણ એકસરખાં ન હોય એ સ્વાભાવિક છે. છતાં ગુજરાતી ભાષા અને ભારતીય વારસા અંગે સહુ સમાદર ધરાવે છે. સાપ્તાહિકો સમાચારપત્ર તરીકે પણ કામગીરી બજાવે છે. અગ્રલેખો, લેખો અને સર્જનાત્મક કૃતિઓ પણ છાપે છે. એમણે મોટે ભાગે ટપાલની મદદથી જ વાચકો સુધી પહોંચવાનું હોઈ ધાર્યો પ્રસાર થઈ શકતો નહીં હોય તેમ છતાં બ્રિટનના ગુજરાતી સમાજમાં એમનો સ્વીકાર થયેલો છે, એનો ખ્યાલ એમાં છપાતી જાહેર-ખબરો પરથી પણ આવી શકે. 'ગુજરાત સમાચાર' જૂથે 'વિશ્વધર્મ' અને 'ન્યૂ લાઇફ' નામે નવાં સામયિકો શરૂ કર્યાં છે. એ અને 'ગરવી ગુજરાત' બંને પાસે પોતાનાં સ્વતંત્ર સગવડભર્યાં મકાન છે. ઑફસેટ મુદ્રણ સામગ્રી છે. 'નવબ્રિટન' સારું કામ કરે છે છતાં હજી એક પૂરા કદના સાહિત્યિક સામયિક માટે જગા છે. ત્યાંના ગુજરાતીઓમાં એ માટેની ક્ષમતા જરૂર છે. આ વિસ્તારને લક્ષમાં લઈને ભારતથી 'મેઘના' નામે માસિક શરૂ થયેલું. એ ચાલ્યું નહીં. 'જન્મભૂમિ-પ્રવાસી' 'નવનીત-સમર્પણ' અને 'ચિત્રલેખા' વધુ વંચાય છે. થોડીક નકલો 'સંસ્કૃતિ', 'પરબ', 'કુમાર' વગેરેની પણ આવે છે. પણ હજી ઉત્તમ ગુજરાતી પુસ્તકોના પ્રસાર માટે લોકમિલાપ ટ્રસ્ટની પહલતિએ અકાદમીએ કામ કરવાનું રહેશે. શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી બેએક માસમાં બાવન પુસ્તકોનો સેટ લઈને જવાના છે.

ધન્ડિયા હાઉસમાં ભારત સરકારના પ્રતિનિધિએ અમારું સન્માન કર્યું એ ગુજરાતીઓના સન્માનની છેલ્લા દાયકાની પહેલી ઘટના હતી! આ અને બીજા વિવિધ પ્રસંગે મારે અને મનુભાઈએ જે લેખકો, અભ્યાસીઓ અને સંસ્કારપ્રેમી મિત્રો સાથે રહેવાનું કે મળવાનું બન્યું, જેમનો આ લેખમાં અગાઉ ઉલ્લેખ નથી થયો એવા શ્રી મનસુખ શાહ, રમણિક સોલંકી, નિરંજન દેસાઈ, પોપટલાલ જરીવાલા, જિતેન્દ્ર ધ્રુવ, રમણ નાયક, કુસુમબહેન, નટુભાઈ સી. પટેલ, સૂર્યાબહેન-ઈશ્વરભાઈ, અમૃત કોટક, ભાસ્કર પટેલ, નરેશ પટેલ, વિનોદ પટેલ, રેણુ દીપ્તિ, પ્રીતમભાઈ, ઉષાબહેન, જશભાઈ પટેલ, ચીમનલાલ દરજી, રમણ બાર્બર, ચુનીભાઈ પટેલ, રાજુ વ્યાસ, હર્ષદભાઈ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વ્યાસ, નટુભાઈ શાહ, વેલ્સના ડૉકટર દંપતી ઈન્દિરાબહેન અને શાંતિલાલ, ડૉ. જનકબહેન અને પ્રા. ત્રિવેદીસાહેબ, વ્યાસ દંપતી, શ્રી જ્યેબનપુત્રા, ભાનુભાઈ પંડ્યા, સી. બી. પટેલ, યુગાન્ડાથી અને આફ્રિકાના અન્ય દેશોની ભાષાઓના જ્ઞાન સાથે આવેલા રમેશ પટેલ, રમણિક આચાર્ય, પ્રવીણાબહેન રતિલાલ, ધનજીભાઈ, બી. બી.સી.ના કૈલાસ બુધવાર, ઓંકારનાથ શ્રીવાસ્તવ, રાજનારાયણ બિસારિયા, ગીતા બાલા, લેસ્ટર મરકયુરીના તંત્રી અને અન્ય પત્રકારો, સાહિત્ય અને કલારસિક ગૃહિણીઓ કુંજબહેન કલ્યાણી, દયાબહેન શાહ, જ્યોતિબહેન સુરેન્દ્રભાઈ કામથ, જ્યોતિબહેન નિરંજન દેસાઈ, પાર્વતીબહેન સોલંકી, કુમુદબહેન મટાણી, મીરાબહેન ગિરીશભાઈ ત્રિવેદી, બટુકભાઈ, લલ્લુભાઈ પરેલ, તનસુખ મશરાણી, કોવેન્ટ્રીના સુન્દરજીભાઈ, વાર્તાકાર શાંતશીલાબહેનના પતિ શ્રી કેશુભાઈ ગજ્જર, શ્રી સોપાન સરદેસાઈ, દિનેશ દવે, ચંદ્રેશભાઈ, રામભાઈ, હીરજીભાઈના પુત્ર નીલેશ અને રેખા, સુધાબહેન કપાસી, બકુલબહેન નાયક, ગાડી દંપતી, રતિભાઈ અને વિલાસબહેન, અને પોતાનું નામ દેતાય સંકોચ પામતા અસંખ્ય સહૃદયી સાહિત્યરસિકોએ એક માસ દરમિયાન એવો અનુભવ કરાવ્યો કે ભારત સાથે એમને જન્મજાત સંબંધ છે. આ વ્યક્તિઓએ ભારતીય પદ્ધતિએ અમારી આગતાસ્વાગતા કરી. ગૃહિણીઓ પણ નોકરીએ જાય કે વેપારમાં સાથ આપે. જાતે સમજે. નમ્ર લાગે. ધીમે બોલે. મોટે ભાગે સાડી પહેરે. અમારી જેમ અમારાં બધાં યજમાન શાકાહારી. ત્યાં દારૂ પીવાની જરૂર પડે છે એ વાત બોટી. અમે ફળના રસ અને ચા કોફી પીતા. દૂધ દહીં ચોખ્ખાં. ત્યાં ખાવાપીવાની વસ્તુઓમાં ભેળસેળ ન થાય. આખો દહાડો ફરતાં થાક ન લાગે અને ઓછું ખાઈએ તોય વજન વધે. ઘણા લોકો ભણવા જઈને કેમ પાછા નથી આવતા એ સમજાયું. મનુભાઈને પણ રહેવાનું મન થયું પણ એ આડે જૂને અમેરિકા ગયા. ત્યાંની 'સંસ્કૃતિ' એમને ભાગ્યે જ સદે. ઑગસ્ટમાં પાછા આવશે. અમારે એક માસ દરમિયાન કુટુંબોમાં રહેવાનું થયું એથી ઘણું જાણવા મળ્યું. એ જોઈને આનંદ થયો કે પતિ વેપારી હોય કે વિદ્વાન પણ પત્નીના સ્વતંત્ર વ્યક્તિત્વનો આદર કરે. રસોઈ-સફાઈ જેવા ઘરકામમાં રસપૂર્વક મદદ કરે. તોય બહેનોને માથે પાંચેક ટકા ભાર વધારે તો ખરો જ. એ અમને પ્રશ્નો પણ પૂછે. નવી પેઢી, નૈતિકતા, મૂલ્ય, ભારતીયતા વિશે વારંવાર ચર્ચા થાય. માણસ સાચો હોય તો કશું બગડી જતું નથી એવા તારણ પર આવીને અમે એમને નિશ્ચિંત કરીએ, બે ઘડી માટે. કોઈ આગ્રહ કરે તો મનુભાઈ મેઘાણીશૈલીએ વાર્તા કહે. હું કાવ્યો કહું. કેટલાક મૂરી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

કેમેરામાં બધું ઉતારી લે. નવાં ટી. વી. નીકળતાં જતાં હોવાથી કેટલાકને ઘેર બબ્બે હોય, ચાર ચૅનલ ચાલે, મોટે ભાગે વિડિયો પણ રાખે. બહુ પૈસાદાર હોવાની જરૂર નહિ. એ જણ કમાતાં હોય તો પૂરતું થઈ પડે. છાપા માટે ઉતાવળ નહિ. સાંજે પણ વંચાય. ટી. વી.માં શું નથી આવતું ? વિશ્વાસપાત્ર પણ ખરું.

જો ઉત્તમ ગુજરાતી પુસ્તકોના વિતરણનું ગોઠવાય તો ઘણા બધા ગુજરાતીઓ ખરીદી શકે એમ છે. બધો વેપાર બૅંક દ્વારા કરવાનો રહે. મુદ્રા-વિનિમયના નિયમોને લીધે આજે તો પુસ્તકો પણ ભેટ મોકલી શકાય એમ નથી. જે ગુજરાતીઓ આફ્રિકાના દેશોથી બ્રિટનમાં આવીને સ્થિર થયા છે એમણે ગુજરાતીનું બરાબર જતન કર્યું છે. ભારતથી સીધા જઈને ત્યાં સ્થિર થનારની સંખ્યા ઓછી છે. એ સહુને એમ લાગે છે કે બ્રિટનના વફાદાર નાગરિક થયા પછી પણ ભારતીય મટી જવાનું નથી. એવા પ્રયત્નમાં સફળ થવાય એમ હોય તોપણ એ પાલવે એમ નથી.

સ્વચ્છતા, શિસ્ત અને આર્થિક અનુકૂળતા ભારત કરતાં બ્રિટનમાં વધુ હોવા છતાં એમને આત્મીયતાની ખોટ સાલે છે. વતન યાદ આવે છે. એવા મિત્રોને પણ મળવાનું થયું કે જેમને કાનૂની રીતે બ્રિટનમાં નાગરિકત્વ મળે એમ હોવાં છતાં એ દ્વિધામાં છે. એ એવા દિવસની રાહ જોઈ રહ્યા છે કે ત્યારે એ બ્રિટનની સગવડો સાથે ભારત પાછા આવી શકે. પ્રશ્ન બાળકોનો છે. માબાપ અને એમની કલ્પનાનું ભારત એક છે ખરું ? વતનને દૂરથી ચાહનારા ગુજરાતીઓને મળવાથી આપણો વતનપ્રેમ પણ વધે તો નવાઈ નહીં !

બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીએ ત્યાંના ગુજરાતી નવલેખનને પ્રોત્સાહન આપવા કેટલીક યોજનાઓ વિચારી છે. રીતરિવાજોમાં ત્યાંનો મોટા ભાગનો ગુજરાતી સમાજ ગુજરાત કરતાંય કયારેક રૂઢિચુસ્ત લાગે. જ્ઞાતિમંડળોની પકડ હજી તૂટી નથી. સાહિત્યકારો એ બધાથી પ્રમાણમાં મુક્ત છે. ગુજરાતી, અંગ્રેજી અને અન્ય ભાષાઓના આદાનપ્રદાનનું કામ પણ એ ઉત્સાહથી કરી રહ્યા છે. બૌદ્ધિક આબોહવા સર્જવાની એમનામાં ક્ષમતા છે. આ દિશામાં યોગેશ પટેલ, વિપુલ કલ્યાણી અને એમના સાથીદારો નોંધપાત્ર સફળતા મેળવશે એવી આશા જાગી છે. એશિયન લેખકોની એક બેઠકમાં ભારતીય ભાષાઓની નીવડેલી કૃતિઓના અંગ્રેજી અનુવાદો પ્રગટ કરવા અંગે ઉપયોગી ચર્ચા થઈ. (જેમાં રત્ના કિલ્લિચ, રંજના બોશ, શિબાની રાયચૌધરી, મહેન્દ્રકુમાર, જૅન ગ્રીફીથ, યોલેન્ડે કેન્ટુ, ભદ્રા પટેલ,

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ડૉ. રેસાઈડ, એસ. એન. ચક્રવર્તી, વિપુલભાઈ, મનસુખભાઈ આદિ સાથે ગુજરાતી સાહિત્ય વિશે એકેક કલાક ગોષ્ઠીનો સુખદ મોકો મળ્યો.) અનુવાદનો મુસદ્દો ભારતમાં તૈયાર કરવામાં આવે અને એનું સંપાદન અને પ્રકાશન ઇંગ્લેંડમાં થાય. અત્યારે ઇંગ્લેંડમાં વસતા લેખકો ભારત વિશે આશરે લખે છે એને બદલે નીવડેલી ભારતીય કૃતિઓના અંગ્રેજી અનુવાદ સુલભ થાય તો અંગ્રેજીભાષી વાચકને અસલ વસ્તુ મળે. ત્યાં ભારતીય જીવન અને પરિવેશ વિશે આકર્ષણ તો છે જ. ઝાબવાલાની કથા 'હીટ એન્ડ ડસ્ટ'નું ચલચિત્ર ઊતર્યું છે અને સેલ્મન રશ્દીકૃત 'મિડનાઈટ્સ ચિલ્ડ્રન'ને ૧૯૮૧નું 'બુકર પ્રાઈઝ' મળ્યું છે. આ પુસ્તકો કેટલાંક ગુજરાતી કુટુંબોમાં પાસે હતાં. બીજી ભાષાઓના પ્રમાણમાં પ્રશિષ્ટ ગુજરાતી કૃતિઓ વિદેશી ભાષાઓમાં પણ બહુ ઓછી ગઈ છે. બ્રિટનમાં ગુજરાતી સાહિત્યકારો માટે આ પણ એક આહ્વાન છે.

"પરબ"માંથી સાભાર. — રઘુવીર ચૌધરી

બહારની શોભા

બહારની શોભા આ દુનિયાને બરાબર જોઈએ,
હા ભલે હલકી મદિરા, જામ સુંદર જોઈએ.

આ નિરાશા કે હવે દિલનું જ ઠેકાણું નથી,
એ હતી આશા કે તમને દિલની અંદર જોઈએ.

આ જગતમાં જ્યાં બધાનું મોત પણ સરખું નથી,
ત્યાં ભલા શું માગીએ જીવન બરાબર જોઈએ.

આ અહીં નીચે તો માટી સાથ માટી થઈ ગયા,
કોણ જાણે કેટલું વીતે છે ઉપર જોઈએ

જિંદગીમાં આટલું સમજાય તો સારું 'મરીઝ',
જિંદગી સમજીને કોને જિંદગીભર જોઈએ.

'મરીઝ'

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

મનડું વીંધાણું રાણા
ચિત્તડું ચોરાણું રાણા શું રે કરું
વિષ પીધે રાણા ના રે મરું

નીંદા કરે છે મારી નગરીના લોક રાણા
તારી શીખામણ હવે મારે મન ફોક રાણા
ચિત્તડું ચોરાણું રાણા શું રે કરું

ભુલી રે ભુલી હું તો ઘરનાં રે કામ રાણા
ભોજન ના ભાવે નયણે નીંદ હરામ રાણા
ચિત્તડું ચોરાણું રાણા શુ રે કરું

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર ના ગુણ વ્હાલા
પ્રભુને ભજીને હું તો થઈ ગઈ ન્યાલ રાણા
ચિત્તડું ચોરાણું રાણા શું રે કરું

— મીરાંબાઈ

ગુજરાતી સાહિત્ય અકાદમીને દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

PMP
GOLDSMITH &
JEWELLERS

P. M. PATEL & SONS Ltd.
WE SPECIALISE IN VALUATION FOR INSURANCE PURPOSE
STOCKISTS OF RADO & SEIKO WATCHES.

58/60 EALING ROAD,
WEMBLEY MIDDLESEX
Tel: 01-903 6677 01-903 2859
Telex: 295648

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પ્રસંગ

પ્રવૃત્તિ

પ્રકૃતિની છાયામાં

છબિ ગાથા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

'આર્ટ્સ ઓફ ઇન્ડિયા સોસાયટી'ના અગ્રેસરો: લેસ્ટર કવિ સંમેલનના યજમાનો.

કવિ સંમેલનના શ્રોતા વર્ગનું ચિત્ર. સ્વ. શ્રી [illegible] [illegible] પત્ની [illegible]
અને બીજી હરોળમાં લેસ્ટરના શ્રી. [illegible] પટેલ દેખાય છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

શ્રી. સૂર્યકાન્ત દવે (બાજુની છબિ)ના આ પેરિવેલ (બૃહદ લંડન)માં આવેલા મકાનમાં
૧૨ ફેબ્રુઆરી ૧૯૭૭ના 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ની વિધિવત
સ્થાપના કરવામાં આવી હતી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law



'મંદિર' રેસ્ટોરાંમાં પ્રથમ કવિ સંમેલનના દરબારીઓ (ડાબેથી)
સર્વશ્રી યોગેશ પટેલ, નિરંજના દેસાઇ, બળવંત નાયક, ભાનુશંકર ઓ. વ્યાસ,
ડાહ્યાભાઇ પટેલ, પંકજ વોરા, તથા વિપુલ કલ્યાણી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વેમ્બલીમાં ૧૯૭૯માં મળેલી પહેલી 'ભાષા સાહિત્ય પરિષદ' ને સંબોધતા 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના તત્કાલીન પ્રમુખ શ્રી ચં. ચી. મહેતા. બાજુમાં અકાદમીના તત્કાલીન પ્રમુખ શ્રી ડાહ્યાભાઈ પટેલ છે.

૧૯૭૯ની "ભાષા સાહિત્ય પરિષદ"નાં પ્રતિનિધિઓની એક ઝલક

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પહેલી "ભાષા સાહિત્ય પરિષદ"ને સંબોધતા ડો. ભીખુ પારેખ. બાજુમાં પોપટલાલ જરીવાળા, મણિલાઇ ડી. પટેલ તથા પ્રવીણ લૂક્કા દેખાય છે.

બ્રિસ્ટલ સ્થિત "સનાતન દિવ્ય મંડળ"ના યજમાનપદે યોજાયેલી યાત્રા દરમિયાનના કાર્યક્રમમાં સ્વ. શ્રી. હરિપ્રસાદ જોશી તથા શ્રીમતી હસુમતી હ. જોશીનું ચિત્ર

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ભારતના આદ્ય સમાજ સુધારક રાજા રામમોહન રોયની બ્રિસ્ટલમાં આવેલી સમાધિના સાનિધ્યમાં અકાદમીનાં સભ્યો.

કવિ "ખય્યામ"ની દીકરીનાં લગ્ન પ્રસંગે મુશાયરો. ચિત્રમાં (ડાબેથી) "ખય્યામ", "જય મંગલ", રમેશ પટેલ તથા ખળખંત નાયક દેખાય છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

સમાજજીવન અને સાહિત્યની ચર્ચા કરતા સર્વશ્રી કાંતિ નાગડા,
ડાહ્યાભાઇ પટેલ તથા રોહિત બારોટ.

શ્રીમતી શાંતશીલા ગજ્જર કૃત "અમીવર્ષા"નો પ્રકાશન વિધિ કરતા શ્રી રોહિત મહેતા.
ચિત્રમાં શાંતશીલાબહેન ઉપરાંત નિરુબહેન દેસાઇ તથા શ્રીદેવી મહેતા દેખાય છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ભારતના અગ્રણ્ય ગુજરાતી શ્રી. હીરૂભાઇ એમ. પટેલને સન્માનવાનો કાર્યક્રમ.

"જય મંગલ" થી મોહનભાઇ કાછિયા સુધીના સ્થાનિક સાહિત્ય સ્વામીઓની જમાત.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અસ્તિત્વના પાંચ વર્ષની ઉજવણીરૂપે પાંચ દિવસના કાર્યક્રમમાં રંગોળી હરીફાઇના નિર્ણાયકો સાથે સ્વામી શ્રી. કૃષ્ણાનંદ સરસ્વતી.

આ ઉત્સવના પૂર્ણાહુતિ સમારોહને ઉદ્‌બોધન કરતા તત્કાલીન ભારતીય ઉચ્ચ આયુક્ત સ્વ. ડો. મહમૂદ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

આ ઉત્સવના કવિ દરબારમાં સ્વામી શ્રી. સત્યમિત્રાનંદ ગિરિજી મહારાજની ઉપસ્થિતિ: ડાબે સ્વ. ભાઈલાલભાઇ પટેલ અને વચ્ચે બી.બી.સી. ના શ્રી ચમનલાલ ચમન દેખાય છે.

'તમે જમો ને જમાડો'નો આનંદ લેતા લાડીલા કવિ ડાહ્યાભાઇ પટેલ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

૫૬ઠ્ઠી પૂર્તિ સમારોહ ટાંકણે માનપત્ર સ્વીકારતા ડાહ્યાભાઈ પટેલ ચિત્રમાં વિપુલ કલ્યાણી, રતિલાલ જેખનપુત્રા તથા મુખ્ય અતિથિ અને નાટ્યસ્વામી પ્રા. જશવંત ઠાકર દૃષ્ટિગોચર થાય છે.

સૌને જમાડીને, સૌનું ધ્યાન રાખીને, છેવટે, જમતાં અકાદમીના સ્વયંસેવકો સાથે પ્રા. જશવંત ઠાકર. ચિત્રમાં કાંતાબહેન રાજદેવ, બકુલા પટેલ, હર્ષા બુદ્ધદેવ, અભિલાષા કરેચા, ભૂપત નાયક અને ભાનુ પંડયા ઝડપાયાં છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

નટુભાઈ સી. પટેલ, મોટાભાઇ ઉમેદભાઇ પટેલ, રતિલાલ ચેખનપુત્રા, જશવંત ઠાકર, પ્રફુલ્લ પટેલ, બળવંત નાયક, જશવંતસિંહ ગોહેલ તથા વિપુલ કલ્યાણી સાથે રસિક કવિ ડાહ્યાભાઇ પટેલ.

ભક્ત કવિ નરસિંહ મહેતાની પાંચસોમી જયંતિ ટાંકણે નરસિંહ સાહિત્યનું વિહંગાવલોકન કરાવતા સ્વામી શ્રી. કૃષ્ણાનંદ સરસ્વતી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

'રાતનો અંધાર મને લાગે છે ઊજળો, તારો તે સંગ: ઊન્હી પ્હોર જાણે પીપળો;' નું રસપાન કરાવતા ડો. સુરેશ દલાલ. બાજુમાં ઉત્પલ ભાયાણી અને બળવંત નાયક છે.

અંતરના ઉંડાણમાંથી ફૂટેલી કોઈ તીવ્ર લાગણી, પલકવારમાં ચિત્ત ને ઝળાંહળાં કરી મૂકતો કોઇ તેજભર્યો વિચાર, આંખ સામે આલેખાઇ જતું વિશાળ ફલક પરનું કોઈ દૃશ્ય – માણવાનો પ્રસંગ એટલે કવિ દરબાર. આવા એક કવિ સંમેલનના સંચાલક શ્રી. વિનય કવિ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વરીષ્ટ સાહિત્યકાર પુરુષોતમ હરજી ભોજાણીનો સન્માન સમારંભ.
શાલ – શ્રીફળનો સ્વીકાર કરતાં ભોજાણી સાહેબ.

શ્રી. પુ. હ. ભોજાણી સન્માન સમારંભનો શ્રોતાવર્ગ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

કુટુંબની વાતે વાતે, સાહિત્યની વાટે ઘાટે – પુત્રી જશવંતી બોથામની ઝલકે પિતા ભોજાણીની ઝાંખી.

પુસ્તકાલય પ્રવૃત્તિ વચ્ચે સાહિત્યકારોનું સન્માન.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

રીડરથી વાઇસ ચાન્સેલર સુધીનો અંગદ ફૂદકો. વિદાય – શુભેચ્છા સમારોહમાં ડો. ભીખુ પારેખ. બાજુમાં શાન્ત રૂપારેલ તથા રતિલાલ ચંદરિયા દેખાય છે.

માંચેસ્ટર સાહિત્ય યાત્રાનો સમારોહ. મોરનું પીંછું ચિતરતાં ધીરજબહેન શુકલ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

માંચેસ્ટરના સમારોહનો આનંદ લૂંટતાં હંસાબહેન, ધીરજબહેન, પુષ્પાબહેન, લલિતાબહેન.

લેસ્ટર સ્થિત નર્મદનગર ખાતે મળેલી બીજી 'ભાષા-શિક્ષણ પરિષદ' નો પ્રતિનિધિ સમૂહ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી પત્રકારત્વના પ્રદાન અંગેની બેઠકને સંબોધતા મંજુલાબહેન વનુ જીવરાજ. વ્યાસ પીઠ પર બંને વક્તાઓની વચ્ચે અધ્યક્ષ સ્થાને શ્રી નટુભાઇ એસ. પટેલ.

પરિષદની નોંધ લેતા હીરાભાઇ શાહ. પરિષદના પ્રમુખ ભાનુભાઇ વ્યાસ પાછળ બેઠા છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

પરિષદના મહેમાનો : રમણિકભાઈ સોલંકી, નટુભાઇ એસ. પટેલ, મનુભાઇ પંચોળી (દર્શક) રઘુવીર ચૌધરી, સાથે જેની ઈગામ, ભાનુભાઈ વ્યાસ, જીતેન્દ્ર ધ્રુવ, નીરૂબહેન દેસાઇ.

પરિષદની વધુ એક બેઠકની ઝલક.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ડો. રઘુવીર ચૌધરી અને આચાર્ય મનુભાઇ પંચોળી વચ્ચે અકાદમીના પ્રમુખ યોગેશ પટેલ.

વીર નર્મદની સવાસોમી જયંતિની ઉજવણી ટાંકણે 'સાઉથ એશિયન લિટરેચર સોસાયટી'નાં મંત્રી ડો. રંજના એજાનું ઉદ્‌ઘોધન. ચિત્રમાં 'દર્શક' ઉપરાંત ભાનુશંકર ઓ. વ્યાસ અને ડો. ધીરુભાઇ ઠાકર દેખાય છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law



"ચાલો કિનારે બેસી જઈએ, આંખોમાં ભરતી કાંઇ ભરીએ"નો સંગીત ઢરિયો ઊલેચીને આનંદ લૂંટાવતા લેસ્ટરના સંગીતકારોનો ગુજરાતી સુગમ સંગીત જલસો. ચિત્રમાં (ડાબેથી): રમણિક વરુ, ગુણવંત પંડ્યા, વિનોદ ગાંધી, ચંદ્રુલાલ મટ્ટાણી, પુષ્પા પંચોળી, બિન્દુ પટેલ, સાધના, પ્રીતિ, કવિતા, દિના, રીટા અને સાથીદારોની ઝલક.

સંગીત ઢરિયાનું સભરસ પીતાં આબાવૃદ્ધ ગરવા ગુજરાતીઓ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

વાર્તા વાંચનનાં વાચકો વચ્ચે વિશ્વ સાઇકિલ ગૂર્જર પ્રવાસીઓ – વાચકો હતાં: કલ્પના દવે, જયા શાહ, પદ્મા ભટ્ટ, હીરાલાલ શાહ, ભાનુ પંડ્યા અને ભાસ્કર પટેલ.

શિષ્ટ સાહિત્યની પ્રસાદી ચાખતાં સ્થાનિક સાહિત્ય રસિકો.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

સૂરેશ રાજડા, યોગેશ પટેલ, ધીરુભાઈ ઠાકર, ડાહ્યાભાઈ પટેલ. મહેન્દ્ર મેઘાણી — અભ્યાસ વર્તુળમાં સીધાં ચઢાણ.

એક વાયદો કર્યો; એને વાયરે વાત્સવનો નકશો દોર્યો — ગુજરાતી ભાષાના અભ્યાસ ક્રમને પ્રકાશિત કરતા કાર્યક્રમમાં યોપટલાલ જરીવાળાનું દૃષ્ટિબિન્દુ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અભ્યાસક્રમને આવકારતા બ્રેન્ટની શિક્ષણ સમિતિના અધ્યક્ષ કાઉન્સિલર રોન ઍન્ડરસન. ચિત્રમાં મનોરમા વ્યાસ પણ દૃષ્ટિગોચર થાય છે.

રવિશંકર મહારાજની દશાબ્દી જયંતિને અર્ઘ્ય આપતા પાકિસ્તાનના જાણીતા સાક્ષર મિરઝા મહમ્મદ બેગ. આ પછીની હમણાંની એક બેઠકમાં "પાકિસ્તાનમાં ગુજરાતી ભાષા અને સાહિત્યની પરિસ્થિતિ" વિશે એમણે અભ્યાસ નિબંધ રજૂ કર્યો હતો.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law



'અસ્મિતા'નાં પ્રથમ અંકને હસ્તાક્ષરોનાં સાથિયા પૂર્યાં.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

'અસ્મિતા'નો પ્રકાશન વિધિ કરતા પ્રા.ધ્યા. નિરંજન ભગત. બાજુમાં ડો. કુમારપાળ દેસાઈ, ડો. રમણલાલ ચિ. શાહ, શ્રી. યોગેશ પટેલ તથા પ્રા.ધ્યા. તારાબહેન શાહ દેખાય છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. રમણલાલ શાહ, યોગેશ પટેલ. પ્રા૦ તારાબહેન શાહ તથા વિપુલ કલ્યાણી સાથે — 'અસ્મિતા'નું પ્રકાશન કરતા પ્રાધ્યા૦ નિરંજન ભગત

ચેરિટી ચોપડે એક પગલું. નવા બંધારણની કલમો પેશ કરતા મહામંત્રી વિપુલ કલ્યાણી પ્રમુખ યોગેશ પટેલ, કોષાધ્યક્ષ હીરાલાલ શાહની ઉષ્મા વચ્ચે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ખંધારણને સ્વીકાર – એક વધુ આવિષ્કાર : ફેબ્રુઆરી ૧૯૮૪.

આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી, પ્રમુખ શ્રી. યોગેશ પટેલ અને 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના તત્કાલીન મંત્રી ડો. કુમારપાળ દેસાઈ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

'ગુજરાતી', 'સાહિત્ય' અને 'અકાદમી'ના શબ્દો સમજાવતા આચાર્ય જયેન્દ્ર ત્રિવેદી

ડો. નિરા દેસાઈનું સમાજ દર્શન : બાજુમાં વિનોદ કપાસી અને ડો. અક્ષયકુમાર ર. દેસાઈ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

આચાર્ય કાકા કાલેલકર શતાબ્દી મહોત્સવ ટાંકણે પુસ્તક મેળાની એક ઝાંખી.

''મૂછાળી મા'' ગિજુભાઇ બધેકાના શતાબ્દી ઉત્સવ ટાંકણે હીરજીભાઇ શાહની પુષ્પાંજલિ.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગિજુભાઈની એક નાટ્યકૃતિની એક ઝલક.

'કાસીમા'ના વેળાશમાં એક બાલિકા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પાઠય પુસ્તકોનાં વિતરણ માટેના કરારનામા પર 'બીડ એન્ટરપ્રાઈઝીઝ'ના બીજુ શાહ અને અકાદમીના વિપુલ કલ્યાણીના હસ્તાક્ષર. બાજુમાં માનદ્ સોલિસિટર ગુલાબ મિસ્ત્રી દેખાય છે

પથને અન્તે

પથને અન્તે
હવે દિનાન્તે કોઈ મળે તો સારું;
નિજનો પંથ મૂકીને આ ગમ વળે તો સારું.

દિન આખો ચાલ્યો તડકામાં
ભીની લાગણીના ભડકામાં
હવે ક્ષિતિજતટ, પટથી મુખનો થશી નીકળે તો સારું.

પડછાયાને સાંજ ગળે છે
નીડ ભણી બે પાંખ વળે છે
અંધારાંને વગડે લોચનદીપ બળે તો સારું.

તમરાંની પાંખોમાં ચંચલ
વાયુલહરમાં વ્યાકુલ પલપલ
ગીત બની પડઘાતી પ્રીતને પ્રીત મળે તો સારું.

જયન્ત પાઠક

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

ગુજરાતી સાહિત્ય અકાદમીને
દશાબ્દી મહોત્સવ ટાંકણે
શુભેચ્છાઓ / અભિનંદન

IMPORTERS/EXPORTERS & DISTRIBUTORS

Bidd Enterprises

Unit 3, Sanders Road, Finedon Road Industrial Estate,
Wellingborough,
Northamptonshire NN8 4NL
Telephone: (0933) 229353

ગુજરાતી સાહિત્ય અકાદમીના
પુસ્તકોના એકમાત્ર વિક્રેતા

IMPEX FORWARDERS
Room 14, 1st Floor
SOPARIWALLA HOUSE
289 - 295 PRINCESS STREET
BOMBAY 400002. INDIA.
Tel. No. 251758, Bombay.
IMPORTERS - EXPORTERS - PUBLISHERS

Suppliers of Gujarati Books to:
Libraries, Schools, Language Centres and Institutions.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પ્રતિભા

અને

પ્રતિમાનો

પ્રમરાટ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

અમારી વાત—

કવિ સંમેલનથી, સાહિત્ય પરિષદ

લેસ્ટરમાં આ સપ્તાહ અંતે કવિ સંમેલન ટાંકણે, બ્રિટનભરમાંથી, ગુર્જરી ગીરાનું ગૌરવ જાળવનારાં અને વધારનારાં સારસ્વતો એકત્ર થશે. અમે એમનું અભિવાદન કરી, સ્વાગત કરીએ છીએ.

લેસ્ટરના યુવા-કાર્યકરોની મહેનત ફળી ઊઠે અને કવિ સંમેલન રંગેચંગે સફળતાને વરે એવો પૂરો વિશ્વાસ છે.

ગુજરાતથી દૂર અહીં ગુજરાતી ભાષા અને સાહિત્યની જાળવણી અને ખીલવણી થાય એ પ્રકારના કોઇ પણ યજ્ઞમાં 'ગુજરાત સમાચાર' હંમેશાં સામેલ હશે અને તે માટેની પોતાની ફરજ બજાવ્યા કરશે.

પરંતુ આ કવિ સંમેલનથી જ અટકી ન પડાય. આ દેશમાં ગુજરાતી ભાષા અને સાહિત્ય આજે જે પ્રમાણે દેખાય છે એનાથી એનું ભાવિ ઉજ્જવળ છે એવું કશું ય દેખાતું નથી. આપણો યુવા વર્ગ આ ભાષા અને સાહિત્યથી દૂર થઇ રહ્યો છે. આ દેશમાં આપણે આપણો વારસો જાળવી રાખવો હશે તો આ સારસ્વતોએ મનસા-વાચા-કર્મણા આ યજ્ઞમાં સામેલ થવું જ જોઇશે.

આપણે આ દેશમાં હળી-ભળી જઇએ એ મહત્વનું છે. પણ તેનાથી આપણાં સંસ્કાર, સંસ્કૃતિ, ભાષા, ધર્મ અને રીત-રિવાજોને અભેરાઇએ ચઢાવાય નહીં. એ સૌને અહીંના સમાજમાં, વાતાવરણમાં અનુરૂપ સાંઠળી લઇ, દૂધમાં સાકરની પેઠે અરસ-પરસ પૂરક બનાવવા જોઇએ.

લંડનમાં શ્રી. ડાયાભાઇ પટેલ "કવિ" ના વડપણ હેઠળ સાહિત્ય મંડળ સુંદર પ્રવૃત્તિ કરે જ છે. એનું ફલક વિસ્તારી, બ્રિટનના તમામ ગુજરાતી ભાષી સાહિત્યકારોને, રસિકોને એક છત્રછાયા હેઠળ લાવીને "ગુજરાતી સાહિત્ય પરિષદ" ની રચના કરવી જોઇએ. આ પરિષદ ભારતમાંની પરિષદ સાથે સંકળાઇ હોય અને અહીંના સાહિત્યકારો અને મંડળો સાથે સંબંધો જાળવે તો સોનામાં સુગંધ ભળે.

"જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" ની ભાવના અને અસ્મિતા જાળવી રાખનારા આ સારસ્વતોનું લેસ્ટર કવિ સંમેલન સફળ બનો એવી અભ્યર્થના !

ગુજરાત સમાચાર ૧૨-૧૧-૧૯૭૬

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

લેસ્ટરમાં યોજાયેલું કવિ સંમેલન

સાહિત્ય પરિષદની સ્થાપના માટે સંચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

લેસ્ટર, તા. ૧૪: 'આર્ટસ ઓફ ઇન્ડિયા સોસાયટી' ને ઉપક્રમે યોજાયેલા ગુજરાતી કવિઓનું "કવિ-સંમેલન" અહીં રવીવારે આનંદભેર યોજાઇ ગયું. બ્રિટન ભરમાંથી ત્રીસેક કવિઓએ હાજરી આપી હતી.

જેલયેવ હોલમાં યોજાયેલા આ કવિ સંમેલનમાં અઢીસો જેટલા શ્રોતાઓ હાજર હતાં.

સંમેલનના આરંભમાં સોસાયટીના અધ્યક્ષ શ્રી. હરીશ આચાર્યે મહેમાનોનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે આવા કાર્યક્રમો દ્વારા ગુજરાતી સાહિત્ય અને ભાષા પ્રત્યે અભિરુચી અને જાગૃતિ અહીં ફેલાવી શકાશે તો ભારે સંતોષ થશે.

આ સંમેલન યોજાઇ શકે એ માટે જે જે સંસ્થા, વ્યક્તિ અને અખબારોએ સહાયકાર્ય કર્યું છે એમનો શ્રી. આચાર્યે આભાર પણ માન્યો હતો.

સોસાયટીના પ્રમુખ શ્રી. રમેશ જાનીએ એમના પ્રવચનમાં આ સંમેલન યોજાઈ રહ્યું છે એ માટે ગૌરવ અનુભવ્યું હતું.

કવિતામાંથી જે અમૃત રસ ઝરે છે એમાંથી આપણામાં એકતા સર્જાય એવી ભાવના શ્રી. જાનીએ વ્યક્ત કરી હતી.

સંમેલનના અતિથિ વિશેષ અને સાહિત્ય મંડળ (લંડન)ના પ્રમુખ શ્રી. ડાહ્યાભાઇ પટેલ 'કવિએ ધર્મરદમ એવી કલાનો વિકાસ કરવા યોજાઇ રહેલા આ કવિ સંમેલન માટે યોજકો ને ધન્યવાદ આપ્યા હતા.

કવિતાનો ઇતિહાસ માનવજીવન ના આદિકાળથી માનવ સંસ્કૃતિના ઇતિહાસ સાથે સંકળાયેલો છે એવું જણાવીને શ્રી. ડાહ્યાભાઇએ કહ્યું હતું કે જ્યારે અહીં આપણી વિશિષ્ટતા જાળવવા હરો તો પોતાની ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિને જાળવી રાખવા મથવું જોઇએ.

આખા કાર્યક્રમનું સુંદર સંચાલન સોસાયટીના કલા-નિયામક શ્રી. રજની-કાન્ત દાવડાએ કર્યું હતું.

આ સંમેલનમાં જે કવિઓએ પોતાની કૃતિઓ રજુ કરી હતી એની નામાવલી આ પ્રમાણે છે લંડનનાં સર્વશ્રી નિરંજનાબહેન દેસાઇ, સૂર્યકાન્ત દવે, પંકજ વોરા, પ્રોફેસર પટેલ,

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

મનુભાઈ કોટક, ડાહ્યાભાઈ પટેલ તેમજ પી. સી. ઠક્કર.

લેસ્ટરનાં સર્વશ્રી પ્રવિણ કે. મહેતા, રજનીકાન્ત ભટ્ટ, ભાનુશંકર વ્યાસ, કૃષ્ણકાંત શાહ, કીર્તિબહેન મજિઠીઆ, રમેશ જાની, અશોક પંચોલી, હરીશ આચાર્ય, રજની ડાવડા, મૃદુલા રાવત, ડી. પી. ડાવડા, હેમેન્દ્ર મોદી, વિનય બ્રહ્મભટ્ટ, રમેશ આચાર્ય, રમણિક માધવાણી, તથા મણિલાલ સામાણી.

નોર્ટિંગહામથી શ્રી. પ્રમોદ જાની, કાર્ડિફના શ્રી. અશ્વિન કોટેચા તથા અન્યત્રથી આવેલા સર્વશ્રી પ્યારેલાલ સામાણી, જમનાદાસ મણિયાર, નરહરિ શુક્લ, વિઠ્ઠલદાસ સવજાણી અને વિઠ્ઠલદાસ ભોગાયતા.

કાર્યક્રમને અંતે બહાર ગામના મહેમાનો માટે "ઓખી રેસ્ટોરાં" માં સોસાયટીના યોજકોએ એક ભોજન સમારંભ યોજ્યો હતો. રેસ્ટોરાંના માલિક શ્રી. લાખાણીએ મહેમાનોને રોચક ભોજન પીરસીને સારી આગતા-સ્વાગતા કરી હતી.

આ સમારંભ દરમિયાન "ગુજરાતી સાહિત્ય પરિષદ" ની સ્થાપના કરવા માટેના ચક્રો ગતિમાન થયા હતા અને શ્રી. ડાહ્યાભાઇ પટેલના સંયોજન હેઠળ આ માટે ભૂમિકા તૈયાર કરવા એક સમિતિની રચનાની પણ જાહેરાત થઈ હતી.

"જિંદગીના હર કદમ પર મારે અથડાવું પડ્યું" ના ગાયક શ્રી. રમણીક વારુ. મધ્યાન્તર બાદ આ નવોદિત ગાયકે ગુજરાતી ગઝલો ગાઇને શ્રોતાઓને તાનમાં લાવી દીધા હતા. તબલા પર શ્રી. હરજીન્દર સિંહ ગીલની સંગતી હતી.

(આ અંકમાં લેસ્ટર કવિ-સંમેલન અંગેના જે કંઇ ફોટાઓ લેવાયા છે એ 'લાખાણી આર્ટ સ્ટૂડીઓ'એ પાડ્યા છે. આ ફોટાઓ માટે અમે એમના આભારી છીએ.)

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

બ્રિટનના સાહિત્ય પ્રેમીઓને સાંકળવા
સાહિત્ય અકાદમીની રચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

લંડન, તા. ૨૦: 'ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન)' ની તાજેતરમાં અહીં રચના કરવામાં આવી છે.

સાહિત્ય મંડળ, લંડનની પેરિવેલ (મિડલસેક્સ) માં ૧૨ ફેબ્રુઆરીએ મળેલી વાર્ષિક સામાન્ય બેઠકમાં આ નિર્ણય લેવાયો છે.

સાહિત્ય મંડળ, સાહિત્ય અકાદમીમાં રૂપાંતરીત થઇ ગયું છે.

અકાદમીનું સંમેલન મળે ત્યાં સુધીના વચગાળાના સમય માટે મંડળના પ્રમુખ અને જાણીતા સાહિત્યકાર શ્રી. ડાહ્યાભાઇ પટેલ (કવિ) ને સર્વાનુમતે અકાદમીના પ્રમુખસ્થાને જાહેર કરાયા છે.

શ્રી. ડાહ્યાભાઇ પટેલ

યુગાન્ડાના જાણીતા સાહિત્ય સ્વામીઓ અને હવે અહીં સાહિત્ય પ્રવૃત્તિ કરતાં સાઉથહોલના શ્રી.બળવંત નાયક, લેસ્ટરના શ્રી. ભાનુશંકર વ્યાસ તેમજ હેરોના શ્રીમતી નીરૂબહેન દેસાઇને ઉપ પ્રમુખપદે જાહેર કરાયાં છે.

વિમ્બલડનના શ્રી. પંકજ વોરા તથા કલેફામના શ્રી. યોગેશ પટેલને મહામંત્રી અને સહાયક મંત્રી રૂપાને અનુક્રમે મુકવામાં આવ્યા છે. વેમ્બલીના શ્રી. પી. સી. ડગેને કોષાધ્યક્ષપદે લેવાયા છે.

કારોબારી સમિતિમાં સર્વશ્રી કાંતિ નાગડા, જશભાઇ પટેલ, શનાભાઇ પટેલ, દોલતરાય દેસાઇ, ઇન્દુબહેન સોઢા, મનુભાઇ કોટક, વિપુલ કલ્યાણી, રજની દાવડા અને કીર્તિ મજીઠિયા (લેસ્ટર), હરિપ્રસાદ જોશી (બ્રિસ્ટલ) તથા સોમભાઇ પટેલ અને 'મહેક' ટંકારવી (પ્રેસ્ટન) લેવાયાં છે.

ગુજરાતી સાહિત્યના સર્જનાત્મક અને વિવેચનાત્મક વિવિધ પાસાઓને અને પ્રવૃત્તિઓને અકાદમી હેઠળ વેગ આપવાનો પ્રયાસ થશે.

ગુજરાતી સાહિત્યની અને ભાષાની અસ્મિતાનો વિકાસ સાધતા કાર્યક્રમો અકાદમી હેઠળ યોજવાનો આશય છે. તદ્‌ઉપરાંત, ગુજરાતી તથા બિનગુજરાતી સાહિત્યકારો અને કળાકારોનાં પ્રવચનો તેમજ ચર્ચા ગોઠવવાનું ય ધ્યેય રખાયું છે.

ગુજરાતી ભાષાના રસ, વિકાસ અને પ્રચારને પોષતી વિવિધ પ્રવૃત્તિઓ અકાદમી હેઠળ કરવા ઉપરાંત બ્રિટનમાં રચાતા ગુજરાતી સાહિત્યના નિષ્કર્ષ રૂપ વાર્ષિક અંકની યોજના કરવાનું પણ વિચારાયું છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

શ્રી.બળવંત નાયક

શ્રી. ભાનુશંકર વ્યાસ

શ્રીમતી નીરુબહેન દેસાઇ

શ્રી. પંકજ વોરા

ગયા વર્ષે નવેમ્બરમાં લેસ્ટરમાં કવિ સંમેલન મળ્યું એ વખતે "ગુજરાત સમાચારે" તંત્રી નોંધ દ્વારા આવા વિશાળ ફલકવાળા મંડળની રચના કરવા હાકલ કરી હતી.

એ કવિ સંમેલન ટાંકણે શ્રી. ડાહ્યાભાઇ પટેલના અધ્યક્ષપદે એક સમિતિ આ માટે નીમાઇ પણ હતી. આ સમિતિએ એક બંધારણ પણ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

શ્રી. પી. સી. દવે

ધરાવું છે અને એને આધારે અકાદમીની રચના થઇ છે.

સાહિત્યકારો ઉપરાંત સાહિત્ય રસિકો ભાષા-સાહિત્યની આ સંસ્થામાં સામેલ થઇ શકે છે. વધુ માહિતી અકાદમીના મહામંત્રી શ્રી. પંકજ વોરા (162 E, Kingston Road, Wimbledon, London SW19 Tel: 01-540 1443) ના સંપર્ક સાધવાથી મળી શકશે, એવું જણાવાયું છે.

શ્રી. યોગેશ પટેલ

ગુજરાત સમાચાર

૨૫-૨-૧૯૭૭

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ગુજરાતી અખબારો આદર્શવાદ કેળવે

બ્રિટનના ગુજરાતી પત્રો આદર્શવાદ કેળવી આપણી વસાહતી ગુજરાતી ભાષી પ્રજાને સત્ય હકીકતોથી વાકેફ-માર કરી બાતમીદાર અને કેળવણીકાર તરીકેની ફરજો અદા કરે.

ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપક્રમે શનિવારે વેમ્બલી ખાતે યોજાયેલા પત્રકાર પરિસંવાદમાં અધ્યક્ષ સ્થાનેથી વર્ણવાયેલ સમતા પંચના ઉપાધ્યક્ષ અને પીઢ પત્રકાર શ્રી પ્રાણલાલ રોઠે ઉપર મુજબના ઉદ્‌ગારો કાઢ્યા હતા.

આ પરિસંવાદ તથા ત્યારબાદના કવિ સંમેલનમાં લગભગ ૬૦૦ વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

પરિસંવાદમાં 'નવજીવન' 'ગુજરાત સમાચાર' તથા 'ગરવી ગુજરાત'ના વિવિધ પાસાઓની વાચકો દ્વારા ચર્ચા છણાવટ થઇ હતી. ભૂતપૂર્વ અખબાર 'અમે ગુજરાતી'ના માલિક-તંત્રી લેસ્ટરના શ્રી હરીશ આચાર્યે આ નિક્ષુલ્ક સેવાભાવી કળનું છાપું પણ ઇન્નરાશાહી તત્વોએ પોતાના છાપાની ધરાકી તુટશે એ ભયે યેનકેન પ્રકારેણ બંધ કરાવ્યું એની વિગતો સાંભળ્યા બાદ સભાના બધા વકતાઓએ ઇન્નરાશાહી પ્રવૃતિની ભારે ઝાટકણી કાઢી. પરિસંવાદમાં 'ગરવી ગુજરાત'ની ગેરહાજરી નોંધનીય હતી.

'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી સી. બી. પટેલે શ્રી વનુ છબરાજના 'ન્યુ બ્રિટન' સાહસને બિરદાવતાં જણાવ્યું કે વિકસંતોની અસામાજિક તત્વો સામે ઉભા રહી છાપું ચલાવવું એ 'ફીરાના ચણા' ચાવવા જેવું કામ છે.

અન્ય વકતાઓમાં અકાદમીના મંત્રી શ્રી વિપુલ કલ્યાણી, પ્રમુખ શ્રી ડાહ્યાભાઇ કવિરાજ, શ્રી જીતેન્દ્ર ધ્રુવ, શ્રી વનુ છવરાજ, શ્રી જયંતભાઇ ઠાકર તથા શ્રીમતી કુસુમ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

શાહનો સમાવેશ થયો હતો.

ગુજરાતી વાચકવર્ગના વર્તમાન તથા ભવિષ્યનો ક્યાસ કાઢવા કોક સંસ્થાકીય સર્વેક્ષણ થવું જોઇએ એવા શ્રી શિવકુમાર આયરના સૂચનનો અધ્યક્ષ શ્રી પ્રાણલાલ શેઠે સહર્ષ સ્વીકાર કર્યો હતો. અકાદમીના એક પ્રવક્તાના જણાવ્યા પ્રમાણે ટૂંકમાંજ વ્યવસાયી પત્રકારો તથા અકાદમીના હોદ્દેદારોની એક સમિતી નીમવામાં આવનાર છે.

ઉપપ્રમુખ નીરૂબેન દેસાઇએ કવિ સંમેલનનું સુંદર સંચાલન કર્યું હતું જ્યાં અનેક કવિઓએ અને ખાસ કરીને યુવાન કવયત્રિઓએ વિવિધ કૃતિઓ સંભળાવી હતી.

આ પ્રસંગે હાજર રહેલા કેટલાક સજ્જનો-સન્નારીઓના મંતવ્યો રજુ કરતાં અમને આનંદ થાય છે:-

જાણીતા નાટ્યલેખક અને મુંબઇથી હાલ બ્રિટનની મૂલાકાતે આવેલા શ્રી વાસુદેવ બદીયાણી (શ્રી દેવ) પણ આ સમારંભમાં ઉપસ્થિત હતા. ગુજરાતથી હજારો માઇલ દૂર આવું નમૂનાપાત્ર પત્રકાર અને કવિ સંમેલન સફળતાપૂર્વક યોજી ગુજરાતી સાહિત્ય અકાદમીએ સાહિત્ય અને સમાજની ઉચ્ચતમ સેવા કરી છે અને તે બદલ અકાદમી સૌના અભિનંદનને પાત્ર છે એમ જણાવી વધુમાં કહ્યું હતું કે બ્રિટનના દરેક અખબારના તંત્રી-માલીક-પ્રકાશકની ગુજરાતી સાહિત્ય અને સમાજ પ્રત્યે ફરજ છે કે આવા પત્રકાર સંમેલનમાં અવશ્ય હાજરી આપવી જોઇએ અને અકાદતી ભવિષ્યમાં વર્ષે એક કે બે વાર આવા શુભ પ્રસંગો યોજે અને બધા અખબારના તંત્રીઓ કે પ્રતિનિધિઓ હાજરી આપે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

યુ.કે. એશિયન વિમેન્સ કોન્ફરન્સના સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન શ્રીમતી તારાબેન કોકારીના મત પ્રમાણે આ કાર્યક્રમ ખુબજ વખાણવા લાયક રહ્યો. કવિઓની કૃતિઓ ખુબજ આનંદભોગ્ય રહી. આવી પત્રકાર પરિષદ અવારનવાર યોજાવી જોઇએ અને બધાજ તંત્રીઓએ હિસ્સો લેવો જોઇએ. તેમ થતાં પ્રજા અને પત્રકારો વધુ નજદીક આવશે અને તેથી સાહિત્ય અને સમાજને અનેકવિધ લાભ થવા સંભવ છે.

શ્રી રતિલાલ જોબનપુત્રાના મત અનુસાર ગુજરાતી સાહિત્ય અકાદમીએ યોજેલા આ પરિસંવાદમાં પ્રમુખ શ્રી ડાહયાભાઇ કવિ તથા અતિથિ વિશેષ શ્રી પ્રાણલાલભાઇ શેઠે સમાચાર પત્રોના માલીકો અને તંત્રીઓની ફરજો વિષે પ્રેરક ઉદ્ગારો કાઢયા હતા. પ્રજા અને પત્રકારોની ઉભય વિચારોની આપલે થઇ હતી. શ્રી વનુ જીવરાજના પ્રવચન ઉપરથી સહેજે સમજાતું હતું કે બ્રિટનમાં ગુજરાતી સમાચાર પત્ર ચલાવવું એ વિકટ કામ છે આથી સારા પત્રોને દરેક રીતે મદદ કરવાની જનતાની ફરજ અને કર્તવ્ય છે. કારણકે એ હાથે તાળી પડી શકતી નથી.

યુવાન કવિ શ્રી વિનોદ કપાસીએ પોતાના મંતવ્યો રજુકરતા જણાવ્યું કે "ગુજરાતી પત્રો અંગેનો પરિસંવાદ રસપ્રદ અને સફળ રહ્યો. ગરવી ગુજરાત, નવજીવન અને ગુજરાત સમાચાર દ્વારા ગુજરાતી સમાજને સામાજીક, રાજકિય તથા શૈક્ષણિક ક્ષેત્રે જે પ્રદાન થઇ રહ્યું છે તે જાણવા-સમજવાની સૌને તક મળી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ભવિષ્યમાં આવા પરિસંવાદ કે સમારંભ દ્વારા અહિંની ગુજરાતી જનતાનો અવાજ બુલંદ બનાવાય તે ઇચ્છવા યોગ્ય છે. પરંતુ આ માટે સૌ પત્રકારોએ કે પત્રના સંચાલકોએ એક છત્ર નીચે એકઠા થવું તે અત્યંત આવશ્યક છે. આ ખોટ ભવિષ્યમાં પૂરાઈ જશે તેવી આશા રાખવી અસ્થાને નહિ ગણાય. અને તેવા પ્રસંગોએ સૌ પત્રકારો કે તેમના પ્રતિનિધિઓએ અચશ્ય ભાગ લેવો જોઇએ.

આશા છે કે અકાદમી આવા વિવિધ સમારંભો દ્વારા જાગૃતિ અને એકતાને કેળવીને સાહિત્યનો ઝંડો લહેરાવ્યા કરશે.

ગુજરાત સમાચાર **૨૫-૨-૧૯૭૭**

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

નવજીવન

અપેક્ષા અને ઉપેક્ષાનો ઉત્સવ

બ્રિટનની ધરતી પર ગુજરાતી ભાષા દ્વારા પ્રજાના અવાજને વાચા આપતાં સામયિકોના પ્રદાનનું અવલોકન-મુલ્યાંકન કરવાનો એક ગૌરવપ્રદ પ્રયાસ થઇ ગયો.

"સહુ પ્રથમ" શરૂ થયેલાં, બંધ પડેલાં અને પ્રગટ થતાં પત્રો અને પત્રો સાથે સંકળાયેલા નામોનું પ્રતિનિધિત્વ અને પ્રમાણ સારૂં એવું જળવાયું હતું એનું ભાગ્યે જ કોઇને આશ્ચર્ય થશે. નામોચ્ચાર સાથે કોઇ પણ ગુજરાતીના અંતરના તાર રણઝણી ઊઠે એવાં પણ "પંજા"નો શિકાર બનેલા "અમે ગુજરાતી"ના તરવરિયા જૂવાન તંત્રીનું સાબૂત જોમ જોવાં મળ્યું તો જાજરમાન જૂદ્ધના ખેલંદા પણ જોઇ "વનુ"ના હૈયા અને હોઠનાં ચૂતાં ઘા પણ જોયા.

ગુજરાતી ભાષી-બ્રિટિશ ગુજરાતીનું આભરણ એટલે ગુજરાતી સાહિત્ય અકાદમી, એના ઉપક્રમે આ પ્રયાસ હતો પણ સજાગ પ્રયત્નોના પુરૂષાર્થથી સમગ્ર આયોજન પર છવાઇ ગયા હતા વિપુલ પ્રમાણમાં વિપુલ. "નવજીવન"ના પ્રારંભ સાથે આ નામ સંકળાયેલું છે એ યાદ-ઉલ્લેખ ગૌરવપૂર્વક કરીએ છીએ.

પત્રકાર જગત સાથે અને સક્રિય પત્રકારત્વ સાથે વર્ષો સુધી સંકળાયેલી વ્યક્તિ સમારંભના અધ્યક્ષ સ્થાને આયોજકો લાવી શકયા એથી પ્રસંગની ભાવજત યથાર્થ થઇ શકી, મુલ્ય જળવાયું બલ્કે અનેકગણું વધી ગયું. આફ્રિકા અને બ્રિટનમાં નામથી-કામથી જાણીતા પત્રકાર શ્રી પ્રાણભાઇ શેઠ ક્ષેત્રની ભીતરના સંપૂર્ણતઃ જાણકાર હોઇ એમના મંગલ ઉદ્‌ઘાટન વકતવ્યમાં પત્રકારત્વના આદર્શ અને વાચકની અપેક્ષાને યથાર્થ આકાર મળી શકયો હતો.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

પ્રગટ થતાં પત્રોના રંગ-ઢંગ વિષે, સંપાદનની સૂઝ અને આવડત-અણઆવડત અંગે અને વિષયને અનુલક્ષી સંદર્ભો અપાયા. સમીક્ષાના પ્રયાસ થયા. આદર્શ પત્રકાર, વ્યવસાયી પત્રકાર વચ્ચેની ભેદરેખાનું માપ કાઢવાનો પ્રયાસ થયો. માલિક અને પત્રકાર વચ્ચેના સંબંધ-મુશ્કેલીને પણ અછડતો સ્પર્શ થયો.

આખરે સૌ માનવી છીએ, પોતપોતાની મર્યાદાઓ-નબળાઇઓ છે. પોતાના વિચારો, મંતવ્યો-મમતો, અહમ્ રાગદ્વેષ એ બધાને સજાગપણે એક બાજૂ ઠેલવવા મથે-વારંવાર ખાત્રીપૂર્વકના ખૂલાસા કરી તટસ્થ થવા પ્રયત્ન કરે તોયે વિપક્ષને-જેને એ સીધો સ્પર્શ થયા સરખું લાગતું હોય, સાચી કે માની લીધેલી ફરિયાદનું કારણ મળે તો મન સ્હેજ ખાટું થઇ જાય, મોળપ લાવે પણ એ આવાં પ્રયાસોમાં બને એ સહજ છે. જેણે કાંઇ કહ્યું હોય અને જેના માટે કહેવાયું હોય એ બન્ને જરાકે અંતમૂર્ખ બની એને પામવા પ્રયત્ન કરે, સ્વીકારવા સરખું સ્વીકારે, અન્ય વિસરી જવાં જેટલી ઉદારતા દાખવે તો આ સમગ્ર પ્રયાસ, આ ધરતી પરના ગુજરાતી ભાષાના-પત્રકારત્વના ઉજળાં એંધાણ આપનારો બની રહેશે. સમગ્ર પરિસંવાદ આશા, અપેક્ષા, આદર્શ અને ખ્યાલનું વણાટ બની રહ્યું.

પ્રશ્નો ઉઠાવવાની વાત થઈ પણ સમય અને અગાઉથી નિયત થયેલ જોગવાઇને અભાવે "ઉઠાવ" ન મળ્યો. પરિષદને આંદોલનમાં ખપાવવાના પ્રચાર અંગે અંદેશો, ગ્માછેરો ઇશારો પણ કરાયો પરંતુ સમગ્ર કાર્યક્રમ માત્ર ફરિયાદનું કારણ બની રહે-શકે એવું કયાંય કળાયું?

આનંદ અને ગૌરવની વાત તો એ બની રહી કે ગુજરાતી ભાષાના ભાવિ વિષે વાર તહેવારે આશંકા વ્યક્ત કરનારાઓએ અને ભાષાપ્રેમી હોવાની હોંસ ધરાવનારા-ઓએ, સૌએ સમારંભ સ્થળની ચાર દિવાલો વચ્ચેનું અંતર સાંકડું પડે તેવી વિપુલ હાજરી અને સ્થિતિ જોવા પણ આવવા જેવું હતું આ સમારંભમાં.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

નહિ આવી શકનારા કે જાણ્યે-અજાણ્યે ઉપેક્ષા કરનારાઓને અફસોસ રહી જાય તેવો ઉત્સવ બની ગયો હતો આ સમારંભ.

બ્રિટીશ ધરતી પરના ગુજરાતી ભાષાના કોઇ ભાવિ ઇતિહાસકારને ગુજરાતી પત્રકારત્વના લખનારાં પૃષ્ઠોમાં ૧, જુલાઈ ૧૯૭૮ માટે એકાદ પ્રકરણ લખવું પડશે.

નવજીવન ૮-૭-૧૯૭૮

વાંચકોનાં વિચાર

ગુજરાતીઓનું ગૌરવ

ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન) યોજીત પત્રકાર પરિષદ અને કવિ સંમેલનનો અહેવાલ 'નવજીવન' માં વાંચી આનંદ થયો. બ્રિટનના ગુજરાતી પત્રકારિત્વના ઇતિહાસમાં તા. ૧ જુલાઇ ૧૯૭૮ અવશ્ય ચિર:સ્મરણીય રહેશે.

બ્રિટનના અગ્રણી ગુજરાતી વર્તમાનપત્રના પ્રતિનિધિઓ, લબ્ધપ્રતિષ્ઠિત લેખકો, આગવું સ્થાન ધરાવતા કવિઓને એક સાથે એકઠા થયેલા જોવા એ ખુબજ સુખદ પ્રસંગ હતો. સૌથી વધુ તો એક બીજા સાથે સમભાવપૂર્વક હળવાભળવાની ભાવના – બ્રિટનના ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં કયારેય ન યોજાયું હોય એવું એ સુખદ સંમેલન હતું. "ગુજરાત સમાચાર" ના શ્રી સી. બી. પટેલ અને "નવજીવન" ના શ્રી જયમંગલને એકબીજા સાથે આનંદથી વાતો કરતા જોઇ એક વાતની ખાત્રી થઇ કે ગુજરાતી વર્તમાનપત્રના તંત્રીઓ એકબીજાના વિરોધીઓ કે દુશ્મન નહિ પણ દોસ્ત છે. આત્મપ્રશંશા કરતાં એકલંગી વર્તમાનપત્રના સંચાલકો માટે આ બોધપાઠરૂપ છે. બીજાને સહકારની શીખામણ આપનારે પહેલાં પોતેજ એ અમલમાં મૂકી બતાવવી પડે છે.

આપણું એ મહદ ભાગ્ય છે કે અકાદમીને પ્રમુખપદે શ્રી ડાહ્યાભાઇ પટેલ જેવા લબ્ધ પ્રતિષ્ઠિત લેખક અને કવિ અને મંત્રીપદે વિશાળ હૃદય ધરાવતા શ્રી વિપુલ કલ્યાણી જેવા આદર્શ પત્રકાર અને નવલોહિયા યુવાન આપણને સાંપ-

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ડયા છે. આગેવાન એશિયન નેતા શ્રી પ્રાણુલાલ શેઠે અ: સંમેલનનું અધ્યક્ષપદ સ્વીકારવા સંમતિ આપી એ અભિનંદનને પાત્ર છે. એમની નમ્રતા એમને વધુ "મોટાઇ" આપે છે.

મારા એકાદ બે સુચનો છે. દરેક વરસે જુલાઈ માસનો પ્રથમ શનિવાર આપણે સહુ એકઠા મળી સાહિત્ય અકાદમીને આશ્રયે ગુજરાતી સાહિત્ય દિન તરીકે ઉજવીએ અને આપણા વડિલ લેખકો, કવિઓ અને પત્રકારોનું એવા પ્રસંગે સન્માન કરીએ એ ઇચ્છનીય છે. મને ખાત્રી છે કે બ્રિટનના ઉદારદિલ વેપારીઓ આવા સંમેલનને ઉમળકાભર્યો સાથ અને સહકાર આપશેજ.

ગુજરાતીઓએ હવે પોતાની આંખો ઉઘાડવાની જરૂર છે. કેવળ શરમ કે વાહવાહ ખાતર ભારતની કહેવાતી ભારતીય સંસ્થાને ફંડફાળો આપવા કરતાં આપણી પોતાનીજ ગુજરાતી સાહિત્ય અકાદમીને સદ્ધર અને પગભર બનાવવી એ એક એક ગુજરાતી વેપારીની ફરજ છે. જ્ઞાનદાન એ શ્રેષ્ઠ દાન છે.

— વનુ જીવરાજ
સ્ટોક-ઓન-ટ્રેન્ટ

નવજીવન

૧૫-૭-૧૯૭૮

નવ બ્રિટન

ગુજરાતી સાહિત્ય અકાદમી

આપણી માતૃભાષા ગુજરાતીના ઉત્કર્ષ માટે બ્રિટનમાં ગુજરાતી સાહિત્ય અકાદમી નામની એક સંસ્થા છે જે ગુજરાતી ભાષાના વિકાસાર્થે સ્થાપવામાં આવી છે અને એ દિશામાં શક્ય એટલો ફાળો આપે છે.

એના પ્રમુખપદે શ્રી ડાહ્યાભાઇ પટેલ (કવિ) જેવા લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર બિરાજે છે અને મંત્રી તરીકે તેજીલા યુવાન પત્રકાર શ્રી વિપુલ કલ્યાણી છે. ગુજરાતી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

સાહિત્યમાં રસ ધરાવતા લગભગ તમામ ભાઇબહેનોનો સંસ્થાને સાથ છે. ધર્મનો ઉપદેશ આપતાં એક સાધુ કે સંત જેટલાજ ગુજરાતી ભાષાના ઉત્કર્ષ માટે સેવા કરનાર જટા વગરના ગુજરાતી જોગીઓ અભિનંદનને પાત્ર છે.

આવી આપણી સંસ્થાને મજબુત અને આર્થિક રીતે સદ્ધર બનાવવી એ એકેએક ગુજરાતીની પવિત્ર ફરજ છે. આપણે પ્રાણ વગરના પત્થરની, દેહ વગરની અચેતન મુર્તીની અને સંસ્કાર વગરના માનવ મડદાઓની આંખ બંધ કરી પુજા કરીએ છીએ. અને એ અંધાપાના અને અંધશ્રધ્ધાના પડળ હેઠળ આપણી માતૃભાષાની અવગણના કરીએ છીએ. આપણે ભુલી જઇએ છીએ કે જયારે આપણી ભાષા નહિ હોય ત્યારે આપણે નહિ હોઇએ, અને આપણે નહિ હોઇએ ત્યારે આપણો ધર્મ પણ નહિ હોય! આપણી પોતાની માતૃભાષાને આપણે નહિ સાચવીએ તો સાચવશે કોણ? તમારી ભાષા માટે મગરૂબ બનો—તમારી ભાષા માટે મસ્તાન બનો.

બ્રિટનનો એકેએક ગુજરાતી આપણી ગુજરાતી સાહિત્ય અકાદમીને દરેક વરસે ફકત એક પાઉંડ જેવી નજીવી રકમ આપવાનો નિર્ણય કરે તો એ મહાન સદ્કાર્ય અને સત્કર્મ ગણાશે. આપણી અકાદમી સદ્ધર હશે તો ગામેગામ આપણા બાળકોને ગુજરાતી ભાષાનું જ્ઞાન મળે એ માટે જોરદાર ઝુંબેશ કરી શકશે.

પરભવનું ભાથું બાંધવા કરતાં આ ભવમાં જ આપણા બાળકોને કંઈ આપી જવું વધારે ઉત્તમ છે.

ઘરને ખુણે બેસી પાઉન્ડની નોટો ગણતો ગુજરાતી. એક પાઉંડ પોતાની માતૃભાષા માટે દાનરૂપે જુદો ન મુકી શકે?

★ ☆ ★

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ગુજરાતી પરિષદ : અકાદમીને ટેકો આપો

પશ્ચિમ જગતમાં પ્રથમવાર જ આગામી ઓગષ્ટના અંતમાં લંડનમાં ગુજરાતી ભાષા- સાહિત્યની અપૂર્વ, અદ્વિતિય રાષ્ટ્રીય પરિષદ યોજવા અત્રેની ગુજરાતી સાહિત્ય અકાદમીના કાર્યકર્તાઓ દિનરાત, તનતોડ જહેમત ઉઠાવી રહયા છે.

આ વર્ષની શરૂઆતમાં 'સ્કુલ ઓફ એશિયન લેંગ્વેજીસ એન્ડ હીસ્ટરી' નું ઉદ્ઘાટન કરતાં લોર્ડ પ્રતાપ ચીટનીસે કાઢેલા ઉદ્ગારો- "માતૃભાષાની અજ્ઞાનતા નૂકશાનકારક અને દુઃખદાયી છે."- આ પ્રસંગે ઘણા પ્રેરક બની રહે છે. ઉપરોકત પ્રસંગે અમે જણાવ્યું હતું કે વસાહતીઓના દીકરા દીકરી ને તેમની માતૃભાષા વિસરી જાય અને પૌત્ર પૌત્રી એ ભાષા શીખ્યાં જ ન હોય તો સંસ્કારી કુટુંબ જીવન ખીલી શકતું નથી. અમે અમુકના એવા મંતવ્યોને રદીયો પણ આપ્યો હતો કે જેટલી ઝડપથી વસાહતીઓ પોતાની ભાષા અને સંસ્કૃતી વિસરી જાય તેટલી ઝડપે તેઓ વધારે સારા બ્રિટીશ થઇ શકશે.

આ વાત ખાસ વિચારવા જેવી છે. યજમાન પ્રજામાં દુધમાં સાકરની જેમ ભળી તો જવું જોઇએ પરંતુ આપણી સંસ્કૃતિના વારસાને અનુલક્ષીને બિન-ગોરા બ્રિટીશ તરીકેજ. અલગ ગુજરાતી અસ્મિતાનું ગાણું ગાવું જેટલું ખતરનાક છે તેનાથી કદાચ વધારે ખતરનાક અસ્મિતાવિહોણા થવામાં છે. એક તરફ પ્રશ્ન છે આ દેશમાં આપણી વસાહતના ઉત્કર્ષ માટે આપણી ભાષાની જાણવણીનો અને ભાષા દ્વારા સંસ્કૃતિ, કળા અને સાહિત્ય જેવેના ઘનિષ્ટ સંબંધો સાચવી રાખવાનો જ્યારે બીજી તરફ એ પણ વિદીત છે કે આપણી સંસ્કૃતિ, ભાષા, આપણું સાહિત્ય તથા આપણો સમાજ, ધર્મ કોઇનાથી ઉતરતો નથીજ એટલે કોઇનાથી ચઢિયાતો પણ નથીજ. લઘુતા કે ગુરુતાની ગ્રંથિથી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

પીડાઈશું તો આપણામાં અને વર્ણવાદી નેશનલ ફ્રન્ટ સમા માનસીક હદીઓમાં કોઇ ફેર રહેતો નથી.

આટલા માટેજ વિચારવિમર્શ કરી, ચિંતકશીલ પ્રતિભાઓને નિકટ લાવી, જેઓ કદાચ ભાષા ભૂલી જવાના છે અથવા શિખવાના નથી એવા બાળકો અને કિશોરોના મંતવ્યો પણ પૂરા આદરથી સમજી અને પ્રેમથી તેને અનુગ્રહી હાલની ભાષાની વિકાસ વૃધ્ધિ માટે કામે લગાડી શકીએ. દર્દ શું છે એનો યોગ્ય નિદાન લાવીશું તોજ ઉપાય અને આયોજન અસરકારક બનશે.

આજ કારણોસર ઓગષ્ટની ગુજરાતી પરિષદ અતિ મહત્વની બની રહેશે. અકાદમીના આ પ્રયાસને ભલે પ્રમુખ કવિરાજ ડાહ્યાભાઇ નમ્રતાથી 'નાનોશો' ગણાવતા હોય પણ જે રીતે અકાદમીએ ટૂંકા સમયમાં અલ્પ સાધનોથી વિકાસ સાધ્યો છે, અવારનવાર દીર્ઘદૃષ્ટિ આપનારી સભાઓ યોજી છે અને નિયમીત સાહિત્ય સિંચન કર્યું છે તે જોતાં આ પ્રયત્ન જરૂર એક 'હરણફાળ' બની રહેશે.

આવી નક્કર સાધનાને જેટલો ટેકો આપણે સર્વ આપી શકીશું તેટલો ઓછો પડશે. પરંતુ ફુલ નહીં તો ફુલની પાંખડી આપીં કમસે કમ આજેજ ફક્ત પાંચ પાઉંડ ભરી પરિષદમાં જરૂર ભાગ લઇએ અને તેને દીપાવીએ.

ગુજરાત સમાચારે હંમેશા અકાદમીની પ્રવૃત્તિને ટેકો આપ્યો છે. સમાજમાં નવી કેડીઓ કંડારવા અકાદમીએ આદર્શ કામ કર્યું છે.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ગુજરાતી, 'અકાદેમી' અને લક્ષ્ય

'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી. ચંદ્રકાન્ત પટેલ, ગુજરાતી સાહિત્ય અકાદેમી (બ્રિટન)ના પ્રમુખ શ્રી. ડાહ્યાભાઈ કવિ અને આ લેખક વચ્ચે અત્રત્ય સાહિત્ય અકાદેમી નિમિત્તે થોડી અનૌપચારિક અને સાદ્યંત વાતો થઈ.

(આ અંગે શુભેચ્છાપૂર્વક કંઈક વિચાર કરીએ, તે પૂર્વે બેચાર મૂળભૂત વાતો ધ્યાનમાં રાખી લેવી આવશ્યક થઈ પડે.)

સાહિત્યની-દેશવ્યાપી, ખંડ વ્યાપી કે આંતરરાષ્ટ્રીય-સંસ્થા હોવી એ જ તે પ્રજાની શિષ્ટતા અને સંસ્કારિતાનું ગૌરવ છે. આમ, એક ઉદાત્ત સંસ્થા, મધ્યસ્થ સંસ્થા તરીકે અકાદેમી આજની ગુજરાતી પ્રજાની આંશિક પ્રતિનિધિનું, મારે મન ઊંચેરું પરિમાણ છે. ગુજરાતી સાહિત્યની અખિલાઈમાં જીવન રસ ધરાવનાર સામાન્ય જન કે પત્રોના અધિપતિઓનો રસપૂર્વકનો સહકાર હોવો તે વૈયક્તિક બાબત છે. એ હોવો ઘટે તે સમજી શકાય તેવી સ્પષ્ટ વસ્તુ છે.

પ્રસ્તુત સંસ્થા એક નાનકડું મંડળ ન બની રહે, અને સાહિત્ય અંતર્ગત કોઈપણ દેશવ્યાપી કે આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિ એને આશ્રયે થાય ધરાય તેવા વિચારો આ સંસ્થાની આદ્યસ્થાપના વખતે આ લેખકે વેગપૂર્વક રજૂ કર્યા હતા. ફલતઃ, કદાચ, પ્રથમ ચૂંટણીમાં એ નામ ઉપપ્રમુખ તરીકે મુકાયું હોય. આથી એ પણ નોંધી લઉં કે મને વ્યક્તિગત રીતે 'પદ' કરતાં અધિકતર રસ 'પ્રવૃત્તિ'માં છે, સંસ્થાના સંગીન વિકાસમાં છે, પતનમાં હરગિજ નહિ.

આ દૃષ્ટિએ, આથી જે વિચારો રજૂ કરું છું તે માત્ર મારા છે. અને એમાં સંસ્થાની ઊણપનો પરોક્ષ રીતે થઈ જતો નિર્દેશ પણ આત્મદ્રોહ જેવો અને એ રીતે વિકાસલક્ષી છે - એમ કહેતાં અસત્યનો આશ્રય નથી લેતો. સંસ્થાની પ્રવૃત્તિઓ તરફ નજર કરીએ તો એમાં સમાવેશ થઈ જાય :

(૧) મુશાયરા, કવિ સંમેલન, કાવ્ય વાચન, કાવ્ય પઠન (લંડન તેમજ અન્યત્ર)

(૨) ૧૯૭૯ ના વર્ષ દરમિયાન ત્રણ દિવસની સાહિત્ય પરિષદ

(૩) ભારતથી આવતા સાહિત્ય શિક્ષણ કલાકારોના વિશિષ્ટ કાર્યક્રમો

(૪) સાહિત્ય કલાનાં પ્રદર્શન

(૫) ૧૯૮૧ ની ભાષા શિક્ષણ પરિષદ

(૬) સંવિવાદ - પરિસંવાદ

(૭) સ્થાનિક સર્જકોના પ્રકાશનનું વિમોચન

(૮) વિશિષ્ટ (આંતરરાષ્ટ્રીય) કાર્યક્રમ નિમિત્તે સહકાર, વગેરેનો.

સંસ્થાએ હાલના પ્રમુખ શ્રી ડાહ્યાભાઈની પરિપૂર્તિ ઊજવીને 'સ્મરણિકા'નું પ્રકાશન પણ કર્યું છે. આ સર્વોના યશ ભૂતપૂર્વ મંત્રી

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

શ્રી.'પંકજ' અને અત્યારના મંત્રી શ્રી.વિપુલ કલ્યાણીને ફાળે કંઈ ઓછેરા ન ગણાય!

આ સઘળી પ્રવૃત્તિમાં ભાગ લેનારા તો એક સૂત્રે ગૂંથાય એમા શકા નથી, પણ એમાં સતત ભાગ ન લેતા આળકો, પ્રવૃત્તિના સ્થળથી દૂર વસતાં રસિકો, ભાષા અને શિક્ષણની, સાહિત્ય અને તેના સર્જનની પ્રવૃત્તિઓમાં રસ ધરાવવા છતા સામેલ ન થઈ શકનારાં ગુજરાતી પ્રજાજનો સંસ્થાકીય પ્રવૃત્તિથી વિમુખ બનતાં રહે તો નવાઈ નહિ.

મારે મને 'અકાદેમી' સમગ્ર ગુજરાતી ભાષી પ્રજાની સંસ્થા છે. ભાષા-સાહિત્યના સૂત્રે પ્રજાને એકતંતે ગૂંથનારું બળ છે. એ ન્યાયે નીચે દર્શાવેલી થોડીક વસ્તુઓ વિચાર પ્રાધાન્ય પ્રાપ્ત કરે એ જરૂરી છે:

(૧) સંસ્થાનું આગવું 'ભવન' હોવું ઘટે..જેમાં (નાનકડી હોય તો પણ) કચેરી નિયમિત ખુલ્લી રહે.

(૨) 'ભવન' ગુજરાતી શિક્ષણનું દેશવ્યાપી તાલીમી કેન્દ્ર બને તો જ ગુજરાતીનો પ્રચાર સરળ બને.

શાળાઓની લાંબી રજાઓમાં કેન્દ્ર તાલીમી પ્રવૃત્તિથી ધમધમવું જોઈએ.

(૩) અર્ધ વાર્ષિક કે વાર્ષિક (પાક્ષિક કે માસિક નહીં તો) (સરકારી મદદ સહિત) એની પ્રવૃત્તિનો ચેર બેઠાં અહેવાલ પૂરો પાડે. તંત્રીઓની ઉદાર સહાય અને સ્વપ્રકાશન વિના અકાદેમી પ્રગતિ ન સાધે.

(૪) સંસ્થાની કાર્યવાહક સમિતિ દેશવ્યાપી બને અને વાર્ષિક નીતિ, ઉત્સવો, કાર્યક્રમોની રૂપરેખા સામાન્ય સભાની સાથે નિશ્ચિત કરી લે.

(૫) સંસ્થા પોતે જ સ્થાનિક પ્રકનોને વાણતું-રૂપાણતું સાહિત્ય સર્જાવે.

(૬) વિદ્વજ્જનો પાસેથી વ્યાખ્યાન શ્રેણીનો લાભ યોજે. સ્થળે સ્થળે જ્ઞાનસત્રો યોજે અને વાર્ષિક પ્રવૃત્તિના સરવૈયાથી લોકોને પરિચિત રાખે.

(૭) નિયમિત રીતે સાહિત્ય પ્રકારોના વર્કશોપ (કાર્યાલય) ચલાવે, અને સ્પર્ધાઓ ગોઠવે.

(૮) ગ્રંથાલય ('ભવન' અંતર્ગત) સ્થાપે અને સંદર્ભગ્રંથો માટેની વ્યવસ્થા આદરે...પૂરી પાડે.

(૯) બાળકોમાં ભાષા-સાહિત્યાભિરુચિ કેળવવા રાષ્ટ્રવ્યાપી પરીક્ષાઓની યોજના પ્રતિવર્ષ થાય, અને પારિતોષિક વિતરણ થાય....

કસોટી નિમિત્તે :

અધ્યયન પરિશીલન સારુ

સરળ ગ્રંથોનો પાઠ્યક્રમ નિયત કરી શકાય - સ્થાનિક કાઉન્સિલનાં પુસ્તકાલયો અત્યંત મહત્ત્વનો ફાળો અચૂક આપે. (પ્રાથમિક પુસ્તકો તૈયાર પણ થઈ શકે.)

(૧૦) વિશિષ્ટ સંશોધનો સારુ યોજનાઓ ઘડાય અને પુરસ્કાર પણ અપાય.

— આવું ઘણું કરી શકાય. એ પ્રવૃત્તિઓમાં વિરોધ-રોધ તો-દૂર કરીને, આગળ વધવાની 'અકાદેમી'ની ક્ષમતા અને પાત્રતા હું જોઉં છું. એને 'ગુજરાત સમાચાર'

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

જેવાં પત્રોનો પ્રજાજી સાથ સહકાર જબરદસ્ત છે. સમય પોતે નથાવા તૈયાર છે. સાહસ વિના એ શક્ય નથી. આ દેશના પ્રત્યેક ગુજરાતી ભાષી પ્રજાજન સામે પડેલું એ આહવાન છે. 'અકાદેમી' સંસ્થારૂપે એ 'ચેલેન્જ'નું માધ્યમ છે. સહકાર માગનારને મળે જ છે, વિનો હંમેશાં ટકતાં નથી - એ સત્ય ધ્યાનમાં રાખવા જેવાં છે.

– ભાનુશંકર ઓધવજી વ્યાસ.

14th May 1982 GUJARAT SAMACHAR

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

પ્રમુખશ્રીનો પત્ર.

રનેહીભાઈ રઘુવીર ચૌધરી,

તા. ૧, ઑગસ્ટને દિવસે હું લંડન પહોંચ્યો. તા. ૧૭ એમની સાહિત્ય પરિષદ હતી. એ નામ ચર્ચા બાદ ફેરવી પહેલું સાહિત્ય આકાદમી મિલન કર્યું. એની પહેલી સભાનું ઉદ્‌ઘાટન સારું–સારી હાજરી–પછી બે દિવસ નાની સભામાં ચર્ચા – એમાં મુખ્યત્વે " અહીં અમારી સંસ્કૃતિ – ગુજરાતિતા ચાલુ રહે, ભાષા વિકસે " એવા વિષયો પર ચર્ચા.

પછી બે ત્રણ મિલનો : એમાં મૂળ વાતે, આખા ઇંગ્લેંડમાં જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે, અને ઠીક ઠીક જૂથો છે ત્યાં, ગુજરાતી બાળ, પ્રાથમિક શાળાઓ ચાલે છે, એઓ ચલાવે છે. એવી સંખ્યા આશરે સો થી બસો (પૂરી યાદી નથી તે કરવા સૂચના કરી છે.) એમાં પાઠય–પુસ્તકોનો કશો ઢંગધડો નથી, તે એકધારો કરવા અમને માર્ગદર્શન આપો એવી વિનંતિ કરી.

જવાબમાં, મારી સૂચના નીચે પ્રમાણે :

૧. આ કામ વિકટ છે. જ્યાં સુધી કોઈ પ્રસ્થાપિત સંસ્થા આ પ્રશ્નોનો નિકાલ ન લાવે, ત્યાં સુધી કોઈ સંસ્થા એકધારાં પાઠયપુસ્તક ન કરે. એટલે —

૨. ગુજરાત સરકાર શિક્ષણ ખાતા તરફથી આ સંબંધી પરિપત્ર તૈયાર થાય, બાળવર્ગો માટેનાં પ્રાથમિક પાઠયપુસ્તકોની એકમે વિકલ્પો સાથે યાદી તૈયાર થાય, તે સરકાર તરફથી મોકલવામાં આવે એ સાથે પરિષદની મુદ્રા–છાપ–સંમતિ હોય તો એકધારા ધોરણ ચાલે—ઉપરાંત,

૩. એ પહેલાં સરકાર પોતા તરફથી એક આ દિશાના જાણકાર વ્યક્તિને ઇંગ્લેંડમાં આ કેન્દ્રો જોવા મોકલે, એ બધાં કેન્દ્રો ફરી પોતાની સૂચના–રિપોર્ટ–પરિષદ તેમ જ સરકારને મોકલે તો એ ઉપરથી પાઠયપુસ્તકો નક્કી થાય.

મારી સૂઝ પ્રમાણે સરકાર આ રીતે કોઈ વ્યક્તિને મોકલે એ માટે ખર્ચ કરે એ ઘટના આકાશકુસુમવત્ લાગે છે. એટલે ત્યાંની સંસ્થાએ જ આ કામ માથે લેવું રહ્યું. (મેં એ સૂચના કરેલી તે એમના ધ્યાનમાં

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

ઊતરેલી નહીં. "અમારી પાસે એવી કોઈ જાણકાર વ્યક્તિ છે નહીં. સૌ સૌની રીતે ગાડાં ગબડાવે છે", એવો જવાબ મળ્યો હતો.) એટલે–

એક મારું નમ્ર સૂચન એવું કે આપણામાંથી કોઈ અનાયાસ મારી માફક વર્ષભરમાં ફરવા, યા બીજે કામે જતું હોય–શ્રી યશવંતભાઈ, શ્રી ઉમાશંકરભાઈ, શ્રી અનંતરાયભાઈ, શ્રી કોઈ રીટાયર્ડ વિદ્યાધિકારી, વડાશિક્ષક. એમને ત્યાં ફરવાની સગવડ એ લોકો આપે, એમ એ ૩૦ એક દિવસ વધારે રહે તો વાત બને. બાકી આ પ્રશ્ન મહત્વનો છે, એથી વધારે એનો ઉકેલ કપરો છે.

શ્રી ડાહ્યાભાઈ કવિ આ સંસ્થાના કર્તાહર્તા છે. એમની જોડે ઘણી ચર્ચા કરવામાં આવી છે. એ પરિષદમાં વડોદરા પધારનાર છે. એ આવે ત્યારે એમની સાથે ચર્ચા કરવી, યા અહીં જે વિચારણા થાય તે રજૂ કરવી.

પરિષદમકાન માટે ત્યાંના છાપામાં પ્રગટ કરવા જે પરિપત્ર મોકલવા મેં નમ્ર સૂચના કરી હતી, તે ત્યાં પહોંચ્યો નહોતો એટલે શરૂઆતની ચર્ચા કરી પણ એમાં બે વાત બની: (૧) લંડનની સંસ્થાએ સાહિત્ય પરિષદ ભરી એ માટે એમનું પોતીકું ભંડોળ જોઈએ એટલું થએલું નહીં (૨) અને ઇતર સજ્જનો (સાહિત્યમાં રસ નહીં એવા) પોતાના ફાળા મોરબી સંકટમાં મોકલતા રહેતા હોવાથી ત્યાંથી હમણાં ફાળાની રકમની આશા વ્યર્થ.

નોંધ : મારું નમ્ર મંતવ્ય – ત્યાં ગુજરાતી ભાઈઓને સાહિત્યમાં–વાંચવા લખવા માટે કશો રસ નથી. જે છે તે આશરે પચાસ સો માણસો પૂરતો – વાંચન માટે જે ઉદાસીનતા અહીં આપણે ત્યાં છે, એથી અનેકગણી વધારે ત્યાં છે. એટલે સાહિત્યની પ્રવૃત્તિમાં રસ મોળો છે. લિસ્ટરમાં એક સારી લાયબ્રેરી છે. એમને પુસ્તકો જોઈએ છે. તે માંગ પૂરી કરી આપવા મેં બાંહોધરી લીધી છે, તેની વ્યવસ્થા હું કરી દઈશ.

પરિષદની સમિતિ આ ઉપર જે વિચાર કરે–મારી હાજરીમાં યા ગેરહાજરીમાં–તે મને ડીસેમ્બર ૨૦ પહેલાં જણાવે તો હું એમને ઉત્તર પાઠવીશ, નહીં તો પરિષદ શ્રી ડાહ્યાભાઈ કવિને બારોબાર ઉત્તર પાઠવે.

વડોદરા
તા. ૨, ઑક્ટોબર '૭૯

લી. સેવક
ચન્દ્રવદન મહેતા

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

બ્રિટનવાસી ગુજરાતીની સાંસ્કૃતિક અસ્મિતા વિશે જાગૃતિ

અસ્મિતા : વર્ષ : ૧. અંક : ૧.
ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન)
સંપાદકો : શ્રી વિપુલ કલ્યાણી, શ્રી યોગેશ પટેલ, જીવિનોદ કપાસી.
પ્રકાશક : શ્રી વિપુલ કલ્યાણી, મંત્રી ગુજરાતી સાહિત્ય અકાદમી (બ્રિટન) ૨, એલ્મસાઈડ રોડ, વેમ્બલી મિડલ સેક્સ
ફો. (ફોન : ૦૨-૯૦૨ ૫૭૯૮)
મૂલ્ય : બ્રિટનમાં એક પાઉન્ડ, ભારતમાં દસ રૂપિયા

બ્રિટનમાં ગુજરાતી સાહિત્ય અકાદમી સ્થપાય અને તેને ઉપક્રમે ત્યાંની ગુજરાતી પ્રજાની સાંસ્કૃતિક અસ્મિતાનું ગૌરવ જાળવવા, વધારવાના નિષ્ઠાભર્યા અને રસપૂર્વકના પ્રયાસ થાય એ ભારતવાસી ગુજરાતી માને પણ અપાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસતા હોય તે ઉમંગે માટે આનંદજનક અને ગૌરવપ્રદ બાબત લેખાય.

બ્રિટનમાં ગુજરાતી સાહિત્ય અકાદમી, બ્રિટનવાસી ગુજરાતીઓની સાંસ્કૃતિક અસ્મિતા જાળવવા દાખવવાની ભાવનાથી ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૭૬ને રોજ વેમ્બલીમાં ૬ સૂર્યકાન્ત દવેના નિવાસસ્થાને સ્થપાઈ. તેના સ્થાપકોમાં ૬ પ્રભાશંકર સો. દવે, કવિ (બિરિસ્ટર) શ્રી ડાહ્યાભાઈ પટેલ, શ્રી ભાનુશંકર એ. વ્યાસ, શ્રી બળવંત નાયક, શ્રી નિરંજન દેસાઈ, શ્રી યોગેશ પટેલ, શ્રી કાન્તિ નાગડા, શ્રી પંકજ વોરા વગેરેનો સમાવેશ થાય છે. સ્થાપના પછીનાં સાત વર્ષ દરમિયાન અકાદમીએ કવિ સંમેલન, મુશાયરા, પ્રવચનો, પરિસંવાદ, જાહેર સંવિવાદ, , સાહિત્ય-ગોષ્ઠિ, ગ્રન્થ પ્રકાશન તથા નાટ્યપ્રવૃત્તિ, સંગીત કાર્યક્રમ, આનંદ મેળો, ભાષા સાહિત્ય પરિષદ તથા ભાષા સિહાસ્ય પરિષદ એમ અનેકવિધ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ રાજ ધરી છે અને પોતાના કાર્યક્ષેત્રને વિસ્તારતી રહી પોતાની ધરતીને સાર્થક કરાવી રહી છે. "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત" એ ગુર્જર રાષ્ટ્ર કવિનું વાસ્તવિક અને વ્યાવહારિક સત્ય જે બ્રિટનમાં રહ્યું ગુજરાતીઓના વર્ષોના શ્રમથી વસવાટથી સાકાર થયું છે તેની અસ્મિતાની ભાવનાનું મૂર્તસ્વરૂપ ગુજરાતી સાહિત્ય અકાદમીની સ્થાપના દ્વારા અને તેથી પણ અધિકાંશે તેના આ મુખપત્ર "અસ્મિતા" વાર્ષિકના પ્રાગટ્યથી વ્યક્ત થયું છે. એ દૃષ્ટિએ "અસ્મિતા"ના આ પ્રથમ વાર્ષિક અંકનું પ્રકાશન એક આનંદજનક સાંસ્કૃતિક ઘટના છે અને તેથી તે હાર્દિક સ્વાગતને પાત્ર છે.

અરમાન

"અસ્મિતા"ના સંપાદકીયમાં તેના અવતરણને એક પ્રસ્થાનરૂપે ઘટાવીને જણાવવામાં આવ્યું છે કે "અસ્મિતા" ની દિશા શુદ્ધ સાહિત્ય તરફની હોય, એની કેડી ભાષા-સિહાસ્ય વિસ્તરણને પોષનું સંસ્કાર ધન બને તો એ એક નવું પ્રસ્થાન સિદ્ધ થાય" "અસ્મિતા"માં અનેક ભૂમિકાએ સાહિત્યશક્તિનો સંચાર કરવાનું બીડું ઝડપવાના તથા તેને ત્રૈમાસિક બનાવવાનાં પણ અરમાન વ્યક્ત થયાં છે. હૃદયથી ઈચ્છીએ કે એ અરમાન વહેલી તકે સિદ્ધ થાય.

"અસ્મિતા"ને આવકાર આપતાં શ્રી રઘુવીર ચૌધરીએ બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીએ ત્યાંના ગુજરાતી નવલેખનને પ્રોત્સાહન આપવા "અસ્મિતા" ઉપરાંત પણ કેટલીક યોજનાઓ વિચારી હોવાનું જણાવી એક આવકારપાત્ર વાત એ કહી છે કે અકાદમી ગુજરાતી તેમ જ અન્ય ભારતીય ભાષાઓની નીવડેલી કૃતિઓના અંગ્રેજી અનુવાદ કરાવવા અંગે પણ ગંભીરતાપૂર્વક વિચારે છે.

"અસ્મિતા"ની કવિતા

"અસ્મિતા"નો આરંભ દોઢ ડઝન ઉપરાંત કવિતાથી થાય છે જેમાં અછાંદસ રચનાઓ, ગીત,ગઝલ, હાઈકુ-તથા તાન્કા ઈત્યાદિ સ્વરૂપ વૈવિધ્ય જાળવતાં કાવ્યોનો સમાવેશ થાય છે. તેમાં હાઈકુની સંખ્યા સારા પ્રમાણમાં છે. કાવ્ય વિભાગમાં જેમની જેમની કૃતિ સ્થાન પામી છે તેમનાં નામ આ પ્રમાણે છે: યોગેશ પટેલ, જયાભાઈ પટેલ, નિરંજના દેસાઈ, અશોક દ. પંચોલી 'ખય્યામ', ઊર્મિલા ભટ્ટ, મનોરમા વ્યાસ 'આશિક', શાંતશીલા ગજજર, વિપુલ કલ્યાણી, ધીરજ બહેન શુકલ, કવિશ્રી ડાહ્યાભાઈ

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

પટેલ, વિનોદ કપાસી, "જિગર" નબીપુરી, ગીતા પટેલ, કદમ, ભગવાન પરમાર તથા હર્ષા કથરાણી. કાવ્યો ભાવનાત્મક, ભાવનિષ્ઠ અને વાસ્તવદર્શી છે. "બાંક્સ"માં કવિની પારદર્શી નિખાલસતાથી વાસ્તવિકતાને અભિવ્યક્તિ સાંપડી છે. હાઈકુની સમૃદ્ધિ એ સ્વરૂપ ત્યાંના કવિલોકને કેવું ફાવી ગયું છે તેની દ્યોતક છે.

બે સરસ વાર્તા

શાંતશીલા ગજ્જરની વાર્તા "આશ્રિતા" તથા 'ખય્યામ'ની કૃતિ "ઉહીટી" આ બંને વાર્તાઓ અંકની ખાસ આકર્ષક સર્જનાત્મક કૃતિ લેખવી પડે. હિટલરની પાશવતાનો એક જર્મન કુટુંબને કેટલી બધી કરૂણ રીતે ભોગ બનવું પડયું તેનું હૃદયસ્પર્શી આલેખન "આશ્રિતા"માં થયું છે. તો "ઉહીટી"માં મલાવીના એક અનોખા પ્રાણી તરીકે જેની ઓળખ શરૂઆતમાં અપાઈ છે, જે વાસ્તવમાં એક પ્રેતાત્મા છે જેણે આફ્રિકાના આદિવાસીઓથી વસેલા અઘોર જંગલમાં કેવો ભયંકર હાહાકાર મચાવ્યો હતો તેની કલ્પનોત્થ પણ અદ્દભુત રસિક વાર્તા છે. ઘટના તેમ જ વાતાવરણ ઉભય સંદર્ભે લેખકની આલેખનકલાથી કૃતિ જીવંત બની શકી છે.

અભ્યાસપૂર્ણ નિબંધો

પ્રાસની શક્યતાઓની ક્ષિતિજ શોધવાના પ્રયાસ કરતો શ્રી યોગેશ પટેલનો નિબંધ અભ્યાસપૂર્ણ છે. શ્રી વિનય કવિએ બ્રિટનમાં ગુજરાતી નાટકની આલોચનાનો ખ્યાલ આપતાં બે આવશ્યક અથવા અનુમોદનીય સૂચન કર્યાં છે. એક, બ્રિટનમાં કેન્દ્રીય નાટ્ય ગ્રંથાલયનું નિર્માણ કરવાનું અને બીજું, બ્રિટનમાંના ગુજરાતી તખ્તાનો ઈતિહાસ રચવાનું. શ્રી હર્ષદ ભાલે બ્રિટનમાં ગુજરાતી પ્રજાના વસવાટ સંબંધમાં થયેલાં સંશોધનોનું દોહન આપવાનો સારો પ્રયાસ કર્યો છે. શ્રી બળવંત નાયકે બ્રિટનની શિક્ષણ પ્રથાના સંદર્ભમાં ગુજરાતી બાળકોના શિક્ષણ સંબંધમાં તેમનાં માબાપોની મૂંઝવણને યોગ્ય અભિવ્યક્તિ આપી છે. બ્રિટનના કામદાર પક્ષની વર્ગભેદની કટ્ટર વિરોધી અને કૉન્ઝર્વેટિવ પક્ષની વર્ગભેદની આગ્રહી એવી બે વલણ વચ્ચે પ્રવર્તતા ગજગ્રાહનો તેમણે સારો ખ્યાલ આપ્યો છે. શ્રી વિપુલ કલ્યાણીએ વડોદરાના વિશ્વજ્યોતિ આશ્રમના પ્રસ્થાપક અને બ્રિટનમાંના હ્યુમન સર્વિસ ટ્રસ્ટના પ્રણેતા સ્વામી સરસ્વતીની મુલાકાતનો વૃત્તાન્ત આપ્યો છે. "ગુજરાતી ભાષા : પરિસ્થિતિ અને વિકાસ" એ નિબંધમાં શ્રી ભાનુશંકર ઓ. વ્યાસે બ્રિટનમાં ગુજરાતી ભાષાનો વિકાસ એક રીતે વિકટ સમસ્યાનું સ્વરૂપ ધારણ કરી બેસે તેવો સંભવ જણાતાં તેમણે ભાષાવિકાસના ઉપાયો અને તે અંગેની યોજના વિશે સ્પષ્ટ વિચારણા રજૂ કરી છે. તેમનો એક પ્રશ્ન બહુ સચોટ છે, તે એ કે "આપણે અહીંની આપણી ઊગતી પેઢીને કેવળ વ્યવહારુ વાક્યાનુબંધવાળી બનાવવી છે કે ભાષાને ખાતર ભાષાની સિદ્ધિ વાળી? આપણે ભિન્ન ભિન્ન ક્રમિક પાઠયપુસ્તકો તૈયાર કરીએ છીએ પરન્તુ જેનો મહિમા સાર્વત્રિક છે તથા જેને આગવું તત્ત્વ છે તે ભાષાની જોઈએ તેટલી દેખભાળ, ખાતરબરદાસ્ત કરતા નથી એને અભાવે જ ભાષાનું પુષ્ટિકરણ અને કૌશલ્ય આપણને સુસાધ્ય બનતું નથી." એમનું નિદાન કેટલું બધું સાચું છે સ્પષ્ટ છે! શ્રી રમણભાઈ પટેલે પણ આ જ વિષયની વિચારણા કરી છે. તેમની ચિંતા બ્રિટનમાં ઊછરતી નવી ગુજરાતી પેઢીની ભાષા સંદર્ભે ગત દશાને લગતી છે. લોકજીવનની સુધારણાની એક ઝલક દાખવીને તથા લોકભાષાની પરિસ્થિતિને વિચાર કરતા બ્રિટનમાં ગુજરાતી ભાષાની સ્થિતિનો જે ચિતાર તેમણે રજૂ કર્યો છે તે ઉત્સાહપ્રેરક નહિ પણ કંઈક વિમાસણ જન્માવનારો છે. તેમનું કહેવું એમ છે કે શબ્દગ્રહણ, શબ્દ સર્જન અને શબ્દ સંસ્કરણમાં બ્રિટનવાસી ગુજરાતીઓનું પ્રદાન ઘણું ઓછું છે. નવલકથા, નવલિકા, નિબંધ તથા નાટકો તે પરિસ્થિતિ ઉત્સાહ જન્મે એવી નથી. કાવ્યક્ષેત્રે પણ હાઈકુની જ બોલબાલા છે. બ્રિટનમાં ગુજરાતી ભાષાના વિકાસ માટેના ઉપાય અને યોજના વિષયક તેમની વિચારણા સાચે જ રચનાત્મક છે. ગુજરાતી સાહિત્ય અકાદમીની સાત વર્ષની પ્રવૃત્તિના સર્વેક્ષણથી આ અંકની સમાપ્તિ થાય છે.

"અસ્મિતા"ના આ અંક ઉપરથી બ્રિટનવાસી ગુજરાતીઓ ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિ વિશે અર્થાત પોતાની ગુજરાતી તરીકેની અસ્મિતા વિશે કેટલા બધા જાગ્રત છે અને કરવું ઘટે તે કરવા માટે તત્પર છે તેનો ખ્યાલ મળી રહે છે. તે ઉત્સાહજનક અને આશાપ્રેરક છે "અસ્મિતા" બ્રિટનવાસી ગુજરાતીઓને તેમની સાંસ્કૃતિક અસ્મિતાનું ઓજસ દર્શાવવા વધારવામાં પ્રેરક અને સહાયક નીવડો એવી શુભેચ્છા.

કૃ. દી.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

લંડનમાં ગિજુભાઈની જન્મજયંતીની ઉજવણી

લંડન, તા. ૫ : ગુજરાતી સાહિત્ય અકાદમી અને શિશુકુંજના સંયુકત ઉપક્રમે આઠમી માર્ચ (મધર્સ ડે)એ અહીંના બ્રેન્ટબરોની પ્રેસ્ટન મનોર સ્કૂલમાં સ્વ. ગિજુભાઈ બધેકાની જન્મશતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમારોહના મુખ્ય વકતા શકુન્તલા પટેલે સ્વ. ગિજુભાઈની શિક્ષણ પદ્ધતિ અને વિનોદ કપાસીએ તેમના સાહિત્યસર્જન વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત બાળસાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોએ ચારબાળ - નાટિકાઓ સુંદર રીતે ભજવી હતી;જ્યારે આઠેક બાળકોએ સદ્‌ગતે લખેલી વાર્તાઓ વાંચી સંભળાવી હતી.

કાર્યક્રમમાં ભાગ લેનારા બાળકોને મણિબહેન શાહના હસ્તે ભેટ અપાઈ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવામાં લંડનની બીજી ગુજરાતી સંસ્થાઓ-ઓશવાલ એસોસિએશન, સ્વામિનારાયણ મંદિર, માંધાતા યુથ એન્ડ કૉમ્યુનિટી સેન્ટર એકેડેમી ઑફ વૈદિક હેરિટેજ, ફ્રીલૅટ કૉમ્યુનિટી સેન્ટર, બાળસંસ્કાર કેન્દ્ર અને સંગમે ફાળો આપ્યો હતો.

અગાઉ, શિશુકુંજના પ્રમુખે મહેમાનો તથા શ્રોતાઓને આવકાર આપ્યો હતો અને હીરજીભાઈ શાહે સદ્‌ગતની છબીને ફૂલહાર અર્પણ કર્યાં હતાં.

જન્મભૂમિ - પ્રવાસી ૬-૪-૧૯૮૬

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

Commission for RACIAL EQUALITY

Britain is proud of its tradition of justice and fairness.
Yet discrimination is a fact of life
for many people of Afro-Caribbean and Asian origin
in jobs, housing, clubs and in many other areas.

The CRE fights discrimination
by using the law to stamp out blatant forms of racism
and by persuading employers, local authorities,
educationalists and many others to change practices which,
intentionally or otherwise, result in discrimination.

Literature is available on the work of the CRE,
Britain's ethnic minorities, discrimination and the law.
To obtain the current booklists, contact the Information Section,

Commission for Racial Equality
Elliot House
10-12 Allington Street
London SW1E 5EH

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

GUJARATI LITERARY ACADEMY

AN

INSTITUTION

CO-ORDINATING AND UNITING

GUJARATI LITTERATEURS

AND

CONNOISSEURS

OF

LITERATURE, LANGUAGE AND CULTURE

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

CLAUSE 1 TITLE:

The name of the Institution shall be "GUJARATI LITERARY ACADEMY". (herinafter referred to as "THE ACADEMY").

CLAUSE 2 HEADQUARTERS:

Until the Academy requires a suitable place for its office and various activities, the residence of the Secretary General of the Academy shall be official Headquarters of the Academy.

CLAUSE 3 OBJECTS:

The objects of the Academy shall be to advance the Education of the public in Gujarati Literature, Language and Culture.

CLAUSE 4 POWERS:

As ancillary thereto and in furtherance of the above objects the Academy may administer the following powers.

(A) DIRECTIVE POWERS

(a) To encourage, promote and contribute to activities and variegated facets of creative and critical Gujarati Literature.

(b) To stimulate and arrange discussions on all aspects of Gujarati and non Gujarati Literature.

(c) To encourage, promote and organise activities and programmes for the betterment of Gujarati literary and linguistic self - consciousness.

(d) To publish outstanding Gujarati literary works created in the Western world through the Academy's journal, "ASMITA" and other appropriate means.

(e) To undertake and encourage amongst educationists, teachers, parents and community oragnisation, various activities to stimulate development of appropriate Gujarati linguistic resources.

(f) To advise and co-operate with educational and other local and national and governmental authorities as regards education in the Gujarati language.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

(B) ADMINISTRATIVE POWERS

(1) To provide a forum for the exchange of information through surveys, research, exhibitions, workshops, seminars and lectures.

(2) To create and advance understanding and appreciation of Gujarati literature, language, culture and all forms of arts.

(3) To promote the availability of Gujarati literature, created in the Western World through public libraries and other educational institutions.

(4) To promote translations into and from Gujarati literature and occidental languages.

(5) To arrange to publish and preserve books and manuscripts in Gujarati literature and language in various languages.

(6) To acquire, write, print, publish, issue and circulate gratuitously such papers, books, periodicals, pamphlets, other documents,films, recorded audio and visual tapes and cassettes.

(7) To establish and provide a research centre with printed literary works, manuscripts, pamphlets and periodicals and to disseminate the useful results of any research undertaken.

(8) To bestow awards, recognitions and honours as approriate to litterateurs, linguists and artists with outstanding achievements.

(9) To establish, develop and strengthen links with appropriate institutions and organisations in India and generally elsewhere.

(10) To act in a representative capacity and particpate in consultation with local, regional, national and international bodies with similar objects.

(11) To liaise with similar organisations and co-ordinate all such activities promoting Gujarati literature, language and culture.

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK)
and protected within the remit of UK and International copyright law

(12) To sponsor and organise public concerts, performances, exhibitions, conferences, seminars, workshops and other activities.

(13) To acquire, erect, establish, conduct, provide and manage centre or centres in furtherance of aforesaid objects.

(14) To affiliate to charitable organisations in order to promote the aforesaid objects.

(15) To undertake all such lawful things, as may be necessary for the attainment of the said objects, or any of them, or the implemantation of the provisions of the Constitution.

(C) FINANCIAL POWERS

(1) To solicit from individuals, Government departments, local authorities, other national and international literary and educational organisations, donations, gifts, contributions, legacies, grants, fees, subscriptions and movable and immovable property.

(2) Subject to such consents as may be required by law to acquire, manage, erect, lease, let, hire, mortgage any such property(ies) as appropriate.

(3) To raise, invest, re-invest, lend money or other financial securities as appropriate.

(4) To undertake, execute, manage or assist any trusts which may lawfully be undertaken, executed, managed or assisted by the Academy in accordance with rules and regulations as laid down in the Trusts Acts and Charities Acts at that time.

(5) To raise, spend and invest funds on any of the aforesaid directive, adminstrative or financial powers provided they are solely for the attainment of objects of the Academy and provided that the Academy shall not undertake any permanent trading activities in raising funds for its charitiable objects.

CLAUSE 5 RESTRICTION ON USE OF FUNDS AND PROPERTY

This material is under the copyright (c) of Gujarati Literary Academy (of UK) and protected within the remit of UK and International copyright law

The income and property of the Academy shall be applied solely towards the promotion of its objects as set forth in this Constitution and no portion thereof shall be paid or transferred, directly or indirectly, by way of dividend, bonus or otherwise howsoever by way of profit, to members of the Academy and no member of its Executive Committee shall be appointed to any office of the Academy paid by salary of fees or receive any remuneration or other benefit in money or money's worth from the Academy.

Provided that nothing herein shall prevent any payment in good faith in the Academy:-

(a) of reasonable and proper remuneration to any member, officer or servant of the Academy (not being a member of its Executive Committee) for any services rendered to the Academy;

